દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 232 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 September 2024, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ | ૬ | ૭ | ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કેન્દ્ર સરકારના કર્મચારીઓને દિવાળીની ભેટ: મોંઘવારી ભથ્થામાં વધારો




નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે અનઓર્ગેનાઇઝ્ડ સેક્ટર (અસંગઠિત ક્ષેત્ર)ના કર્મચારીઓ માટે વેરિએબલ ડિઅરનેસ એલાઉન્સ (વીડીએ)માં વધારો કરવાની જાહેરાત કરતા તેઓનો માસિક પગાર વધી જશે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું હતું કે વેરિએબલ ડિઅરનેસ એલાઉન્સમાંનો વધારો પહેલી ઑક્ટોબરથી અમલમાં આવશે.

દર વર્ષે બે વખત વેરિએબલ ડિઅરનેસ એલાઉન્સમાં ફેરફાર કરાય છે. અગાઉ, ચાલુ વર્ષના એપ્રિલમાં તેમાં સુધારો કરાયો હતો.

કર્મચારીઓના કૌશલ્યના આધારે - કૌશલ્ય વિનાના (અનસ્કિલ્ડ), ઓછા કૌશલ્યવાળા (સેમિ-સ્કિલ્ડ), કૌશલ્યવાળા (સ્કિલ્ડ) અને ઉચ્ચ કૌશલ્યવાળા (હાઇલી સ્કિલ્ડ) કર્મચારીઓ તરીકે તેમ જ ભૌગોલિક વિસ્તાર મુજબ તેઓનું વર્ગીકરણ કરાય છે અને તેઓનું વિભાજન 'એ', 'બી' અને 'સી' કેટેગરીમાં કરાય છે.

વેરિએબલ ડિઅરનેસ એલાઉન્સમાંના વધારાને લીધે બાંધકામ, સાફસફાઇ, માલસામાન ચઢાવવા - ઉતારવાનું કામ કરનારા કૌશલ્ય વિનાના એરિયા 'એ'માંના કર્મચારીઓનું લઘુતમ વેતન દૈનિક રૂપિયા ૭૮૩ અથવા માસિક રૂપિયા ૨૦,૩૫૮ થશે.

ઓછા કૌશલ્યવાળા (સેમિ-સ્કિલ્ડ) કર્મચારીઓનો લઘુતમ દૈનિક પગાર રૂપિયા ૮૬૮ અથવા માસિક રૂપિયા ૨૨,૫૬૮ થશે.

ક્લાર્ક અને શસ્ત્રો વિનાના ચોકિયાતોનો નવો લઘુતમ પગાર દૈનિક રૂપિયા ૯૫૪ અથવા માસિક રૂપિયા ૨૪,૮૦૪ થશે.

ઉચ્ચ કૌશલ્યવાળા (હાઇલી સ્કિલ્ડ) કર્મચારીઓ જેવા કે શસ્ત્રો સાથેના ચોકિયાતોનો લઘુતમ દૈનિક પગાર રૂપિયા ૧,૦૩૫ અથવા માસિક રૂપિયા ૨૬,૯૧૦ થશે.

અગાઉના છ મહિનાની સરેરાશ કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સના આધારે ઇન્ડસ્ટ્રિયલ વર્કર્સ (ઔદ્યોગિક કર્મચારીઓ)ના વેરિએબલ ડિઅરનેસ એલાઉન્સમાં ફેરફાર કરાય છે.

મોંઘવારીના આધારે કર્મચારીઓના પગાર પણ વધતા રહે તે માટે સરકાર વેરિએબલ ડિઅરનેસ એલાઉન્સમાં પહેલી એપ્રિલ અને પહેલી ઑક્ટોબરે ફેરફાર કરે છે.

પ્રસારમાધ્યમોએ સૂત્રોને ટાંકીને આપેલા અહેવાલ મુજબ કેન્દ્ર સરકાર કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં દિવાળીની પહેલાં ઑક્ટોબરમાં ત્રણથી ચાર ટકાનો વધારો જાહેર કરે એવી શક્યતા છે. આ વધારાને કારણે કેન્દ્ર સરકારના નવા (એન્ટ્રી-લેવલના) અને અંદાજે માસિક રૂપિયા ૧૮,૦૦૦ની બેઝિક સેલરી મેળવતા કર્મચારીઓના વેતનમાં માસિક રૂપિયા ૫૪૦થી રૂપિયા ૭૨૦નો વધારો થશે. આ પગારવધારાનો અમલ અગાઉથી એટલે કે ચાલુ વર્ષની પહેલી જુલાઇથી થશે. ■




## તમિળનાડુના નાયબ મુખ્ય પ્રધાન બન્યા ઉદયનિધિ

ચેન્નઇઃ તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટેલિને રવિવારે પોતાના પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યું હતું. તેમણે ઉદયનિધિને બઢતી આપીને રાજ્યના નાયબ (જુઓ પાનું ૨) ▶▶

## ચૂંટણી પહેલાં વડા પ્રધાનની મહારાષ્ટ્રને ₹ ૧૧,૨૦૦ કરોડના પ્રોજેક્ટની લહાણી

### અગાઉના શાસનની જૂની કાર્યપદ્ધતિ નાબૂદ કરી છેઃ મોદી

પુણેઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'નગર વિકાસ માટે આયોજન અને દીર્ઘદૃષ્ટિના અભાવ' બદલ અગાઉની સરકારોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે પૂણે મેટ્રો પ્રોજેક્ટ 'જૂની કાર્યપદ્ધતિ'માં આગળ વધ્યો ન હોત એટલે જ તેને નાબૂદ કરી હતી.

વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રૂ. ૧૧,૨૦૦ કરોડના પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરતાં મોદીએ જણાવ્યું હતું કે પુણે મેટ્રોના પ્રથમ તબક્કાની પૂર્ણાહુતિથી શહેરમાં ઈઝ ઓફ લિવિંગમાં સુધારો થશે. મોદીએ કહ્યું હતું કે જો જૂની કાર્યપદ્ધતિ અને અગાઉની સરકારોનો અભિગમ પ્રબળ હોત તો પુણે મેટ્રો પ્રોજેક્ટ ક્યારેય શરૂ ન થયો હોત. મહારાષ્ટ્રને નવા ઠરાવો અને મોટા લક્ષ્યોની જરૂર છે, તેમણે ઉમેર્યું હતું કે પુણેને શહેરી વિકાસના કેન્દ્રમાં રૂપાંતરિત કરવાની જરૂર છે. વધતી વસ્તીને કારણે શહેરની ગતિ ધીમી ન પડવી જોઈએ, પરંતુ તેની ક્ષમતામાં વધારો થવો જોઈએ.



પબ્લિક ટ્રાન્સપોર્ટને આધુનિક બનાવવામાં આવે અને કનેક્ટિવિટી સુધારવામાં આવે તો જ આવું થઈ શકે. આ મહાયુતિ સરકાર (મહારાષ્ટ્રમાં)નો અભિગમ છે, એમ તેમણે કહ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે પૂણેની આધુનિક જરૂરિયાતોને પૂરી કરવાનું કામ ઘણું વહેલું શરૂ થઈ જવું જોઈતું હતું. કમનસીબે અગાઉ નગર વિકાસ માટે દીર્ઘદૃષ્ટિ અને આયોજનનો અભાવ હતો. પ્રત્યેક પ્રોજેક્ટમાં વિલંબની જૂની કાર્યપદ્ધતિને કારણે (જુઓ પાનું ૨) ▶▶

## ઇઝરાયલના હુમલામાં હિઝબુલ્લાહનો વધુ એક કમાંડર માર્યો ગયો

જેરુસલેમઃ ઇઝરાયલના લશ્કરે રવિવારે દાવો કર્યો હતો કે અમે કરેલા હવાઇ હુમલામાં હિઝબુલ્લાહનો એક વધુ ઉચ્ચ અધિકારી (કમાંડર) માર્યો ગયો હતો.


ઇઝરાયલે જણાવ્યું હતું કે હિઝબુલ્લાહની સેન્ટ્રલ કાઉન્સિલનો નાયબ વડો નબીલ કૌક શનિવારના હુમલામાં માર્યો ગયો હતો. અગાઉ, ઇઝરાયલે હિઝબુલ્લાહના વડા હસન નસરલ્લાહને માર્યો હતો. ઇઝરાયલના લશ્કરે તાજેતરમાં કરેલા હુમલામાં લેબેનોનના આ ઉગ્રતાવાદી જૂથના અનેક અગ્રણી કમાંડર માર્યા ગયા હતા.

હિઝબુલ્લાહે વડા હસન નસરલ્લાહની સાથે અન્ય કમાંડર અલી કારાકી પણ માર્યો ગયો હોવાનું રવિવારે કબૂલ કર્યું હતું. વિવિધ સ્થળે તાજેતરમાં પેજર અને વોકી-ટોકીની મદદથી કરાયેલા વિસ્ફોટમાં હિઝબુલ્લાહના અસંખ્ય ત્રાસવાદી માર્યા ગયા હતા. આ ધડાકા ઇઝરાયલે કરાવ્યા (જુઓ પાનું ૨) ▶▶

## નેપાળમાં ભારે વરસાદથી તબાહીઃ મૃત્યાંક વધીને ૧૪૮નો થયો

કાઠમંડુ : નેપાળમાં સતત મુશળધાર વરસાદે તબાહી મચાવી છે, જેમાં વરસાદ બાદ આવેલા પૂરને કારણે અત્યાર સુધીમાં ૧૪૮, લોકોનાં મોત થયા છે. શુક્રવારથી વરસાદને કારણે નેપાળના ઘણા ભાગોમાં પાણી ભરાઈ ગયા છે. જેના કારણે ડિઝાસ્ટર અધિકારીઓએ પૂરની ચેતવણી જાહેર કરી છે. પૂરથી પ્રભાવિત લોકોને સલામત સ્થળે મોકલવામાં આવી રહ્યા છે. આ બધાની વચ્ચે નેપાળના શિક્ષણ મંત્રાલયે મુશળધાર વરસાદને કારણે સર્જાયેલી અરાજકતાને ધ્યાનમાં રાખીને તમામ શૈક્ષણિક સંસ્થાઓને ત્રણ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય લીધો છે.

નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર, સતત વરસાદને કારણે અત્યાર સુધીમાં ૧૪૮ લોકોનાં મોત થયા છે. ઘણા લોકો હજુ પણ ગુમ છે અને તેમની શોધ ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૩,૦૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અધિકારીએ જણાવ્યું કે, દેશભરમાં ૬૩ સ્થળોએ મુખ્ય રાજમાર્ગો અવરોધિત છે. વરસાદના કારણે નેપાળમાં હજારો લોકો સુરક્ષિત સ્થળોએ વિસ્થાપિત થયા છે. રસ્તાઓ, વિસ્તારો, દુકાનો અને સંસ્થાઓમાં ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા છે. રસ્તાઓ પાણીમાં ડૂબી જવાના કારણે વાહનવ્યવહાર પણ બંધ થઈ ગયો છે. સેંકડો મકાનોને નુકસાન થયું છે. કાર અને મકાનો પાણીમાં ડૂબી ગયા છે. નેપાળ (જુઓ પાનું ૨) ▶▶






LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈલેક્ટોરલ બોન્ડના કેસમાં નિર્મલાને કંઈ નહીં થાય

**દેશની** સુપ્રીમ કોર્ટે જેને લોકસભાની ચૂંટણી પહેલાં ગેરકાયદેસર અને ગેરબંધારણીય ગણાવીને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત કરેલા ઈલેક્ટોરલ બોન્ડનો મુદ્દો ફરી ગાજ્યો છે. બેન્ગલૂરુની એક કોર્ટે નાણાં મંત્રી નિર્મલા સીતારમણ સામે એફઆઈઆર નોંધવાનું ફરમાન કર્યું છે. આ ફરિયાદ નિર્મલા સીતારમણે કેન્દ્રીય એજન્સીઓની મદદથી કંપનીઓ અને ધનિકોને ઈલેક્ટોરલ બોન્ડ લેવા ફરજ પાડી હોવાના આક્ષેપના સંદર્ભમાં કરાઈ છે એ મહત્ત્વનું છે.

બેન્ગલૂરુની એક સંસ્થાએ કોર્ટમાં વિશેષ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ સામે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા બળજબરીથી વસૂલી કરવાનો આક્ષેપ કરતી અરજી કરી હતી. જનઅધિકાર સંઘર્ષ પરિષદ (JSP) નામની સંસ્થાની અરજીને માન્ય રાખીને બેન્ગલૂરુની વિશેષ કોર્ટે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ સામે એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે.

જન અધિકાર સંઘર્ષ પરિષદના આદર્શ અય્યરે બેન્ગલૂરુમાં પોલીસ ફરિયાદ દાખલ કરીને કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ સામે ખંડણીખોરી બદલ કેસ નોંધવા વિનંતી કરેલી પણ પોલીસે અરજીને ના ગણકારતાં અય્યર કોર્ટમાં ગયેલા. અય્યરે કોર્ટને નિર્મલા સીતારામાન સામે પગલાં લેવાનો આદેશ આપવાની માગણી કરી હતી. કોર્ટે આ અરજી સ્વીકારી છે અને બેન્ગલૂરુના તિલકનગર પોલીસ સ્ટેશનને નિર્મલા સીતારમણ સામે એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે.

જનઅધિકાર સંઘર્ષ પરિષદે એપ્રિલમાં કોર્ટમાં કરેલી અરજીમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ઈડીના અધિકારીઓ ઉપરાંત બીજી કેન્દ્રીય એજન્સીઓના અધિકારીઓ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સહિતના ભાજપના રાષ્ટ્રીય નેતાઓ, ભાજપના કર્ણાટકના તત્કાલીન પ્રદેશ પ્રમુખ નલિન કુમાર કાતિલ અને હાલના પ્રદેશ પ્રમુખ બી.વાય. વિજયેન્દ્ર વિરુદ્ધ કેસ નોંધવા માટે અરજી કરી હતી.

આ અરજીમાં દાવો કરાયેલો કે, ઈડી સહિતની એજન્સીઓ દ્વારા દરોડા પડાવીને એપ્રિલ ૨૦૧૯થી ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં ઉદ્યોગપતિ અનિલ અગ્રવાલની કંપની વેદાંતા પાસેથી અંદાજે ૨૩૦ કરોડ રૂપિયા અને અરબિંદો ફાર્મા પાસેથી ૪૯ કરોડ રૂપિયા ચૂંટણી બોન્ડ દ્વારા વસૂલવામાં આવ્યા હતા. આ એક પ્રકારની ખંડણીખોરી જ છે તેથી નિર્મલા સીતારમણ સહિતનાં લોકો સામે ખંડણીખોરીની ફરિયાદ નોંધવી જોઈએ.

શુક્રવારે આ અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને તેમાં કોર્ટે હાલ તો નિર્મલા સીતારમણ સામે કેસ નોંધવા આદેશ આપ્યો છે. આ કેસમાં હવે આગામી સુનાવણી ૧૦ ઓક્ટોબરે થવાની છે અને એ વખતે કોર્ટ બીજા કોઈની સામે પગલાં લેવા કહે છે કે નહીં તેની ખબર પડશે પણ નિર્મલા સીતારમણ જ બહુ મોટું નામ છે તેથી આ આદેશના પડઘા આખા દેશમાં પડ્યા છે. બીજા કોઈની સામે કાર્યવાહી થાય કે ના થાય પણ નિર્મલા સામે એફઆઈઆર નોંધાય એ ઘટના મોટી છે તેથી આ કેસ મહત્ત્વનો બની ગયો છે.

નિર્મલા સામે એફઆઈઆરના કારણે કેસ મહત્ત્વનો ભલે બની ગયો પણ આ કેસમાં દમ નથી. પોલીસ એફઆઈઆર નોંધીને શું કરશે એ ખબર નથી પણ માત્ર આક્ષેપ કરવાથી કશું સાબિત થતું નથી. અરજદારે કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરીને નિર્મલા સીતારામને ઈલેક્ટોરલ બોન્ડ ખરીદવાની ફરજ પાડી એવો આક્ષેપ કર્યો છે એ સાચો હોઈ શકે છે. બલ્કે મોટા ભાગનાં લોકો જાણે છે કે, ઈલેક્ટોરલ બોન્ડના નામે આ જ ધંધો થયો પણ આ વાત સાબિત કરવી અઘરી છે. કઈ કંપની કે ધનિક કોર્ટમાં આવીને એવું કહેશે કે, કેન્દ્રીય એજન્સીઓએ અમને ઈલેક્ટોરલ બોન્ડ ખરીદવાની ફરજ પાડી હતી ? આ દેશમાં હજુય નરેન્દ્ર મોદીની સરકાર છે અને કેન્દ્રીય એજન્સીઓ હજુય તેમના તાબા હેઠળ કામ કરે છે એ જોતાં તેમની સામે પડવાની હિંમત કોઈ બતાવે એવી શક્યતા નહિવત્ છે. માનો કે કોઈ એવો ભડ નિકળી આવે તો પણ નિર્મલા સીતારમણના ઈશારે બોન્ડ ખરીદવાની ફરજ પડાઈ હતી એ વાત સાબિત થાય એમ જ નથી. આ સંજોગોમાં નિર્મલા સામેના કેસમાં કશું થવાની આશા રાખવા જેવી નથી.

જો કે આ કેસ રાજકીય રીતે બહુ મોટો મુદ્દો બની શકે છે અને તેની શરૂઆત થઈ જ ગઈ છે. નિર્મલા સામે એફઆઈઆર નોંધવાનો કોર્ટે આદેશ આપ્યો એવા સમાચાર બહાર આવ્યા પછી કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધરામૈયાએ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની માંગ કરી છે. સિદ્ધરામૈયા હમણાં મૈસુરમાં સરકારી જમીનમાં ભ્રષ્ટાચારને લગતા કેસમાં ફસાયેલા છે. ભાજપે આ મુદ્દો જોરશોરથી ચગાવ્યો છે અને ઉગ્ર દેખાવો કરી રહ્યો છે.

સિદ્ધરામૈયાએ ઈલેક્ટોરલ બોન્ડના બહાને કટાક્ષ કર્યો છે કે, કર્ણાટક ભાજપના નેતાઓ સીતારમણના રાજીનામા માટે ક્યારે પ્રદર્શન અને કૂચ કરશે? સિધ્ધરામૈયાના કહેવા પ્રમાણે, ઈલેક્ટોરલ બોન્ડના ભ્રષ્ટાચારની નિષ્પક્ષ તપાસ થાય તો મોદી અને કુમારસ્વામીએ પણ રાજીનામું આપવું પડે એમ છે. સિધ્ધરામૈયાના પગલે બીજા વિપક્ષી નેતા પણ મચી પડ્યા છે એ જોતાં ઈલેક્ટોરલ બોન્ડનો મુદ્દો ફરી ગાજશે તેમાં શંકા નથી.

આ મુદ્દો રાજકીય રીતે બીજાં કારણસર પણ મહત્ત્વનો છે. ભાજપે પોતાના દસ વર્ષના શાસનમાં પોતાની સત્તા છે એ રાજ્યોમાં કોંગ્રેસ અને બીજા વિપક્ષી નેતાઓ સામે સાવ વાહિયાત કારણોસર ફરિયાદો નોંધીને તેમને દોડતા કરવાનો ખેલ કરેલો. રાગુલ ગાંધી અને તેજસ્વી યાદવ સામે ગુજરાતમાં માનહાનિની ફરિયાદ નોંધી દેવાઈ ને રાહુલને દોષિત ઠેરવીને સાંસદપદ પણ છિનવી લેવાયેલું.

બીજા ઘણા નેતાઓ સામે આ ખેલ થયેલો ને રીતસરની રાજકીય કિન્નાખોરી બતાવાયેલી. હવે કોંગ્રેસ ભાજપને તેની જ દવાનો ડોઝ આપી રહ્યો છે. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર છે અને કોર્ટે બેન્ગલૂરુ પોલીસને નિર્મલા સીતારમણ સામે ફરિયાદ નોંધવાનો આદેશ આપ્યો એ રાજકીય બદલો જ છે પણ કોંગ્રેસને તેના માટે દોષિત ઠેરવી શકાય તેમ નથી. જેવું કરો એવું ભરો એ નિયમ ભાજપને પણ લાગુ પડે જ છે.

વિપક્ષો આ મુદ્દાનો કઈ રીતે ઉપયોગ કરશે એ ખબર નથી પણ ભાજપે ઈલેક્ટોરલ બોન્ડના માધ્યમથી દેશના બંધારણની ઐસીતૈસી કરી નાંખેલી તેમાં શંકા નથી. આ વાત સુપ્રીમ કોર્ટે પોતે કહી હતી. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સુપ્રીમ કોર્ટે તાત્કાલિક અસરથી ઈલેક્ટોરલ બોન્ડ યોજના પર પ્રતિબંધ મૂક્યો ત્યારે સાફ શબ્દોમાં કહેલું કે, આ યોજના ગેરબંધારણીય છે. બોન્ડની ગુપ્તતા જાળવવી એ માહિતીના અધિકારનું ઉલ્લંઘન હોવાથી આ યોજના ગેરબંધારણીય છે.

ભાજપ એ છતાં ઈલેક્ટોરલ બોન્ડનો બચાવ કરતો રહ્યા ને નિર્મલાએ તો હુંકાર કરેલો કે, અમે સત્તામાં આવીશું તો ફરી ઈલેક્ટોરલ બોન્ડ પાછા લાવીશું. નિર્મલા હવે કોર્ટમાં કેવો હુંકાર કરે છે એ જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**(ઉત્તરાયણ સૌર શરદઋતુ), સોમવાર, તા. ૩૦-૯-૨૦૨૪,**
**તેરસનું શ્રાદ્ધ, શિવરાત્રિ**

- ભારતીય દિનાંક ૮, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૮, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : સવારે ક. ૧૦-૫૦, રાત્રે ક. ૨૩-૦૭
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૬ મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૩ (તા. ૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ‘‘રાક્ષસ’’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘‘ક્રોધી’’ નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - ત્રયોદશી. શિવરાત્રિ, તેરસનું શ્રાદ્ધ, નાના બાળકોનું શ્રાદ્ધ. કલિયુગાદિ, વિષ્ટિ ક. ૧૯-૦૦થી, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- મુહૂર્ત વિશેષઃ શિવરાત્રિ પર્વ હોઈ વિશેષરૂપે આજે શિવરુદ્રાભિષેક, શિવભક્તિ, રાત્રિ જાગરણનો મહિમા છે. ચંદ્ર-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, ખાખરાના વૃક્ષનું પૂજન, માલ વેંચવો, ખેતીવાડી, સ્થાવર લેવડદેવડ,પશુ-લે-વેંચના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વિશેષરૂપે મહાલક્ષ્મી માતાની પૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત અભિષેક, મહાલક્ષ્મી મંદિરમાં કમળના ફલ અર્પણ કરવા.
- શ્રાદ્ધ પર્વઃ આજ રોજ કલિયુગાદિ તિથિ હોઈ તર્પણનો મહિમા પણ અધિક છે. તેરસ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. તેરસનું શ્રાદ્ધ આયુષ્યમાં વૃદ્ધિ આપે છે. શ્રાદ્ધ વિધિ આળસ કર્યા વગર બ્રાહ્મણ દ્વારા વિધિ સહિત કરાવવાની તત્પરતા દાખવીએ તો શ્રાદ્ધનો મર્મ, મહિમા જળવાઈ રહે છે. શ્રાદ્ધમાં અન્નદાન, ભોજન એ આવશ્યક કર્મ છે.
- આચમનઃમંગળ-શનિ ત્રિકોણ દૃઢ નિશ્ચયી, ચંદ્ર-શનિ પ્રતિયુતિ મતલબી, સૂર્ય-બુધ યુતિ ગણતરીબાજ.
- ખગોળ જ્યોતિષઃ મંગળ-શનિ ત્રિકોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, સૂર્ય-બુધ યુતિ (તા. ૧)
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# પ્રયાગરાજથી નાગપુર જતી બસનો મધ્ય પ્રદેશમાં અકસ્માતઃ નવનાં મોત, ૨૩ ઘાયલ

મૈહર : મધ્ય પ્રદેશના મૈહર પાસે મુસાફરોથી ભરેલી બસને અકસ્માત નડ્યો હતો. મળતી માહિતી મુજબ બસ ખૂબ જ સ્પીડમાં હતી અને રોડના કિનારે ઊભેલી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં નવ મુસાફરના મોત થયા છે. લગભગ ૨૩ મુસાફર ઘાયલ થયા હોવાનું કહેવાય છે. મૃત્યુઆંક હજુ વધી શકે છે. આ બસ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજથી નાગપુર જઈ રહી હતી. આ અકસ્માત નાદન દેહાત પોલીસ સ્ટેશન વિસ્તારમાં મૈહર પાસે નેશનલ હાઈવે ૩૦ પર થયો હતો.

મળતી માહિતી મુજબ, આભા ટ્રાવેલ્સની સ્લીપર બસ શનિવારે રાત્રે ૧૧ વાગ્યે પ્રયાગરાજથી નાગપુર જઈ રહી હતી. નેશનલ હાઈવે ૩૦ પર એક ટ્રક રોડની કિનારે ઊભી હતી. બસ સ્પીડમાં હતી ત્યારે બસ ટ્રક સાથે અથડાઈ હતી. સ્પીડ વધુ હોવાને કારણે બસની અડધી ચેસીસ અને બોડીના ટુકડા થઈ ગયા હતા. અકસ્માત બાદ મુસાફરો બસની અંદર ફસાઈ ગયા હતા. જેસીબી અને ગૅસ કટરની મદદથી મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા.

બસની કેબિન અને આગળની સીટ પર બેઠેલા મુસાફરો અકસ્માતની ઝપેટમાં આવી ગયા હતા. છ મુસાફરના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મોડી રાત્રે એમ્બ્યુલન્સની મદદથી અન્ય મુસાફરોને તાકીદે અમરપાટણ અને મેહરની હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. હવે મૃત્યુઆંક વધીને નવ થયો છે. આ અકસ્માતમાં ૨૩ મુસાફરો ઘાયલ થયા છે. બે કલાકથી વધુ સમય સુધી બચાવ કામગીરી ચાલુ રહી હતી.

મૈહરના પોલીસ અધિક્ષક સુધીર અગ્રવાલે કહ્યું કે એવી માહિતી છે કે આ બસ પ્રયાગરાજથી નાગપુર જઈ રહી હતી, જ્યારે આ બસ દેહાત પોલીસ સ્ટેશન વિસ્તારની આગળ આવી ત્યારે તે પથ્થરોથી ભરેલી ટ્રક સાથે અથડાઈ હતી. બસનો આગળનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયો છે. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં લગભગ ૨૩ લોકો ઘાયલ થયા છે. એવી માહિતી છે કે હૉસ્પિટલમાં દાખલ ઘાયલોમાંથી વધુ ત્રણનાં મોત થયા છે. ■

# પીએમ મોદીએ મન કી બાત કાર્યક્રમમાં કર્યો તહેવારોનો ઉલ્લેખ, કહ્યું જે પણ ખરીદો મેડ ઇન ઈન્ડિયા હોવું જોઇએ

નવી દિલ્હીઃ પીએમ મોદીએ (PM Modi) મન કી બાત કાર્યક્રમમાં કહ્યું કે તેના શ્રોતાઓ આ કાર્યક્રમના અસલી સૂત્રધાર છે. એક સામાન્ય માન્યતા છે કે જ્યાં સુધી મસાલેદાર અને નકારાત્મક વિષયો ન હોય ત્યાં સુધી લોકોનો પ્રતિભાવ નથી મળતો, પરંતુ મન કી બાતે સાબિત કર્યું કે લોકોને સકારાત્મક વસ્તુઓ ગમે છે.

પીએમે કહ્યું કે મારા માટે મન કી બાત મંદિરમાં જઈને ભગવાનના દર્શન કરવા જેવું છે. PM એ કહ્યું કે તેઓ એવા લોકોનો આભાર માનવા માગે છે જેઓ મન કી બાતને દરેક ઘર સુધી લઈ ગયા. પીએમ મોદીએ કાર્યક્રમમાં મેક ઇન ઈન્ડિયા અભિયાનનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ધ્યાન રાખજો જે પણ ખરીદો મેડ ઈન ઈન્ડિયા હોવું જોઇએ.

પીએમ મોદીએ કહ્યું કે આ મહિને મેક ઈન ઈન્ડિયા અભિયાનને પણ ૧૦ વર્ષ પૂર્ણ થયા. આ અભિયાનની સફળતામાં મોટા ઉદ્યોગોથી લઈને દેશના નાના દુકાનદારોનું યોગદાન સામેલ છે.

ગરીબો, મધ્યમ વર્ગ અને MSME ને આ અભિયાનનો ઘણો લાભ મળી રહ્યો છે. મન કી બાતમાં અમે માય પ્રોડક્ટ માય પ્રાઇડ વિશે પણ ચર્ચા કરી છે. સ્થાનિક ઉત્પાદનોને પ્રમોટ કરવાથી દેશની જનતાને કેટલો ફાયદો થાય છે તે ઉદાહરણથી સમજી શકાય છે.

આ તહેવારોની સિઝનમાં તમારે જૂનો સંકલ્પ યાદ કરવો પડશે. તમે જે પણ ખરીદો છો, તે મેડ ઈન ઈન્ડિયા હોવું જોઈએ, જે કંઈ પણ ગિફ્ટ કરો છો, તે પણ મેડ ઈન ઈન્ડિયા હોવું જોઈએ. માત્ર માટીના દીવા ખરીદવા એ જ લોકલ ફોર વોકલ નથી.

પીએમ મોદીએ કહ્યું કે દેશના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. આ વરસાદી મોસમ આપણને યાદ અપાવે છે કે ‘જળ સંરક્ષણ’ કેટલું મહત્ત્વનું છે. વરસાદના દિવસોમાં બચાવેલ પાણીની કટોકટીના મહિનામાં ઘણી મદદ કરે છે. અને આ કેચ ધ રેઈન જેવી ઝુંબેશની ભાવના છે.

પીએમે કહ્યું કે અમારી ‘મન કી બાત’ની સફર ૧૦ વર્ષ પૂર્ણ કરી રહી છે. ૧૦ વર્ષ પહેલા ૩જી ઑક્ટોબરે વિજયાદશમીના દિવસે ‘મન કી બાત’ શરૂ કરવામાં આવી હતી અને આ એક પવિત્ર સંયોગ છે કે આ વર્ષે ૩જી ઑક્ટોબરે ‘મન કી બાત’ના ૧૦ વર્ષ પૂર્ણ થશે. નવરાત્રિનો પ્રથમ દિવસ. તેણે કહ્યું કે જ્યારે હું ‘મન કી બાત’ માટે મળેલા પત્રો વાંચું છું ત્યારે મારું હૃદય પણ ગર્વથી ભરાઈ જાય છે.

પીએમએ કહ્યું કે આ કાર્યક્રમ ૧૨ વિદેશી ભાષાઓની સાથે દેશની ૨૨ ભાષાઓમાં સાંભળી શકાશે. મને તે ગમે છે જ્યારે લોકો કહે છે કે તેઓએ તેમની સ્થાનિક ભાષામાં મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો હતો.

કાર્યક્રમ પર આધારિત ક્વિઝ કોમ્પિટિશન પણ ચાલી રહી છે, જેમાં કોઈપણ ભાગ લઈ શકે છે, મુલાકાત લઈને તમે આ સ્પર્ધામાં ભાગ લઈ શકો છો અને ઈનામો પણ જીતી શકો છો.

પીએમે કહ્યું કે થોડા દિવસોમાં તહેવારોની સિઝન શરૂ થવા જઈ રહી છે. તેની શરૂઆત નવરાત્રિથી થશે, ત્યારબાદ આગામી બે મહિના સુધી પૂજા-પાઠ, ઉપવાસ, ઉત્સવો અને આનંદ થશે. આગામી તહેવારો માટે હું બધાને અભિનંદન આપું છું. ■

# આઇફા ઍવૉર્ડ્સઃ શાહરૂખ ખાન સર્વશ્રેષ્ઠ અભિનેતા, ‘એનિમલ’ને મળ્યો સર્વશ્રેષ્ઠ ફિલ્મનો ઍવૉર્ડ

યાસ આઇલેન્ડ (અબુ ધાબી): અબુ ધાબીના યાસ આઇલેન્ડમાં આયોજિત ‘ઇન્ટરનેશનલ ઇન્ડિયન ફિલ્મ એકેડમી એવોર્ડ્સ ૨૦૨૪’ (આઇફા)માં અભિનેતા શાહરૂખ ખાનને ફિલ્મ ‘જવાન’ માટે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ આપવામાં આવ્યો હતો જ્યારે રણબીર કપૂરની ફિલ્મ ‘એનિમલ’ને સર્વશ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. શાહરૂખે અભિનેતા વિકી કૌશલ અને ફિલ્મ નિર્માતા કરણ જોહર સાથે મળીને શનિવારે આઈફા એવોર્ડ સમારોહને હોસ્ટ કર્યો હતો.

શાહરૂખ ખાનની ફિલ્મ ‘દિલ સે...’ના દિગ્દર્શક મણિરત્નમ અને સંગીતકાર એ.આર. રહેમાને અભિનેતાને એવોર્ડ આપ્યો હતો. શાહરૂખે એવોર્ડ મેળવતા પહેલા મણિરત્નમના ચરણસ્પર્શ કર્યા હતા. અભિનેત્રી રાની મુખર્જીને ફિલ્મ ‘મિસિસ ચેટર્જી વર્સિસ નોર્વે’માં તેની ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. સિંગર શિલ્પા રાવને ફિલ્મ ‘જવાન’ના ગીત ‘ચલેયા’ માટે બેસ્ટ પ્લેબેક સિંગર (મહિલા)નો એવોર્ડ મળ્યો હતો.

આઈફા એવોર્ડ્સમાં ફિલ્મ નિર્માતા વિધુ વિનોદ ચોપરાને તેમની ફિલ્મ ‘ટવેલ્થ ફેઈલ’ માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ મળ્યો હતો. સંદીપ રેડ્ડી વાંગા દ્વારા દિગ્દર્શિત ‘એનિમલ’ માટે અભિનેતા અનિલ કપૂરને શ્રેષ્ઠ સહાયક અભિનેતા અને બોબી દેઓલને બેસ્ટ નેગેટીવ રોલ કેટેગરીમાં એવોર્ડ મળ્યો હતો.

એવોર્ડ મળ્યા બાદ દેઓલે ફિલ્મ ‘એનિમલ’ના ગીત ‘જમાલ કુડુ’ પર ડાન્સ પણ કર્યો હતો. યાસ આઈલેન્ડમાં યોજાયેલા આઈફા એવોર્ડ્સમાં રણબીર કપૂરે હાજરી આપી ન હતી. ફિલ્મ ‘એનિમલ’માં સંગીત નિર્દેશન માટે પ્રિતમ, વિશાલ મિશ્રા, મનન ભારદ્વાજ, શ્રેયસ પુરાણિક, જાની, ભૂપિન્દર બબ્બલ, આશિમ કેમસન, હર્ષવર્ધન રામેશ્વરને પણ એવોર્ડ આપવામાં આવ્યા હતા.

ભૂપિન્દર બબ્બલને ફિલ્મ ‘એનિમલ’ના ગીત ‘અર્જન વેલી’ માટે શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (પુરુષ)નો એવોર્ડ મળ્યો હતો અને ‘સતરંગા’ ગીત માટે તેમને શ્રેષ્ઠ ગીતકારનો એવોર્ડ પણ મળ્યો હતો. કરણ જોહર દ્વારા નિર્દેશિત ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’ને પણ એવોર્ડ મળ્યો છે.

ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’માં મુખ્ય અભિનેત્રી આલિયા ભટ્ટની દાદીની ભૂમિકા ભજવનાર અભિનેત્રી શબાના આઝમીને પણ આઈફા એવોર્ડમાં શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો જ્યારે લેખિકા ઈશિતા મોઈત્રા, શશાંક ખેતાન, સુમિત રોયને સર્વશ્રેષ્ઠ વાર્તા માટે એવોર્ડ અપાયો હતો.

દિગ્ગજ અભિનેત્રી-નેતા હેમા માલિનીને ભારતીય સિનેમામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ ‘આઉટસ્ટેન્ડિંગ એચિવમેન્ટ’ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અભિનેત્રી અલીઝેહ અગ્નિહોત્રીને બેસ્ટ ડેબ્યૂ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો, જ્યારે કરણ બુલાનીને તેની ફિલ્મ ‘થેન્ક યુ ફોર કમિંગ’ માટે બેસ્ટ ડેબ્યૂ ડિરેક્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ■

# જસ્ટિસ મનમોહન બન્યા દિલ્હી હાઈ કોર્ટના વડા ન્યાયમૂર્તિ

નવી દિલ્હી : જસ્ટિસ મનમોહને રવિવારે દિલ્હી વડી અદાલતના વડા ન્યાયમૂર્તિ તરીકે સોગંદ લીધા હતા. ઉપ રાજ્યપાલ વિનલ કુમાર સક્સેનાએ તેમના સચિવાલય રાજ નિવાસમાં એક સમારોહમાં ૬૧ વર્ષના જજને સોગંદ લેવડાવ્યા હતા. સમારોહમાં દિલ્હીનાં મુખ્ય પ્રધાન આતિશી સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. તત્કાલીન વડા ન્યાયમૂર્તિ સતીશ ચંદ્ર શર્માને સુપ્રીમ કોર્ટમાં બઢતી મળતાં જસ્ટિસ મનમોહન નવ નવેમ્બર, ૨૦૨૩થી કાર્યવાહક વડા ન્યાયમૂર્તિ નિમાયા હતા.

જસ્ટિસ મનમોહન જાણીતા અમલદારમાંથી રાજકારણી બનેલા દિવંગત જગમોહનના પુત્ર છે. તેમના પિતા જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ અને દિલ્હીના ઉપ રાજ્યપાલ રહી ચૂક્યા છે. ૧૧ જુલાઈએ સુપ્રીમ કોર્ટની કોલેજિયમે ભલામણ કરી હતી કે ૧૬ ડિસેમ્બરે નિવૃત્ત થનારા જગમોહનને દિલ્હી વડી અદાલતના વડા ન્યાયમૂર્તિ બનાવવામાં આવે. કેન્દ્ર સરકારે ૨૧ સપ્ટેમ્બરે આ ભલામણને બહાલ કરી હતી. (એજન્સી)■

# સીરિયા પર અમેરિકાનો હવાઈહુમલો, ૩૭ આતંકવાદી ઠાર

બૈરૂત : અમેરિકાના સીરિયા પરના બે હવાઈહુમલામાં આતંકવાદી ઈસ્લામિક સ્ટેટ ગ્રૂપ અને અલ કાયદા સાથે સંકળાયેલા જૂથના ૩૭ આતંકવાદીઓ માર્યા ગયા હતા. અમેરિકાના લશ્કરે કહ્યું હતું કે માર્યા ગયેલાઓમાં બે વરિષ્ઠ આતંકવાદી હતા. અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે કહ્યું હતું કે અમે અલ કાયદા સાથે કડી ધરાવતા હુરાસ અલ-દીન ગ્રૂપના સિનિયર આતંકવાદી અને બીજા આઠને લક્ષ્ય બનાવીને વાયવ્ય સીરિયા પર હવાઈ હુમલા કર્યા હતા. આ આતંકવાદી લશ્કરી ઓપરેશન સંભાળતો હતો. અમેરિકાએ આ મહિનાની શરૂઆતમાં ૧૬ સપ્ટેમ્બરે મધ્ય સીરિયાના અંતરિયાળ સ્થળમાં એક આઈએસ ટ્રેનિંગ કેમ્પ પર હુમલો કરીને ૨૮ લડાયકોને મારી નાખ્યા હતા. આમાં સીરિયાના ચાર નેતાનો સમાવેશ થાય છે. અમેરિકાએ નિવેદનમાં કહ્યું હતું કે આ હવાઈ હુમલાથી આઈએસઆઈએસની અમેરિકા, તેના સાથીદારો અને ભાગીદારોના હિત પર હુમલો કરવાની ક્ષમતા ઘટશે. સીરિયામાં અમેરિકાના ૯૦૦ દળ અને ન જણાવેલા કૉન્ટ્રેક્ટર આતંકવાદી આઈએસ જૂથના પુનરાગમનના પ્રયાસને અટકાવી રહ્યા છે, આ જૂથ ૨૦૧૪માં ઈરાક અને સીરિયા મારફતે પગપેસારો કર્યો હતો અને સીમાનો મોટો ભાગ પર અંકુશ જમાવ્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### ચૂંટણી પહેલાં વડા પ્રધાનની

દેશ અને રાજ્યને ઘણું નુકસાન વેઠવું પડ્યું હતું. પુણે મેટ્રો પ્રોજેક્ટની કલ્પના ૨૦૦૮માં કરવામાં આવી હતી, પરંતુ અમે ૨૦૧૬માં પાયો નાખ્યો હતો અને હવે તે વિસ્તરી રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું. અગાઉની સરકાર આઠ વર્ષમાં મેટ્રો પ્રોજેક્ટનો એક પિલર પણ લગાવી શકી ન હતી, એમ તેમણે જણાવ્યું હતું.

વિકાસને પ્રાથમિકતા આપવાની જરૂર છે અને જ્યારે તેમાં વિરામ આવે છે ત્યારે મહારાષ્ટ્ર ભોગવે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મોદીએ કહ્યું હતું કે, મુખ્ય પ્રધાન તરીકે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના માર્ગમાં આવતા તમામ અવરોધો દૂર કર્યા છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ પર આધારિત હોવું જોઈએ અને જ્યારે ભવિષ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થાય ત્યારે તેનો લાભ સમાજના દરેક વર્ગને મળવો જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું.

પુણેના ભીડેવાડા ખાતે ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફુલેની પ્રથમ કન્યા શાળા માટે સ્મારકનો શિલાન્યાસ કરનારા મોદીએ કહ્યું કે વારસાને જાળવી રાખવાની સાથે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવું જોઈએ.

મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્વારગેટથી ડિસ્ટ્રિક્ટ કોર્ટ સુધી પુણે મેટ્રોના અંડરગ્રાઉન્ડ સેક્શનના ઉદ્ઘાટન ટ્રેનને પણ લીલી ઝંડી બતાવી હતી. વિકસિત ભારતનું ‘શિખર’ હાંસલ કરવા માટે આપણે ઘણા તબક્કાઓ પાર કરવાના છે, એમ તેમણે કહ્યું હતું. મોદીએ આશરે રૂ. ૨,૯૫૫ કરોડના ખર્ચે વિકસાવવામાં આવનાર પુણે મેટ્રો ફેઝ-૧ના સ્વારગેટ-કાત્રજ એક્સ્ટેંશનનો શિલાન્યાસ પણ કર્યો હતો. લગભગ ૫.૪૬ કિમીનું આ દક્ષિણ વિસ્તાર માર્કેટ યાર્ડ, પદ્માવતી અને કાત્રજ નામના ત્રણ સ્ટેશનો સાથે સંપૂર્ણપણે ભૂગર્ભમાં છે. વડા પ્રધાને રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમ હેઠળ ૭,૮૫૫ એકર વિસ્તારને આવરી લેતી પરિવર્તનશીલ પ્રોજેક્ટ બિડકિન ઇન્ડસ્ટ્રિયલ એરિયાનું પણ ઉદ્ઘાટન કર્યું. તે છત્રપતિ સંભાજીનગરથી ૨૦ કિમી દક્ષિણે આવેલું છે. દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર હેઠળ વિકસિત આ પ્રોજેક્ટ મરાઠવાડા ક્ષેત્રમાં વાઈબ્રન્ટ ઈકોનોમિક હબ તરીકે અપાર સંભાવનાઓ ધરાવે છે. કેન્દ્ર સરકારે ત્રણ તબક્કામાં વિકાસ માટે ૬,૪૦૦ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. મોદીએ સોલાપુર એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું જે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે, સોલાપુરને પ્રવાસીઓ, વેપારી પ્રવાસીઓ અને રોકાણકારો માટે વધુ સુલભ બનાવશે. સોલાપુરના હાલના ટર્મિનલ બિલ્ડિંગને વાર્ષિક આશરે ૪.૧ લાખ મુસાફરોને સેવા આપવા માટે નવીનીકરણ કરવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

### તમિળનાડુના નાયબ મુખ્ય પ્રધાન

મુખ્ય પ્રધાન બનાવ્યા હતા.

પ્રધાનમંડળના વિસ્તરણમાં સૌથી વધુ આશ્ચર્યજનક વાત એ હતી કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) દ્વારા કરાયેલી ધરપકડને પગલે રાજીનામું આપનારા સેન્તિલ બાલાજીનો પ્રધાનમંડળમાં ફરી સમાવેશ કરાયો હતો.

સેન્તિલ બાલાજી ઉપરાંત ડૉ. ગોવી ચેઝીઆન, આર. રાજેન્દ્રન અને એસ. એમ. નાસરનો પણ તમિળનાડુના પ્રધાનમંડળમાં સમાવેશ કરાયો હતો.

ચેન્નઇમાં રવિવારે રાજભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યપાલ આર. એન. રવિએ નવા પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટેલિન અને નાયબ મુખ્ય પ્રધાન ઉદયનિધિ પણ હાજર રહ્યા હતા. ■

### ઇઝરાયલના હુમલામાં

હોવાનું કહેવાય છે. ઇઝરાયલ દ્વારા છેલ્લાં બે અઠવાડિયાં દરમિયાન લેબેનોન પર કરાયેલા હુમલામાં ૧૫૬ મહિલા અને ૮૭ બાળકો સહિત ઓછામાં ઓછા ૧,૦૩૦ જણ માર્યા ગયા હતા.

લેબેનોન પર ઇઝરાયલે કરેલા હુમલામાં અસંખ્ય ઘર તૂટી ગયા હોવાથી હજારો લોકો બેઘર થઇ ગયા છે. યુદ્ધગ્રસ્ત લેબેનોનમાં આશરે અઢી લાખ લોકો છાવણીમાં રહે છે. (એજન્સી)■

### નેપાળમાં ભારે વરસાદ

પોલીસે જણાવ્યું કે કાઠમંડુમાં ૨૨૬ મકાનો ડૂબી ગયા છે. નેપાળ પોલીસ દ્વારા પૂર પ્રભાવિત વિસ્તારોમાં લગભગ ૩,૦૦૦ સુરક્ષા કર્મચારીઓની બચાવ ટીમ તૈનાત કરવામાં આવી છે. વરસાદ વચ્ચે લોકોને સલામત સ્થળે મોકલવામાં આવી રહ્યા છે. નેપાળની સિવિલ એવિયેશન ઑથોરિટીએ શુક્રવારે દેશમાં ખરાબ હવામાનની સ્થિતિને કારણે શનિવાર સવાર સુધીની તમામ સ્થાનિક ફ્લાઇટ્સ રદ કરી દીધી છે. નેપાળના હવામાન આગાહી વિભાગે સતત ચાર દિવસ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. નેપાળના ૭૭માંથી ૫૬ જિલ્લા ભારે વરસાદની ઝપેટમાં છે. ■




# ‘હળવા’ ક્યાં થવું? એન્જિનોમાં ટોઇલેટ્સ જ નથી!

## લોકો પાઇલટ્સની મૂંઝવણનો ક્યારે અંત આવશે?

## બાર-બાર કલાકની ડ્યૂટી કરનારા લોકો પાઇલટ્સની કઠણાઇ

મુંબઈઃ પ્રવાસીઓની સુવિધાઓ માટે રેલવે દ્વારા નવા નવા પ્રયોગો કરવામાં આવે છે અને નવી સુવિધાઓ પણ ઊભી કરવામાં આવે છે, પરંતુ સેંકડો પ્રવાસીઓને પોતાના મુકામે પહોંચાડતા ટ્રેન ચલાવનારા લોકો પાઇલટ્સની સુવિધા માટે અત્યાર સુધી રેલવે દ્વારા કોઇ સુવિધા ઊભી કરવામાં આવી ન હોવાનું ધ્યાનમાં આવ્યું છે. તેમાં પણ સૌથી પાયાની કહી શકાય તેવી શૌચાલયની સુવિધા પણ લોકો પાઇલટ્સ માટે ન હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. જેના કારણે દસથી બાર કલાકની ડ્યૂટી કરનારા લોકો પાઇલટ્સ માટે ખુબ કપરી પરિસ્થિતિ ઊભી થતી હોય છે. પશ્ચિમ રેલવે પાસેથી મળેલી માહિતી અનુસાર મુંબઈ-વડોદરા ડિવિઝનની ટ્રેનોના ૪૨૧ એન્જિનોમાંથી ફક્ત એક જ એન્જિનમાં ટોઇલેટ એટલે કે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ભારતીય રેલવેમાં કુલ ૧૫,૦૦૦ લોકોમોટિવ અને ૭૦,૦૦૦ લોકો પાઇલટ્સ છે. ઇલેક્ટ્રિક લોકોમોટિવમાંથી ફક્ત એક જ એવું એન્જિન છે જેમાં ટોઇલેટની સુવિધા આપવામાં આવી છે.આવામાં પોતાની ફરજ દરમિયાન જો કોઇ લોકો પાઇલટને શૌચાલયનો ઉપયોગ કરવાની જરૂર લાગે તો તેમના માટે મોટી મુશ્કેલી ઊભી થતી હોય છે.

આવી પરિસ્થિતિમાં લોકો પાઇલટ્સે સ્ટેશન આવે ત્યાં સુધી રાહ જોવી પડતી હોય છે. એવામાં ડાયાબિટીઝના દરદી હોય તેવા લોકો પાઇલટ્સ માટે તો પરિસ્થિતિ વધુ કપરી બની જતી હોય છે. ■

### બીમારીઓને નોતરે છે આવી અસુવિધા

નોંધનીય છે કે કુદરતી હાજત કે પછી શૌચને રોકી રાખવાના કારણે કિડની સહિતના અવયવો પર પણ ખૂબ ભાર પડતો હોય છે અને તેના કારણે આ અવયવો લાંબે ગાળે ખરાબ થવાની શક્યતા પણ વધી જતી હોય છે. તેના કારણે કિડની સ્ટોન જેવી અનેક બીમારીઓ થતી હોય છે. ■




# નવરાત્રી મંડળોને ૪૮ કલાકમાં વીજળીના જોડાણ

## અદાણી ઇલેક્ટ્રિસિટીની વિશેષ સુવિધા

મુંબઈઃ નવરાત્રિ તથા દૂર્ગા પૂજા માટે મંડળોને અદાણી ઇલેક્ટ્રિસિટી દ્વારા ૪૮ કલાકમાં વીજળી પૂરી પાડવામાં આવશે તથા વીજળીના દર સવલત સાથે તથા રહેવાસી દર પ્રમાણેના હશે. તેથી નવરાત્રિમાં અધિકૃત રીતે વીજળીના જોડાણ લેવાની અપીલ કંપની દ્વારા કરવામાં આવી છે.

નવરાત્રિ તથા દૂર્ગાપૂજા આયોજિત કરનારા મંડળોને મંડપ માટે હંગામી ધોરણે વીજળીનું જોડાણ આપવા માટેની પ્રક્રિયા સરળ બનાવવાની જાહેરાત કંપનીએ કરી છે. અરજી કરવાના ૪૮ કલાકમાં સંબંધિત મંડળોને વીજળીનું જોડાણ મળી જશે. તે માટે તેમને https://www.adanielectricity.com વેબાસાઇટ પર જઇને ‘ન્યૂ કનેકશન’ વિભાગમાં હંગામી ધોરણે વીજ જોડાણમાં જાવું, એમ કહેવામાં આવ્યું છે. મંડળોને ૪૮ કલાકની અંદર વીજ કનેકશન આપી શકાય એ માટે અમારી ટીમ તૈયાર છે, એમ અદાણી ઇલેક્ટ્રિસિટી તરફથી એક નિવેદનમાં જણાવાયું હતું.

ગયા વર્ષે મુંબઈમાં અદાણી ઇલેક્ટ્રિસિટીએ ૬૪૩ મંડળોને વીજ જોડાણ આપીને અખંડ વીજળી પુરવઠો પૂરો પાડ્યો હતો. આ વખતે પણ મંડળોને જલદીથી વીજ જોડાણ કરી આપવા માટે અમારી ટીમ તૈયાર છે તથા કોઇ સમસ્યા સર્જાય તો તેના પર તાત્કાલિક નિયંત્રણ મેળવવા માટે પણ ટીમ તૈયાર રાખવામાં આવી હોવાનું નિવેદનમાં વધુમાં જણાવાયું હતું.

મંડપમાં આવનારા ભક્તોની સુરક્ષા માટે નવરાત્રિ તથા દૂર્ગાપૂજા મંડળોએ અધિકૃત લાઇસન્સ ધરાવતા વીજળી કોન્ટ્રેક્ટરો પાસેથી વાયરિંગનું કામ કરાવવું. તેમજ મંડળોએ અનિવાર્ય એવા રેસિડેન્શિયલ કરન્ટ સર્કિટ બ્રેકર (આરસીસીબી) મંડપમાં બેસાડવા જેનાથી ભક્તોની સુરક્ષા જળવાઇ રહેશે, એવી અપીલ પણ કંપની દ્વારા કરવામાં આવી છે. ■

## લૉટરી પહેલા જ લૉટરી લાગી

# ઘરની સંખ્યા કરતા ઓછી અરજી આવતાં છ અરજદારનો વિજય નિશ્ચિત

મુંબઈઃ મ્હાડાના મુંબઈ મંડળની લોટરીને અરજદારોનો સારો પ્રતિસાદ મળ્યો છે અને હવે આઠમી ઑક્ટોબરે જાહેર થનારી લોટરી પર બધાની નજર ટકેલી છે. આ વખતે લોટરીમાં કેટલીક જગ્યાએ એક જ ઘર માટે અનેક અરજીઓ આવી હતી જ્યારે ઘણી જગ્યાએ એક ઘર હોવા છતાં તેની માટે કોઇ પણ અરજી આવી નહોતી. લોટરીમાં ઉપલબ્ધ ઘર કરતા ઓછી અરજીઓ આવી હોવાને કારણે છ અરજદારનું નસીબ પહેલાથી જાગી ગયું છે અને લોટરી જાહેર થાય તે પહેલા જ તેમની લોટરી લાગી હતી. હવે તેમના વિજયની અધિકૃત જાહેરાત કરવાનું જ બાકી છે. મ્હાડાના મુંબઈ મંડળ દ્વારા ૨૦૩૦ ઘર માટેની લોટરી માટે ૧,૧૩,૮૧૧ અરજી આવી હતી. શહેરમાં કેટલીક જગ્યાએ અલગ અલગ કેટેગરીના ઘરની સંખ્યા વધુ છે જ્યારે તેની સામે અરજી ઓછી આવી છે. તેથી જે અરજદારે ડિપોઝિટની રકમ ભરી દીધી છે તેમને તે ઘર મળવાનું નિશ્ચિત થઇ ગયું છે.■

### સાયનના ઘર માટે એક પણ અરજી નહીં

સાયન ખાતેનું હેરિટેજ અપાર્ટમેન્ટ (૩૯૨ બી)નું એક ઘર વેચાણ માટે મૂકવામાં આવ્યું હતું, પણ તેની માટે એક પણ અરજી આવી નહોતી. તેથી આ ઘર ધૂળ ખાતું જ પડી રહેશે અને આગામી લોટરીમાં તેનો સમાવેશ કરવામાં આવશે. ■

### આ છ ઘરના અરજદારોનો વિજય પાક્કો

- ઑન્ટોપ હિલ આનંદ હાઇટ (૪૫૯ એ) ખાતેના ૩ ઘર માટે ફક્ત એક અરજી આવી છે.
- ભાયખલા દૂધવાલા બિલ્ડિંગ (૪૬૨ એ) યોજના, તેમ જ દૂધવાલા બિલ્ડિંગ ભાયખલા (૪૬૩ એ) યોજનામાં એક-એક ઘર છે અને તેની માટે એક-એક જ અરજી આવી છે.
- ભાયખલા (૪૬૪ એ)ના બે ઘર માટે એક જ અરજી આવી છે.
- વડાલા આનંદ હાઇટ (૪૬૫ એ) ખાતેના ૩ ઘર માટે ફક્ત એક અરજી આવી છે.
- ભાયખલા બેલાસીસ (૪૬૭ એ) માટે એક ઘર માટે ફક્ત એક અરજી આવી છે.■

# મધ્ય રેલવેના લેડીઝ કોચ હવે સીસીટીવી કેમેરાથી સજ્જ

## મહિલાઓના ડબ્બામાં અડપલા કરશો તો ગયા કામથી

મુંબઈઃ મહિલાઓ વિરુદ્ધ થતા ગુના રોકવા માટે તેમ જ તેમની સુરક્ષા માટે મધ્ય રેલવે(સેન્ટ્રલ રેલવે) દ્વારા ખૂબ જ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેની અમલબજાવણી પૂર્ણ થઇ ચૂકી છે. મધ્ય રેલવેની ઉપનગરીય ટ્રેનોમાં થતી ગુનાખોરી પર લગામ લગાવવા માટે મધ્ય રેલવે હવે આધુનિક પદ્ધતિએ મહિલાઓના ડબ્બામાં નજર રાખશે. આ માટે મહિલાઓના ડબ્બા એટલે કે લેડીઝ કોચમાં સીસીટીવી(ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન) કેમેરા બેસાડવામાં આવ્યા છે.

એટલે કે મહિલાઓના ડબ્બામાં થતી બધી જ પ્રવૃત્તિઓ પર હવેથી સુરક્ષાકર્મી-સુરક્ષા અધિકારીઓની નજર રહેશે. જો કોઇ ગુનો બને પણ તો અપરાધીની ભાળ મેળવવી હવે ખૂબ જ સરળ થઇ રહેશે. સૌપ્રથમ ૨૦૧૫માં ઓક્ટોબર મહિનામાં ચેન્નઇની ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી(આઇસીએફ)માં સીસીટીવી કેમેરા ધરાવતા કોચ બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું અને એ જ વર્ષે આ કોચ મધ્ય રેલવેમાં ઉપયોગમાં લેવામાં આવ્યા હતા.

ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ ક્લાસના ડબ્બાઓમાં સીસીટીવી કેમેરા બેસાડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મધ્ય રેલવેમાં કુલ ૭૭૧ લેડીઝ કોચ છે અને તેમાં કુલ ૪,૬૨૬ સીસીટીવી કેમેરા બેસાડવામાં આવ્યા હોવાનું મધ્ય રેલવેના અધિકારી પાસેથી જાણવા મળ્યું હતું. ■

### મહિલાઓની સુરક્ષા કાજે...

**મહિલાઓના કુલ ડબ્બાઃ** ૭૭૧

**સીસીટીવી કૅમેરાઃ** ૫,૬૨૬

**એક ડબ્બામાં સીસીટીવી કેમેરાની સંખ્યાઃ** ૪થી ૮

**સીસીટીવી કૅમેરાની ક્ષમતાઃ** ૨૫ કલાક વીડિયો રેકોર્ડિંગ

**કેટલા દિવસની મેમરીઃ** ૩૦ દિવસ સુધી રેકોર્ડિંગ સ્ટોરિંગ

**વિશેષતાઃ** ફેસ રેકોગ્નિશન(ચહેરો ઓળખવાની ટેક્નોલોજી)

**સુરક્ષા માટેઃ** જીઆરપી, આરપીએફ, હોમગાર્ડ અને એમએસએફ

# વરલીની જગ્યા હવે કાયમીસ્વરૂપે એમએમઆરસીની માલિકીની થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રો-૩ પ્રોજેક્ટનું કામ ૯૨ ટકા સુધી પૂરું થઈ ગયું છે અને પહેલા તબક્કામાં આરેથી બીકેસી વચ્ચે ઓક્ટોબરના પહેલા અઠવાડિયામાં મેટ્રો રેલ ચાલુ થવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ માટે અનેક જગ્યાએ જમીનનું સંપાદન કરવામાં આવ્યું હતું, તો અમુક જગ્યા જુદી જુદી સરકારી એજન્સી પાસેથી ભાડાં પર લેવામાં આવી હતી. મુંબઈ મહાનગરપાલિકાએ વરલીમાં અમુક જગ્યા એમએમઆરસીને ભાડાં પર આપી હતી. આ જગ્યા હવે કાયમી સ્વરૂપે મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી)ની થઈ જવાની છે.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડે નવેમ્બર, ૨૦૨૦માં મુંબઈ મેટ્રો લાઈન-૩ પ્રોજેક્ટ માટે વરલીમાં આઈવેન રિયલ્ટી લિમિટેડની વાપરી રહેલી ખુલ્લી જમીનમાંથી ૨૧૧ ચોરસ મીટર અને ૨૯૩ ચોરસ મીટરની જગ્યા કામયી સ્વરૂપે તેમને જોઈતી હોવાની માગણી કલેકટર સહિત અન્ય સરકારી વિભાગ સમક્ષ કરી હતી. આ જગ્યા મેટ્રો-૩ પ્રોજેક્ટના એન્ટ્રી અને એક્ઝિટના કામ માટે આવશ્યક હોવાથી આ જગ્યા કાયમી સ્વરૂપે આવશ્યક હોવાની રજૂઆત મુંબઈ મેટ્રોએ કરી હતી અને જમીનનું સંપાદન કરવા માટે આવશ્યક કાર્યવાહી પણ ચાલુ કરી હતી.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશનની માગણી અને કાર્યવાહી ચાલુ કર્યા બાદ મુંબઈ મહાનગરપાલિકા પાસેથી તેમણે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટની પણ માગણી કરી હતી. મુંબઈ મેટ્રોએ આ જગ્યાનું સંપાદન કર્યું હોવાથી હવે આ જમીનના બદલામાં પાલિકા તેઓ નુકસાની ભરપાઈ કરી આપવાની છે. ■



(ROC-D-3558)

# મીરા રોડની હૉસ્પિટલમાંથી ૨૧ લાખની રોકડ ચોરનારા બે ભૂતપૂર્વ કર્મચારી પકડાયા

થાણેઃ મીરા રોડની ખાનગી હૉસ્પિટલમાં ડૉક્ટરની કેબિનમાંથી ૨૧ લાખની રોકડ કથિત રીતે ચોરવાના કેસમાં પોલીસે બે ભૂતપૂર્વ કર્મચારી સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી. કાશીગાંવ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર રાહુલકુમાર પાટીલે જણાવ્યું હતું કે ઘટના ૨૧ સપ્ટેમ્બરે કાશીગાંવમાં વિનય નગર સ્થિત ખાનગી હૉસ્પિટલમાં બની હતી. ડૉક્ટર તેમની કેબિનમાં ગયા ત્યારે ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી.

કેબિન બહાર લાગેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ જોતાં અજાણ્યો શખસ માસ્ક પહેરીને કેબિનમાં પ્રવેશ્યો હતો અને રોકડ ચોરી રફુચક્કર થઈ ગયો હોવાનું નજરે પડ્યું હતું. તપાસ દરમિયાન પોલીસને આ ચોરીમાં જાણભેદુનો હાથ હોવાની શંકા ગઈ હતી. આ કેસમાં પોલીસે સૌપ્રથમ ૨૪ સપ્ટેમ્બરે ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ ખાતેના વતનમાંથી હૉસ્પિટલના ભૂતપૂર્વ કર્મચારીને તાબામાં લીધો હતો. આરોપીની પૂછપરછમાં ડૉક્ટરનો ૨૮ વર્ષનો ભૂતપૂર્વ ડ્રાઈવર પણ ચોરીમાં સંડોવાયેલો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ડ્રાઈવરને બિહારના કટીહારથી પકડી પાડ્યો હતો. માસ્ક પહેરીને ડ્રાઈવર જ ડૉક્ટરની કેબિનમાં ગયો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. બન્ને આરોપીની પૂછપરછ બાદ તેમના ત્રીજા સાથીની પણ ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી ૧૮ લાખની રોકડ અને એક રિક્ષા હસ્તગત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# પુણેમાં ટ્રકમાંથી કાચ ઉતારતી વખતે થયેલા અકસ્માતમાં ત્રણ મજૂરનાં મોત

પુણેઃ મહારાષ્ટ્રના પુણે શહેરમાં રવિવારે એક ગ્લાસ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં ટ્રકમાંથી કાચનો સામાન ઉતારતી વખતે પડી ગયો. જેના કારણે ૪ મજૂરોનાં મોત થયાં હતાં અને ૩ મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

આ ઘટના કાત્રજ વિસ્તારના યેવલેવાડી સ્થિત એક ગ્લાસ યુનિટની હોવાનું કહેવાઈ રહ્યું છે, જ્યાં બપોરે ૧.૩૦ વાગ્યાના સુમારે ટ્રકમાંથી કાચની વસ્તુઓ ઉતારતી વખતે મોટો અકસ્માત સર્જાયો હતો.

## સંસ્થા સમાચાર

### રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો ૫૪મો જન્મોત્સવ- માનવતા મંત્રોત્સવ ઉજવાયો




દુખિયોના આંસુઓને આનંદમાં અને કોઈની પીડાને પ્રસન્નતામાં પલટાવીને મળેલા આ મનુષ્ય જીવનનું પરમ કર્તવ્ય નિભાવતા અને તે જ માનવતાની પ્રેરણા હજારોમાં જન્માવતા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો ૫૪મો જન્મોત્સવ અવસરે પરમધામ સાધના સંકુલના પ્રાંગણે ઉજવાયો માનવતા મંત્રોત્સવ. પરમ ગુરુદેવને જન્મોત્સવની શુભેચ્છા - અભિવંદના અર્પણ કરવા આ અવસરે સમગ્ર દેશના ખૂણે ખૂણેથી પધારેલા શ્રી સંઘ શ્રેષ્ઠીવર્યો, મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, અનેક સંસ્થાના પદાધિકારીઓ શ્રી એચ. એન. ફાઉન્ડેશન હોસ્પિટલના સી.ઈ.ઓ. ડૉ. તરંગજી ગિયાનચંદાની એમ.એલ.એ. કિશનજી કથોરે, એ. સી. પી. સુનીલભાઈ જૈનજી, ભાર્ગવભાઈ પટેલ, પરાગભાઈ શાહ આદિ અનેક રાજકીય ક્ષેત્રના મહાનુભાવો તેમ જ લાઈવના માધ્યમે જોડાયેલા દેશ-પરદેશનાં મળીને લાખો ભાવિકોએ ભક્તિભીના હૃદયે પરમ ગુરુદેવના જન્મોત્સવ માનવતા મહોત્સવને વધાવેલ.

ઉલ્લેખનીય છે કે, મંત્ર સાધક પરમ ગુરુદેવના બ્રહ્મનાદે આ અલૌકિક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ સાધનાની ઊર્જાથી હજારો ભાવિકએ આધિ-વ્યાધિ અને ઉપસર્ગ મુક્તિનો અનુભવ કર્યો છે અને એવી જ વિશિષ્ટ પ્રકારની જપ સાધનાનો ગુંજારવ આ અવસરે, પરમધામના અણુ અણુમાં પ્રસરાયો હતો.

વિશેષમાં હજારો જરૂરિયાતમંદ ભાવિકો, દર્દીઓ, લાખો અબોલ જીવો પરમ ગુરુદેવની કરુણા ભાવનાથી ચાલી રહેલા ૫૩ માનવતાના પ્રકલ્પોની શૃંખલામાં એક ઓર ઉમેરો થયો જ્યારે પરમધામના વિશાળ પ્રાંગણમાં વેદનાગ્રસ્ત અને ઘાયલ એવા અબોલ પશુ-પંખીઓ માટેની અદ્યતન એવી ''ઓલ્વેજ કેર - એનિમલ કેર સેન્ટર''નું લોન્ચિંગ થયું.

સહુના હૃદયમાંથી જયકાર ગુંજી ઊઠ્યો હતો, જ્યારે આ અવસરે વીડિયોના માધ્યમને રિલાયન્સના મુકેશભાઈ ધીરુભાઈ અંબાણીજીએ પરમગુરુદેવની કરુણા ભાવના પ્રત્યે અહોભાવ પ્રદર્શિત કરીને શુભેચ્છા વંદના અર્પણ કરી હતી.

# ક્લાસિફાઈડ

### ૭. ખુશખબર

**સિનિયર સિટિઝન**

મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૧૭૨)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૪૯૨૪)

### ૧૪. નોકરી ખાલી છે

**ઓફિસબોય**

**રે રોડ એરિયામાં ઓફિસ માટે ઓફિસ બોય અનુભવી, વિશ્વાસુ, યુવાન અને સાઈકલ ચલાવનાર સારા પગાર સાથે જરૂર છે. મોબાઈલઃ 7021734143. (એસડીબી-૨૧૬૭)**

**REQUIRE EXPERIENCED**

Account / Back Office Clerk, with proficiency in MS Office and Accounting Software for Full / Parttime at Vileparle Office. Email: tac.hrd@hotmail.com (14988-A)

### ૧૭. જગ્યા આપવી છે

**ઓબેરોય -સ્કાયસિટી**
**સોનીભાઈ - 7050305030**
**બોરીવલી ઈસ્ટમાં 3/4 બેડરૂમના ફ્લેટો લેવા-વેચવા-ભાડેથી. (૧૪૯૯૯-ડી)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૧૪૭)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**AVAILABLE**

Vasai Factory Gala on Rent. 2400 square feet. 9987051997. (15018-A)

### ૨૭. ઔષધ ઉપચાર

**દુખાવો**

ઘુંટણ, કમર, હાથપગ, ગર્દન, ખભો ઘરમાંજ દવા વગર મટાડો. 9867226594. (૧૪૯૮૮-સી)

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે. તુરંત દસ્તાવેજ. 9574859654. (બી-૧૪૯૨૭)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૩. ધંધાદારી

**બાથરૂમ-કિચન**

બ્રાન્ડેડ કંપની દ્વારા બાથરૂમ રીનોવેશન, મોડ્યુલર અને મોડ્યુલરથી વધારે સારુ કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ અને રીનોવેશન Helpline: 8989282877. (૧૪૪૮૨/એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**માયા જ્યોતિષ**

શ્રાદ્ધક્રિયા, નવરાત્રિ ચંડીપાઠ, વ્યાપારમાં લાભ, ગૃહકલેશ, કર્જમુક્તી, શત્રુપીડા, (પ્રેમી-પ્રેમિકા મિલન સ્પેશિયાલિસ્ટ) 9594273700. (માલાડ). (બી-૧૪૯૧૪)

■ મહારાજા જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ) તાત્કાલિક ચોક્કસ રીઝલ્ટ, પ્રેમલગ્ન, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ, ઘરકંકાશ, સૌતન-શત્રુ, તૂટેલા સંબંધ, ફેક્ટરી-ધંધો. 9998705190. (બી-૧૪૮૮૪)

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**

**લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/9833390898/ 02228898500. (૧૪૯૬૮-એ)**

***શ્રીચામુંડા જ્યોતિષ***

**લગ્નમાં રુકાવટ, જૂની બીમારી, સંતાન, ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, ફેમિલી પ્રોબ્લેમ - 9157999811 પારસનગર, જૈન દેરાસર પાસે શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) 022-31970731. (બી-૧૪૯૨૨)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૯૬૩-ઈ)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૯૨૨-એ)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૪૯૨૯)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ, દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન- 8879196093/ 9833631359. (બી-૧૪૯૪૧)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્ર ઉદ્યોગ

મહારાષ્ટ્ર નંબર વન રાજ્ય બની ગયું છે. વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગ સાહસિકો રાજ્ય તરફ આકર્ષાય છે અને ઉદ્યોગને વેગ આપે છે. અમારું રાજ્ય પણ ઉદ્યોગને અનુકૂળ બન્યું છે અને મહારાષ્ટ્ર ઉદ્યોગ અને માળખાકીય સુવિધાઓની દ્રષ્ટિએ દેશમાં અગ્રેસર બન્યું છે.

પુરંદર એરપોર્ટ માટે વહેલી તકે જમીન સંપાદિત કરવામાં આવશે અને ખેડૂતોને યોગ્ય વળતર મળવું જોઈએ. આ અંગેની સમસ્યાઓ દૂર કરવા માટે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય અને ઉદ્યોગ મંત્રાલયની સંયુક્ત બેઠક યોજવામાં આવશે, આગામી સમયમાં પુરંદર એરપોર્ટનું કામ શરૂ થાય તે માટે રાજ્ય સરકાર વતી પ્રયાસો કરવામાં આવશે.

ભીડેવાડા ખાતે ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફુલેની પ્રથમ કન્યા શાળાના સ્મારક માટે રાજ્ય સરકારે પહેલ કરી છે અને અહીં એક ઐતિહાસિક સ્મારક બનાવવામાં આવી રહ્યું છે, એમ પણ શિંદેએ જણાવ્યું હતું.

રાજ્ય સરકાર વતી જન કલ્યાણકારી યોજનાઓ જેવી કે મુખ્યમંત્રી લાડકી બહેન યોજના, મુખ્યમંત્રી વયોશ્રી યોજના, મુખ્યમંત્રી તીર્થ દર્શન યોજના, મુખ્યમંત્રી કાર્ય તાલીમ યોજના વગેરે સામાન્ય નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે શરૂ કરવામાં આવી છે અને જેનો લાભ નાગરિકોને આપવામાં આવી રહ્યો છે, એમ જણાવતાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી લાડકી બહેન યોજના હેઠળ ૧.૯૦ કરોડ મહિલાઓને લાભ મળ્યો છે, જેના માટે એક વર્ષ માટે ભંડોળની વ્યવસ્થા કરવામાં આવી છે. મુખ્યમંત્રી તીર્થયાત્રા યોજના હેઠળ રાજ્યની પ્રથમ ટ્રેન કોલ્હાપુરથી અયોધ્યા માટે શરૂ કરવામાં આવી છે અને ભવિષ્યમાં પૂણેથી પણ ચાલુ કરવા માટે રાજ્ય સરકાર પ્રયાસ કરશે એમ તેમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રાજ્યના વિરોધ પક્ષો પર દરેક મુદ્દા પર બેવડું વલણ અપનાવવાનો આરોપ કરતાં જણાવ્યું હતું કે વડા પ્રધાનનો કાર્યક્રમ મોડો થયો તેની પાછળ રાજ્યમાં પડી રહેલા ભારે વરસાદનું કારણ હતું, પરંતુ વિપક્ષે મેટ્રો ચાલુ કરી દેવાની ચિમકીઓ ઉચ્ચારી હતી. આવી જ રીતે અક્ષય શિંદેના કેસમાં પણ તેમણે બેવડાં વલણ અપનાવ્યા હતા. જે લોકોએ વિકાસના નામે મેટ્રોનો એક થાંભલો નથી નાખ્યો તેઓ વડા પ્રધાનની ટીકા કરી રહ્યા છે, એમ એકનાથ શિંદેએ પુણેમાં કહ્યું હતું.

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પુણેની મુલાકાત વરસાદના કારણે રદ કરવામાં આવી હતી, જે બાદ મહાવિકાસ આઘાડીએ વિરોધ પ્રદર્શન કરી સત્તાધારી પક્ષની ટીકા કરી હતી. આ મુદ્દાને પકડીને કાર્યક્રમમાં બોલતા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિવિધ વિષયો પર વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા હતા. આ અવસરે શિંદેએ બદલાપુર કેસના આરોપી અક્ષય શિંદેના પોલીસ એન્કાઉન્ટરમાં મોત પર વિપક્ષ દ્વારા કરવામાં આવી રહેલી ટીકાનો આકરો જવાબ આપ્યો હતો. તેમણે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, 'આરોપી ગોળીબાર કરે છે, તો શું પોલીસે તેમની બંદૂકો પ્રદર્શનમાં રાખવી જોઈએ?'

### આ મુજબ દોડશે

લોકલ વિરારથી ૨૩:૩૦ વાગ્યે ઉપડીને ૧:૧૦ વાગ્યે ચર્ચગેટ પહોંચશે. બોરીવલી-ચર્ચગેટ ટ્રેન બોરીવલીથી ૦૦:૧૦ વાગ્યે ઉપડશે અને ૦૧:૧૫ વાગ્યે ચર્ચગેટ પહોંચશે. પશ્ચિમ રેલવેના પરિપત્રકમાં જણાવાયા મુજબ ગોરેગાંવ-સીએસએમટી લોકલ ૦૦:૦૭ વાગ્યે ઉપડીને ૦૧:૦૨ વાગ્યે સીએસએમટી પહોંચશે. આ સિવાય બ્લોકના કારણે અન્ય ટ્રેનોને પણ અસર થશે, જેની માહિતી પશ્ચિમ રેલવેની વેબસાઇટ પર જોઇ શકાશે.

### મુંબઈમાં

કોલાબામાં મહત્તમ તાપમાન ૩૧.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૫ ડિગ્રી તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૧.૦ ડિગ્રી અને લઘુતમ ૨૪.૮ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈમાં ગરમી વર્તાઈ રહી છે, તો રાજ્યના હિલ સ્ટેશન ગણાતા મહાબળેશ્વરમાં વાતાવરણ શિયાળાની ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. અહીં દિવસ દરમિયાન લઘુતમ તાપમાન ૧૭.૨ ડિગ્રી જેટલું નોંધાયું હતું. તો નાશિકમાં લઘુતમ તાપમાન ૨૨.૪ ડિગ્રી, પુણેમાં ૨૧.૩ ડિગ્રી, કોલ્હાપૂરમાં ૨૧.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન ખાતાના કહેવા મુજબ હાલ મુંબઈ સહિત રાજ્યના અનેક જિલ્લામાં વરસાદે પોરો ખાધો છે. જોકે આવતા અઠવાડિયામાં વરસાદ ફરી એન્ટ્રી કરશે.

### ક્લાસીસમાં

શનિવારે ગુનો નોંધી આરોપી ભાઈઓ ગૌતમ રાજપુરોહિત અને તરુણ રાજપુરોહિતની ધરપકડ કરી હતી. કોર્ટે બન્ને આરોપીને ૩૦ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. દક્ષિણ મુંબઈમાં ક્લાસીસ ચલાવતા બન્ને આરોપીનો ભાઈ સત્યરાજ રાજપુરોહિત વડીલો સાથે કુલુ-મનાલી ફરવા ગયો હતો. રવિવારે તેને પણ તાબામાં લેવાયો હોવાનું એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર દુરાચારનું આ પ્રકરણ લગભગ વર્ષ સુધી ચાલ્યું હતું. ૧૬ વર્ષની કિશોરીનાં માતા-પિતા અલગ થયા પછી કિશોરી માતા સાથે મધ્ય મુંબઈમાં રહે છે અને ૧૦મા ધોરણમાં ભણે છે. છેલ્લા કેટલાક મહિનાથી વિદ્યાર્થિનીના વર્તનમાં બદલાવ જણાતાં માતાએ તેને કાઉન્સેલિંગ માટે એક ખાનગી સંસ્થામાં મોકલી હતી. કાઉન્સેલિંગ દરમિયાન પણ ચૂપચાપ રહેતી કિશોરીએ તેની સાથે બનેલી ઘટનાની કોઈને જાણ કરી નહોતી.

માતા-પિતા અલગ થયાં અને છેલ્લી ઘડીએ શાળા બદલવામાં આવી તેનાથી પુત્રી માનસિક રીતે ભાંગી પડી હોવાનું શરૂઆતમાં માતાને લાગ્યું હતું. જોકે બાદમાં માતાએ જ કાઉન્સેલિંગ કરનારી મહિલાને વિદ્યાર્થિની સતત કોઈની સાથે વ્હૉટ્સઍપ પર ચૅટિંગ કરતી હોવાની વાત કરી હતી. કાઉન્સેલરે વિશ્વાસમાં લઈ વિદ્યાર્થિનીને પૂછતાં આખરે તેણે આપવીતી જણાવી હતી.

વિદ્યાર્થિની નવમા ધોરણમાં હતી ત્યારે દક્ષિણ મુંબઈમાં રહેતી હતી અને નજીકના જ ખાનગી ક્લાસીસમાં જતી હતી. ૨૦૨૨થી ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન આ ક્લાસીસમાં વિદ્યાર્થિની સાથે કુકર્મ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીને રજાને દિવસે પણ ક્લાસીસમાં બોલાવવામાં આવતી. ક્લાસીસના સમય પહેલાં અને પછી પણ તેને બેસાડી રાખવામાં આવતી. પછી તેની સાથે અશ્લીલ ચેનચાળા કરી ક્લાસીસ ચલાવનારા આરોપી શિક્ષણ દ્વારા કથિત દુષ્કર્મ કરવામાં આવતું હતું. આ પ્રકરણે કાઉન્સેલરે કિશોરીની માતાને જાણ કરી હતી. કહેવાય છે કે આ મામલે એન. એમ. જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. જોકે ગુનો એલ. ટી. માર્ગ પોલીસની હદમાં બન્યો હોવાથી કેસ ત્યાં ટ્રાન્સફર કરાયો હતો. પોલીસ આ પ્રકરણે વધુ તપાસ કરી રહી છે.

### ગોરેગાંવથી મલાડ

પગલે ગોરેગાંવમાં અપ તેમ જ ડાઉન ફાસ્ટ લાઇન પર અને મલાડમાં અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર સોમવારની મધરાતે સાડા બાર વાગ્યાથી સવારે સાડા ચાર વાગ્યા સુધી એટલે કે ચાર કલાક માટે આ બ્લોક રાખવામાં આવ્યો છે.

આ બ્લોક દરમિયાન તમામ ટ્રેનો ફક્ત ચર્ચગેટથી અંધેરી અને વિરારથી બોરીવલી દરમિયાન દોડાવવામાં આવશે. આ દરમિયાન અપ અને ડાઉન મેલ-એક્સપ્રેસ ટ્રેનો ૧૦થી૨૦ મિનિટ મોડી દોડશે, એવી માહિતી પણ પશ્ચિમ રેલવેએ બહાર પાડેલી સૂચનામાં આપી હતી.

### ઈડી અને ભાજપ સાથે

હતો. અમારી મહાવિકાસ આઘાડીની સરકારે તેની વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી હતી. તેને ઇડી અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ બંનેનો ટેકો હોવાનું માનવામાં આવે છે.

રાઉતે દાવો કર્યો હતો કે જ્યારે મહાયુતિની સરકાર સત્તામાં આવી ત્યારે ગૃહ ખાતું સંભાળી રહેલા દેવેન્દ્ર ફડણવીસે આ આખો મામલ રફેદફે કરી નાખ્યો હતો. ઇડી પર વધુ આરોપો મૂકતા સંજય રાઉતે કહ્યું હતું કે ઇડીના ભૂતપૂર્વ અધિકારી રાજેશ્વર સિંહ હવે ઉત્તર પ્રદેશમાં ભાજપના વિધાનસભ્ય બની ચૂક્યા છે. ઇડી સાથે સંબંધો ધરાવતા રોમી ભગત પણ ખંડણી વસૂલવાની પ્રવૃત્તિમાં સામેલ હતા અને હાલ તે આર્થર રોડ જેલમાં છે, એવો દાવો રાઉતે કર્યો હતો. તેમણે ફડણવીસને પડકાર ફેંકતા કહ્યું હતું કે ફડણવીસ આ બધી વાત જાણે છે અને તેમણે આ બધી વસ્તુ લોકો સમક્ષ લાવવી જોઇએ. અમે સત્તામાં આવીશું ત્યારે અમે કોઇને નહીં છોડીએ.

### કોઈપણ કિંમતે

હતું. બેઠકોની વહેંચણી મુદ્દે તેમણે કહ્યું હતું કે તમે બધી જ બેઠકો પર ચૂંટણી ન લડી શકો. તમારા બે સાથી પક્ષો છે તેમને પણ તેમના ઉમેદવારો ઊભા કરવા દેવા જોઇએ, કારણ કે તમારે એકસાથે મળીને કામ કરવાનું છે.

જીત મેળવવા વિશે તેમણે કહ્યું હતું કે કોઇપણ ભોગે મહાવિકાસ આઘાડીએ ચૂંટણીમાં વિજય મેળવવા માટે તમામ બનતા પ્રયત્નો કરવા જોઇશે.

## હિન્દુ મરણ

ગામ બોણંદ હાલ કાંદીવલી યશવંતભાઇ નાગરજી દેસાઇ (ઉં. વ. ૮૩) તે ભાનુબેનના પતિ. તે ભૈરવી, ખ્યાતિ અને મિહીરના પિતા. વિજય, રાકેશ, સિમીના સસરા. હિતાર્થ, શ્રુતિ, રિયાના દાદા. સ્વ. વિનોદભાઇ અને રજનીકાંતના ભાઇ તા. ૨૮-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક રિવાજ બંધ છે.

**મેઘવાળ**

ગામ પાલિતાણા હાલ નવી મુંબઇના સ્વ. કાંતાબેન બેચરભાઇ મારુ (ઉં. વ. ૭૦) ગુરુવાર તા.૨૬-૯-૨૪ના રોજ અવસાન પામેલ છે. તે સ્વ. બેચરભાઇ દયાળજી મારુના પત્ની. નરેશ, રાજેશ, વસંત, ભારતીના માતા. મધુ, અંજુ, રૂપા, નરેશભાઇ ભોજના સાસુ. શૈલેષ, હિરેન, હર્ષ, પ્રિયંકા, ક્રિશિકા, સાચીના દાદી. લક્ષ, હેમાંશુના નાની. કેશવભાઇ બાવાભાઇ ગોહિલના દીકરી. બારમાની વિધી સોમવાર તા. ૩૦-૯-૨૪ના સાંજે ૪.૦૦ કલાકે. ઠે. કરાડી સમાજ હોલ, સેકટર ૧૪, કામોઠે ગાંવ, નવી મુંબઇ, રેલવે સ્ટેશન ખાંડેશ્વર ખાતે રાખવામાં આવેલ છે.

**કચ્છ કડવા પાટીદાર**

સ્વ. રમેશ ગોપાલ રાજાણી (ઉં. વ. ૭૭) હાલ નવી મુંબઇ (કોપરખેરણે) તથા કચ્છ ગામ નખત્રાણા નિવાસી તા. ૨૮-૯-૨૪ના અવસાન પામેલ છે. તે મંજુલાબેનના પતિ. તે સ્વ. મેઘજી જેઠાના જમાઇ. જીજ્ઞા, નિતા, રાજેશના પિતા. નરસીભાઇ તેમ જ સવિતાબેનના ભાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩૦-૯-૨૪ના દિવસે ઠે. કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, લેવીનો કમ્પાઉન્ડ, કેસલ મિલ પાસે, થાણે (પશ્ચિમ).

**હાલાઈ લોહાણા**

જામ સલાયાવાળા હાલ મલાડ સ્વ. કેસરબેન તથા સ્વ. જમનાદાસ કારાભાઈ બથીયાના સુપુત્ર રમણીકલાલ (ઉં.વ.-૮૭) તે રમીલાબેન (સરલા)ના પતિ. સ્વ. વિજયાબેન કાકુભાઈ સિમરીયાના જમાઈ. તે સંજય, સમીર તથા કિશોરી ના પિતાશ્રી વિકી, હર્ષ, હીરલના દાદા ઉષા, ડીમ્પલ અને ભાવેન મોરજરીયાના સસરા તે દિનાંક ૨૮-૦૯-૨૦૨૪ ના શ્રીજી ચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થના સભા સોમવાર તા. ૩૦-૦૯-૨૪ ના સમયઃ સવારે ૧૦.૩૦ થી ૧૨ સ્થળ : લોહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ.વી. રોડ, કાંદિવલી (પ.) રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર**

કચ્છ ગામ મસ્કા હાલે કાંદીવલી નિવાસી ગં. સ્વ. કમળાબેન રમેશ જોષી (મોતા-ખીમાણી)ના પુત્ર, સ્વ ધર્મેશ (ઉં.વ.૩૬), પાયલના પતિ. વિઆનના પિતા. કેતન, વંદના અતુલ વ્યાસ, મેઘના વિનોદ પરમારના ભાઈ. તે ગામ રૂપાલ નિવાસી હાલે કાંદીવલી સોનલબેન મનીષભાઈ ગોરના જમાઈ તા. ૨૮/૦૯/૨૪ ના શ્રીજી ચરણ પામેલ છે, બંને પક્ષની સાદડી તા. ૩૦/૦૯/૨૪ સોમવારના ૪ થી ૬ રાખેલ છે. ઠેકાણુંઃ-વાંઝા વાડી, મથુરા દાસ રોડ, ધનામલ સ્કૂલની સામે, કાંદીવલી (વેસ્ટ) મુંબઈ.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

મૂળગામ સાયલા આણંદ હાલ ગોરેગાંવ ધર્મેશ ચંદ્રકાંત ગોહેલ (ઉં.વ.૩૮) તે ૨૮/૯/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે રશ્મિબેન ચંદ્રકાંત ભગવાનદાસ ગોહેલ ના સુપુત્ર, આશાબેન (પિંકી)ના પતિ, ડેલસી ના પિતા. કોમલ મનોજભાઈ મંગલેના ભાઈ, લીંબડી નિવાસી હાલ બોરીવલી દક્ષાબેન કીર્તિભાઇ નાગરદાસ ગોહિલના જમાઈ. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૩૦/૯/૨૪ ના રોજ ૪ થી ૬. ઠે. ઉમિયા માતા મંદિર હોલ, વિશ્વેશ્વર નગર રોડ, ગોરેગાંવ ઈસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. દેવકાબેન મોતીરામ કોઠારી ગામ કોડાય ,હાલે માટુંગાના સુપુત્ર કિરીટભાઈ કોઠારી (ઉં.વ. ૭૪) તે અરુણાબેનના પતિ. તે સ્વ શાંતાબેન મોરારજી પ્રેમજી ચોથાણી ગામ ગઢશીશા વાલાના જમાઈ , તે ધ્વનિતના પિતાશ્રી. તે સ્વ રવિકાંત, સ્વ નારણદાસ, સ્વ દિનેશ, સ્વ ડો. જયસિંહ અને સ્વ મદાલસા રણજીતભાઈ ઠક્કરના ભાઈ. તારીખ ૨૮/૯/૨૪ શનિવારના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ, રામબાગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા, તારીખ ૩૦/૯/૨૪ સોમવાર સાંજના ૫.૩૦ થી ૭.૦૦. (લૌકિક વ્યવહાર બંધ છે).

**કચ્છી લોહાણા**

સ્વ. સૌ. જયોતીબેન હરિષ લખમીદાસ સચદે ગામ મોટી ધ્રુફીવાલા હાલ મુલુંડના પુત્રવધૂ સૌ. ચેતના જિજ્ઞેશ ઠક્કર (સચદે) (ઉં. વ. ૪૯) તે સ્વ. લીલાવંતીબેન કરમશી પુરૂષોતમ ધીરાવાણી ગામ કોઠારાવાળાની સુપુત્રી. તે દેવ, ક્રિષાના માતાજી. સૌ. ભાવના અનિશ સચદે અને સૌ. સ્વાતી સુરેશ તન્નાના નાનાભાઇની ધર્મપત્ની. તે લતાબેન આર. જોશી અને જીતેન્દ્ર જે. જોશીની નાની બહેન. તે લક્ષ્મીબેન જમનાદાસ લખમીધર સચદે અને કુસુમબેન સુભાષ લખમીદાસ સચદેના ભત્રીજાવહુ. તા. ૨૮-૯-૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૯-૨૪ના ૫થી ૭. ઠે. પવાણી હોલ, ૧લે માળે, કચ્છી લોહાણા મહાજનવાડી, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ), બૈરાઓએ તેજ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

સુધીરભાઇ પ્રભુદાસ પંચમતિયા (ઉં. વ. ૭૫) મુંબઇ તે સ્વ. મધુરીબેન પ્રભુદાસ પંચમતિયાનાં પુત્ર, હરિપ્રિયાનાં પતિ. તે શાંતાબેન તુલસીદાસ મુળજીનાં જમાઇ. નિતાઇ, ગોપિકા, અનુરાધાનાં પિતા. તે દીપકભાઇ, જયોતિબેન કનુભાઇ ઠક્કર તથા પારુબેન મનોજભાઇ કાનાણીનાં મોટાભાઇ. સૌ. અદ્રિયાનાનાં સસરા તથા સારાનાં દાદાજી. તા. ૨૯-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧-૧૦-૨૪ના, ૫થી ૬.૩૦. ઠે. સેટ મિનાર બિલ્ડિંગ, પોડિયમ, ૧૬, એ, પેડર રોડ, ઓફ જસલોક હોસ્પિટલ, મુંબઇ-૪૦૦૦૨૬.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**શ્રી. ક. દ. ઓ. જૈન**

કચ્છ ગામ કુવાપધ્ધરનાં હાલ જલગાંવ નિવાસી માતૃશ્રી વેજબાઈ ભવાનજી ખીમજી મોતા (પટેલ)નાં પુત્રવધુ, સ્વ. શ્રી. કાંતિલાલ ભવાનજી મોતાનાં ધર્મપત્ની, મહેશ અને સૌ. દક્ષા રાજેન્દ્ર મોમાયા (જલગાંમબારોઈ)નાં માતૃશ્રી, ચિ. નેહા તેમ જ ચિ. ભવ્યનાં દાદીમા, ગં. સ્વ. શ્રીમતી ધનલક્ષ્મીબેન (ભચીબાઈ) કાંતિલાલ મોતા (ઉં. વ.૮૧)નું દેહાવસાન તા. ૨૫/૦૯/૨૪ ને બુધવારે જલગાંવ મુકામે થયેલ છે. તે સામા પક્ષે લાખબાઈ કાન્તિચંદ ગોવિંદજી ખોના (ઘાટકોપર સાંધવ)ની દીકરી. દેહદાન કરેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેપલા નિવાસી હાલ ઘાટકોપર જયોત્સનાબેન સુરેશભાઇ તથા સુરેશભાઇ નરોતમદાસ શાહના પુત્ર. રાજીવ સુરેશભાઇ શાહના ધર્મપત્ની સિદ્ધિ (ઉં. વ. ૪૩) તે પ્રવિણાબેન હિતેશભાઇ પારેખ (બોટાદવાળા)ના દીકરી. તે રાજુલબેન, વિપુલભાઇ ટોલિયાના ભાભી. મોહિતભાઇ, હિતેશભાઇ પારેખના બેન. તા. ૨૬-૯-૨૪ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી (હાલ બોરીવલી) સ્વ. બાલુભાઇ હરીચંદ શાહના સુપુત્ર પ્રવીણભાઇ (ઉં. વ. ૮૩) તા. ૨૯-૯-૨૪ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે કિરણબેનના પતિ. વિશાલ, નીપા, જુલી, રૂપલના પિતાશ્રી. તે વૈશાલીબેન, અતુલકુમાર, જતિનકુમાર, કાર્તિકકુમારના સસરા. તે હેતના દાદા. સ્વ. હસુમતીબેન વિનોદરાય શાહ (દિહોર), તે ઉષાબેન બિપીનકુમાર સંઘવી (પાલિતાણા)ના ભાઇ. પિયર પક્ષે દેવગાણા નિવાસી (હાલ મુલુંડ) શાંતિલાલ ભીમજી શાહના જમાઇ. તેમની ભાવયાત્રા તા. ૩૦-૯-૨૪ સોમવારે, સવારે ૧૦થી ૧૨.ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ.ટી.રોડ, બોરીવલી (વેસ્ટ).

### પાણીની ચિંતા

મોડક સાગર, તાનસા, વિહાર અને તુલસી છલકાઈ ગયા હતા. પાણીની ભરપૂર આવક થઈ હતી અને તેને કારણે ૨૯ જુલાઈએ પાણીકાપ પાછો ખેંચવામાં આવ્યો હતો.

જુલાઈમાં મુશળધાર વરસાદ બાદ ઑગસ્ટમાં છૂટોછવાયો વરસાદ રહ્યો હતો અને સપ્ટેમ્બર મહિનો પણ લગભગ કોરો ગયો હતો. પરંતુ સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં પડેલા ભારે વરસાદને પગલે જળાશયોમાં ફરી પાણીની આવક થઈ હતી અને પાણીનું સ્તર ૯૯ ટકાની ઉપર પહોંચી ગયું છે.

મુંબઈને આખું વર્ષ પાણીપુરવઠો કરવા માટે ૩૦ સપ્ટેમ્બરના ૧૪,૪૭,૩૬૩ મિલિયન લિટર જેટલો પાણીનો સ્ટોક હોવો જરૂરી છે. રવિવારે સવારે જળાશયોમાં ૧૪,૩૪,૨૨૭ મિલિયન લિટર જેટલું પાણી જમા થયું હતું. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૧૪,૩૭,૭૧૫ મિલિયન લિટર અને ૨૦૨૨માં ૧૪,૨૨,૦૯૧ જેટલો પાણીનો જથ્થો હતો. નવરાત્રી દરમિયાન હજી એકાદ વખત વરસાદ પડી જવાનો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે. તેથી જળાશયો જે થોડું ઘણું ઓછું પાણી છે, જે આગામી દિવસના વરસાદમાં જમા થઈ જશે એવો વિશ્વાસ પાણીપુરવઠા વિભાગના અધિકારીએ વ્યક્ત કર્યો હતો.

### બદલાપુર કેસ

અથડામણમાં મૃત્યુ પામેલા અક્ષયના શબને અંતિમસંસ્કાર માટે જગ્યા ફાળવવાનો ગામવાસીઓએ ઇનકાર કર્યો હતો. પરિણામે તેના મૃતદેહને હૉસ્પિટલમાં જ રાખવામાં આવ્યો હતો.

કહેવાય છે કે ઉલ્હાસનગરની શાંતિનગર સ્મશાનભૂમિમાં અક્ષયને દાટવા માટે ખાડો ખોદવામાં આવ્યો હતો. જોકે ત્યાંના સ્થાનિક રહેવાસીઓએ પણ વિરોધ કર્યો હતો. અક્ષયને દફનાવવા ખોદવામાં આવેલો ખાડો સ્થાનિકોએ પૂરી નાખ્યો હતો.

રવિવારે શાંતિનગર સ્મશાનભૂમિમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને જેસીબીની મદદથી ફરી ખાડો ખોદવામાં આવ્યો હતો. આ બાબતે અક્ષયનાં માતા-પિતાને જાણ કરવામાં આવી હતી. બાદમાં હૉસ્પિટલમાંથી તેના મૃતદેહને તાબામાં લઈ એમ્બ્યુલન્સમાં ઉલ્હાસનગર લઈ જવામાં આવ્યો હતો અને તેની દફનવિધિ હાથ ધરાઈ હતી.

ઉલ્લેખનીય છે કે શાળામાં બાળકીઓ સાથે કુકર્મ પ્રકરણે બદલાપુર પોલીસે ૧૭ ઑગસ્ટે અક્ષયની ધરપકડ કરી હતી. પોલીસ કસ્ટડી બાદ કોર્ટે તેને અદાલતી કસ્ટડી ફટકારી હતી. તેને તળોજા જેલમાં રાખવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ પત્નીએ કરેલા કેસની પૂછપરછ માટે ક્રાઈમ બ્રાન્ચે તળોજા જેલમાંથી અક્ષયની કસ્ટડી મેળવી હતી. થાણે લઈ જતી વખતે પોલીસ વૅનમાં અક્ષયે પોલીસ અધિકારીની પિસ્તોલ ઝૂંટવી લઈ ગોળીબાર કર્યો હતો. પોલીસના વળતા જવાબમાં તેનું મૃત્યુ થયું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## પ્રાંસગિક

રાજેશ યાજ્ઞિક
bhandev@bombay samachar.com

# કેમ કરાય છે મહિષાસુર મર્દિનીને નફરત ને મહિષાસુરને પ્રેમ?

### દેશના આદિવાસી સમાજની રોચક અને જાણવા જેવી પરંપરા



**ભારત** વિવિધતાઓનો દેશ છે. આપણે ત્યાં ભાષા, પહેરવેશ, ખાન-પાન, પરંપરાઓ, ધર્મ, જાતિની એવી વિવિધતા છે જે જગતમાં બીજે ક્યાંય જોવા મળતી નથી. એટલે જ ભારતને એક ઉપવનની ઉપમા આપીએ તો ખોટું નથી, જેમાં અનેક પ્રકારનાં પુષ્પો પોતપોતાના વિવિધ રંગ અને વિશિષ્ટ સુગંધ સાથે અલગ છતાં લગોલગ રહે છે. જ્યાં વિવિધતા હોય ત્યાં વિરોધાભાસ પણ હોવાનો. પૃથ્વીના એક ગોળાર્ધમાં જ્યારે સૂર્ય પ્રકાશિત હોય, ત્યારે અન્ય ગોળાર્ધમાં અંધકાર હોય છે. આપણે એમ તો ન કહી શકીએ પ્રકાશ સત્ય છે અને અંધકાર અસત્ય. આપણે ત્યાં આ જ વાત ધર્મને પણ લાગુ પડે છે. સનાતન ધર્મમાં આસ્તિકતાની સાથે નાસ્તિકતાનો પણ સ્વીકાર જોવા મળે છે. અહીંયા રામની પૂજા પણ થાય છે તો એવા પ્રદેશો પણ છે જ્યાં રાવણની પણ પૂજા થાય છે. આ વાત તો બહુ જાણીતી છે, પણ આપણા દેશમાં અસુર રાજ મહિષાસુરની પણ પૂજા થાય છે તે એક જાણવા જેવી વાત છે. કોણ કરે છે મહિષાસુરની પૂજા? શા માટે થાય છે?

એ તો સર્વવિદિત છે જ કે મા દુર્ગાએ નવ દિવસ યુદ્ધ કરીને દસમે દિવસે મહિષાસુરનો વધ કર્યો. આ કથા માર્કણ્ડેય પુરાણમાં ઉલ્લેખિત છે. આપણે આ નિમિત્તે નવરાત્રી પર્વ ઉજવીએ છીએ અને વિજયદશમીનું પર્વ મનાવાય છે. મહિષ અસુર હોવાથી મહિષાસુર કહેવાતો હતો. આપણા દેશમાં એક જાતિ એવી છે જે પોતાને અસુર જાતિના અને આ મહિષ એટલે કે મહિષાસુરના વંશજ માને છે. પ્રસિદ્ધ ઈતિહાસકાર ડી.ડી. કોસંબીએ મહિષાસુરને પશુપાલકોના આરાધ્ય તરીકે વર્ણવ્યા છે, જેને 'બ્રાહ્મણ ધર્મમાં' મહિષાસુર મર્દિનીએ માર્યા હતા (પ્રાચીન ભારતની સંસ્કૃતિ અને સભ્યતા, રાજકમલ પ્રકાશન). ઝારખંડ, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢના કેટલાક આદિવાસી વિસ્તારોમાં મહિષાસુરની પૂજા કરવામાં આવે છે.

આદિવાસીઓ તેમને તેમના પૂર્વજ માને છે. તેઓ કહે છે કે દેવી દુર્ગાએ તેને કપટથી મારી નાખ્યો હતો. મહિષાસુર તેમના પૂર્વજ હતા અને દેવતાઓએ રાક્ષસોને નહિ પરંતુ તેમના પૂર્વજોને માર્યા હતા. આવા જ કેટલાક આદિવાસી સમુદાયના લોકો ઝારખંડના ગુમલામાં રહે છે. ગુમલાની પહાડીઓમાં અસુર નામની આદિજાતિ રહે છે. ઝારખંડના સિંહભૂમ વિસ્તારના કેટલાક આદિવાસીઓ પણ મહિષાસુરને તેમના પૂર્વજ માને છે. આ વિસ્તારોમાં નવરાત્રી દરમિયાન મહિષાસુરનો શહીદ દિવસ ઉજવવામાં આવે છે. બંગાળના કાશીપુર વિસ્તારમાં આદિવાસી સમુદાયના લોકો મહિષાસુર શહાદત દિવસ ધામધૂમથી ઉજવે છે.

### શું છે માન્યતા?

અસુર આદિવાસી સમુદાયના લોકો માને છે કે દેવી દુર્ગા અને મહિષાસુર વચ્ચેનું યુદ્ધ વાસ્તવમાં આર્યો અને બિન-આર્ય વચ્ચેનું યુદ્ધ હતું.

આ યુદ્ધમાં આર્યોએ મહિષાસુરનો વધ કર્યો હતો. ઘણી જગ્યાએ મહિષાસુરને રાજા પણ માનવામાં આવે છે. અસુર જાતિના લોકો નવરાત્રી દરમિયાન દસ દિવસ સુધી શોક કરે છે. આ સમય દરમિયાન શુભ કાર્યો પણ તેમના માટે વર્જ્ય છે. કેટલાક આદિવાસીઓ માને છે કે મહિષાસુરનું સાચું નામ હુદુર દુર્ગા હતું. તે એક બહાદુર યોદ્ધા હતો. મહિષાસુરે સ્ત્રીઓ સામે શસ્ત્રો ન ઉપાડવાની પ્રતિજ્ઞા લીધી હતી તેથી, દેવી દુર્ગાને આગળ કરવામાં આવ્યાં હતાં અને કપટ દ્વારા હત્યા કરવામાં આવી હતી. આજે પણ આદિવાસીઓ તેમનાં બાળકોને મહિષાસુરની વાર્તાઓ સંભળાવે છે અને આ રીતે મહિષાસુરને તેમના પૂર્વજ માનવાની પરંપરા આજે પણ ચાલુ છે. આ જનજાતિનાં બાળકો માટીના બનેલા સિંહના રમકડા સાથે રમે છે અને તેઓ સિંહની ગરદન મરોડી નાખે છે. તેઓ આવું એટલા માટે કરે છે કારણ કે દેવી દુર્ગાનું વાહન સિંહ છે. અસુર જાતિના લોકો સિંહોને નફરત કરે છે.

### મૈસુર શહેરનું નામ મહિષાસુર ઉપરથી પડ્યું છે?

એક દંતકથા અનુસાર, કર્ણાટકમાં મૈસુર શહેરનું નામ મહિષાસુર પરથી પડ્યું હતું. ઘણા ઈતિહાસકારો પણ આ વાતને સમર્થન આપે છે. અહીંની લોકવાયકા મુજબ મહિષાસુરનો વધ માતા ચામુંડેશ્વરીએ કર્યો હતો. મૈસુરમાં એક ટેકરીનું નામ ચામુંડેશ્વરી દેવીના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ ટેકરી પર મહિષાસુરની પ્રતિમા સ્થાપિત છે.

### મહિષાસુર શહીદ દિવસનો વિવાદ

મહિષાસુરના શહીદ દિવસ અને તેની પૂજાને લઈને ઘણા વિવાદો થયા છે. મહિષાસુરને પણ ઘણી વખત રાજકારણમાં ખેંચવામાં આવ્યા છે. દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં મહિષાસુર શહીદ દિવસનું અનેકવાર આયોજન કરવામાં આવ્યું છે, જે ૨૦૧૧થી ચાલુ છે. ૨૦૦૮માં ઝારખંડના તત્કાલીન મુખ્યમંત્રી શિબુ સોરેને દશેરાના અવસર પર રાવણ દહન કાર્યક્રમમાં ભાગ લેવાની ના પાડી દીધી હતી. રાંચીના મોરાબાદી મેદાનમાં રાવણ દહન કાર્યક્રમમાં તેમણે એમ કહીને ભાગ લીધો નહોતો કે રાવણ આદિવાસીઓના પૂર્વજ છે.


આદિવાસીઓમાં દાંસાય નૃત્ય કરવામાં આવે છે. દેવી દુર્ગાની પૂજાના વિરોધમાં આ નૃત્ય કરવામાં આવતું હોવાનું તેમના આગેવાનો કહે છે. સમુદાયના વીર પુરુષો સ્ત્રીઓની જેમ, ધોતી જેવી સાડી પહેરીને, સમૂહમાં સેરેંગ નામનું ગીત ગાય છે અને ભૂઆગ નામક ઢોલ જેવું વાદ્ય લઈને દાંસાય નૃત્ય કરે છે. ■

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

# ગાંધીબાપુનાં વ્રતોમાંથી ને જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ કે આપણી તપશ્ચર્યા આત્મશુદ્ધિ માટે હોય



જે સાચા અર્થમાં મહાત્મા હોય છે તેઓ જાગૃતિપૂર્વક આપણી જેમ જીવતા હોય છે. અને એમાં ગાંધીબાપુ બહુ આગળ નીકળી ગયેલા મહાપુરુષ દેખાય છે. આપણી દ્રષ્ટિમાં તેઓ મહાત્મા છે પરંતુ એમણે પોતે ક્યારેય એવું નથી વિચાર્યું કે હું મહાત્મા છું. ક્યારેક કોઈ કવિ બોલે તો અન્યના આનંદ માટે કહેતા કે, હું મહાત્મા છું. બાકી તો તેઓ સામાન્ય સ્તર પર જ જીવતા. અને સામાન્ય બનીને જીવવું એ જ વ્યક્તિની મોટાઈ છે. તો મેં 'રામચરિતમાનસ'ના સાત કાંડમાં મહાત્માનાં જે લક્ષણો જોયાં છે એમાં 'બાલકાંડ'માં હૃદયની આરપારતા એ મહાત્માનું એક લક્ષણ છે. હૃદયની વિશુદ્ધિ, જે એક મહાત્મામાં હોવી જોઈએ. 'માનસ'નું ત્રીજું સોપાન છે, 'અરણ્યકાંડ'. ગાંધીબાપુના સંદર્ભમાં એમાં મેં કહ્યું હતું કે તપસ્યા એ મહાત્માનું ત્રીજું લક્ષણ છે. ગાંધીજી એમની પ્રાર્થના સભાઓમાં એમ કહેતા કે મારે સવાસો વર્ષો સુધી જીવવું છે. મારે મરવું નથી, પરંતુ જે પ્રકારનું આજે વાતાવરણ જોઉં છું તો એમ થાય છે કે હું જીવી નહીં શકું ! સાહેબ, મહાત્માપણાનો જેને અનુભવ થયો હોય તે જ આમ કહી શકે. એમણે કહી રાખ્યું હતું કે મારી હત્યા થશે. અને જ્યારે હું મરું ત્યારે જો મારા મુખમાંથી 'રામ' નીકળે તો માનજો કે આ વ્યક્તિએ ઉપાસના કરી હતી, મેં સત્યની પૂજા કરી હતી.

'રામચરિતમાનસ' ના 'અરણ્યકાંડ'માં તમને શબરીની તપસ્યા, જાનકીના વિરહમાં ભગવાન રામની તપસ્યા, રામનું દુઃખ જોઇને લક્ષ્મણજીની તપસ્યા જોવા મળશે. આખો 'અરણ્યકાંડ' તપસ્યાથી ભરેલો છે. મહાત્માની મારી વ્યાખ્યા છે કે તે તપસ્વી હોય. હું આપને નિવેદન કરું છું કે આ અર્થમાં ગાંધીબાપુને જુઓ. તપસ્યાના કેટલાયે આયામો છે. તપસ્યા ત્રણ સ્તર પર થતી હોય છે. માનસિક સ્તર પર, શારીરિક સ્તર પર અને વાચિક સ્તર પર. સૌથી સ્થૂળ તપસ્યા છે-શારીરિક સ્તર પર થતી તપસ્યા. એવી તપસ્યાને પણ વંદન છે. શારીરિક સ્તરની તપસ્યાનો મારો અર્થ છે કે કોઈ કારણવશ, કોઈ લક્ષ્યની સિદ્ધી માટે જે પોતાના શરીરને વધારે કષ્ટ આપે છે. ચાલો માની લીધું કે તપથી શુદ્ધિ મળે છે, પરંતુ કેટલાયે લોકો પોતાના શરીરને વધુ પડતું કષ્ટ આપે છે. અતિ શારીરિક તપસ્યા કરે. હું આલોચનામાં નહીં જાઉં, સૌની પોતાની શ્રદ્ધા હોય છે, નમન. હું એટલી પ્રાર્થના જરૂર કરું કે જે તપસ્યા તમારા મનની પ્રસન્નતા છીનવી લે તે ખરેખર તપસ્યા છે કે નહીં, તે પાક્કું કરજો. કસોટી પર ખરું કરજો. મેં જોયું છે કે અતિ તપસ્યા કરનારા ક્યારેય હસતા નથી, બહુ ગંભીર બની જાય છે. ચીડિયા સ્વભાવના થઇ જાય છે. આખો વખત ચીડ-ચીડ કરે છે. સાવ તળપદી બોલમાં કહીએ તો બોલાવ્યાએય નથી થતા. તપસ્યા હોવી જોઈએ, હું કબૂલ કરું, શારીરિક સ્તર પર હોવી જોઈએ, પરંતુ જે તપસ્યા માણસની પ્રસન્નતા છીનવે તેનો શો અર્થ? હું ફરી એક વાર ભગવાન જગદ્ગુરુ આદિ શંકરાચાર્યને યાદ કરું. એમણે કહ્યું હતું કે- **प्रसन्नचिते परमात्म दर्शन।** જ્યાં સુધી ચિત્ત પ્રસન્ન નથી હોતું ત્યાં સુધી પરમાત્માના દર્શનનું દ્વાર નથી ખુલતું. ચૈતસિક પ્રસન્નતા પરમાત્માના દર્શનનું એક દ્વાર છે, એવું આચાર્યચરણ વિવેક ચુડામણીમાં ફરમાવે છે. તપસ્વી પ્રસન્ન ચિત્ત હોવો જોઈએ. તમે હદથી વધારે ઉપવાસ કરો...ઘણાં મને કહે કે મને ઓમકાર દેખાય છે. હું તેને કહું કે તને ઓમકાર નહીં, તારો અહંકાર દેખાય છે. પહેલાના સમયમાં ઘણા કઠિન શારીરિક તપ કરતાં. નદીના પ્રવાહમાં બેસી રહેતા, પ્રખર તાપમાં પોતાને શેકતા, કોઈ વળી ખીલા પર પોતાને સુવડાવતા, તો કોઈ કોડા મારતા, પરંતુ આ કળિયુગ છે, હદથી વધુ શરીરને સુખ પણ ન આપો અને હદથી વધુ દુઃખ પણ ન આપો. ભગવાને ગીતામાં યુક્તાહાર પર બલ આપ્યું છે. ભગવાન કહે છે કે તમે જો વધુ ભૂખ્યા રહેશો તો તમારી અંદર બેઠેલો હું વધુ દુઃખી થઈશ. તમે ઉપવાસ કરો, જરૂર કરો પણ હદથી વધુ નહીં. ખરેખર તો જેને આપણે પ્રેમ કરીએ છીએ તેના મનની વધુ નિકટ રહેવું તેનું નામ ઉપવાસ છે. આપણું નિરંતર હરિ સ્મરણ બની રહે તે ઉપવાસ છે.


વધુ પડતાં કષ્ટથી આત્માને કદાચ દુઃખ ન થાય પરંતુ આત્મપીડન જરૂરી નથી. બાપ ! હું આપને કહી રહ્યો હતો કે જે પ્રસન્નતા ન દે તે તપસ્યાનું કોઈ મૂલ્ય નથી. પ્રસન્નતાના ભોગે કરવામાં આવતી તપસ્યાનું કોઈ મૂલ્ય નથી. લોકો મૌનવ્રત લે અને પછી આખા ઘર સામે રાત-દિન ગુસ્સો કરે. બીજી તપસ્યા છે માનસિક સ્તર પર. જીવનમાં જે પરિસ્થિતિ આવે તેને હરિઈચ્છા અથવા હરિકૃપા સમજી સહી લેવી, તે માનસિક તપ છે. ગાંધીબાપુ, હું જ્યાં સુધી સમજ્યો છું ત્યાં સુધી બીજાને પીડા આપવા તપ નહોતા કરતા. એમના ઉપવાસ આત્મશુદ્ધિ, આત્મશોધ માટેના હતા.

(સંકલનઃ જયદેવ માંકડ)■

## અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombay samachar.com

# પંચમહાભૂત છે પૃથ્વી, પાણી, તેજ, આકાશ, વાયુ



(ગતાંકથી ચાલુ)

આ રીતે પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપ્યો કે પ્રજાપતિએ સૃષ્ટિનો પ્રારંભ કેવી રીતે કર્યો. વાત હવે પ્રાણ અને રયિં પાસે આવીને અટકી ગઈ. પ્રાણ શું છે એ સ્પષ્ટ નથી એટલે હવે બીજો પ્રશ્ન આવે છેઃ 'भगवन् कत्येव देवा: प्रचां दिधारयन्ते कतर एतत् प्रकाशयन्ते क: पुनरेषां वरिष्ठ इति ।' આ શરીરને અને આ બ્રહ્માંડને કેટલા દેવો ધારણ કરી રાખે છે? એમાં વરિષ્ઠ કોણ? પિપ્પલાદજી ઉત્તર આપે છેઃ ''૧૯ દેવો આ શરીરને ધારણ કરે છે, પિંડ-બ્રહ્માંડ બંનેને.'' કયા-કયા ૧૯ દેવો છે આ? પાંચ જ્ઞાનેન્દ્રિયોના પાંચ દૈવત છે. આપણી ભાષામાં આપણે ઘણી વાર કહીએ છીએ કે, 'આંખના દેવતા ઊઠી ગયા.' એટલે કે આંધળા થઈ ગયા. આનો અર્થ આંખનું દૈવત છે, એના દેવતા છે. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો. એ રીતે પાંચ કર્મેન્દ્રિયો છે હાથ, પગ, મુખ, ઉપસ્થ, પાયુ. પંચમહાભૂત છે પૃથ્વી, પાણી, તેજ, આકાશ, વાયુ. આ પંદરના દૈવત છે જે આ શરીરમાં પણ છે અને બ્રહ્માંડમાં પણ છે. એ પછી છે અંતઃકરણ ચતુષ્ટ્યઃ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર. એમના પણ દેવતા છે. આ ૧૯ દેવો આ શરીરને ધારણ કરી રાખે છે. હવે બીજો પ્રશ્ન એ આવ્યો કે એમાં વરિષ્ઠ કોણ? – એમાં પછી વિવાદ શરૂ થયો. આંખના દેવતા કહે કે, 'તમે મારા વગર જોઈ ન શકો.' કાનના દેવતા કહે કે, 'તમે મારા વગર બહેરા થઈ જાઓ.' આ કથા 'છાંદોગ્ય ઉપનિષદ'માં અને 'બૃહદઆરણ્યક ઉપનિષદ'માં પણ છ. એ પછી પ્રયોગ શરૂ થયો. એક-એક દેવતા બહાર નીકળે કે જોઈએ શું થાય છે... આંખના દેવતા બહાર નીકળ્યા, પણ કામ તો ચાલ્યું. આંધળા આંધળા જીવાય તો ખરું જ! બધા જ એક પછી એક નીકળવા માંડ્યા. સૌને લાગ્યું કે આપણામાંથી એક પણ અનિવાર્ય નથી. વરિષ્ઠ કોઈ નથી. તો વરિષ્ઠ કોણ છે? વરિષ્ઠ પ્રાણ છે. પ્રાણ એ આ શરીરને અને બ્રહ્માંડને ધારણ કરનાર વરિષ્ઠ દૈવત છે. બધાએ માન્યું નહીં કે 'અમે કેમ માનીએ કે તમે વરિષ્ઠ છો?' તો પ્રાણે સહેજ બહાર નીકળવાની તૈયારી કરી ત્યાં તો આખું શરીર ખળભળી ઊઠ્યું. ઈન્દ્રિયોના દેવતા બહાર નીકળવા માંડ્યા કે તમારા વિના અમે આ શરીરમાં રહી ન શકીએ. પ્રાણ વિના આંખ શું કરે? પ્રાણ વિના કાન શું કરે? બધાએ સ્વીકાર્યું કે પ્રાણ એ આ શરીરને અને બ્રહ્માંડને ધારણ કરનાર વરિષ્ઠ દેવતા છે. છતાં હજી પ્રાણ એટલે શું એ વિચાર તો હજુ ચાલુ જ છે. એનો સ્પષ્ટ ખુલાસો હવે પછીના ઉત્તરમાં આવશે. અહીં બીજા પ્રશ્નમાં એટલું નક્કી થઈ ગયું કે શરીરને ધારણ કરનાર ૧૯ દેવતા છે, પરંતુ એ સૌમાં વરિષ્ઠ દેવતા પ્રાણ છે.

હવે ત્રીજો પ્રશ્ન આવે છે. ત્રીજા પ્રશ્નમાં છ પેટાપ્રશ્નો છે. એ પણ પ્રાણવિજ્ઞાનનો જ પ્રશ્ન છે. અહીં પ્રાણ એટલે શું એ સ્પષ્ટ થઈ જશે. આ છ પેટાપ્રશ્નોમાં પહેલો પ્રશ્ન છેઃ ''આ પ્રાણ કોનામાંથી જન્મે છે?'' જો પ્રાણ એ આત્મા હોત તો આ ઋષિ આ પ્રશ્ન ન પૂછત, કારણ કે આત્મા અજન્મા છે. આ પૂછનાર ઋષિ છે. એને ખબર છે કે આત્મા અજરઅમર છે. આ પ્રશ્નથી જ સિદ્ધ થાય છે કે અહીં પ્રાણનો અર્થ આત્મા નથી. બીજો પ્રશ્ન છે કે, 'પ્રાણ આ શરીરમાં કેવી રીતે આવે છે?' ત્રીજો પ્રશ્ન એ છે કે, 'પ્રાણ આ શરીરમાં કયા સ્વરૂપે વસે છે?' ચોથો પ્રશ્ન છે કે, 'પ્રાણ આ શરીરને કેવી રીતે છોડે છે?' પાંચમો પ્રશ્ન છે કે, 'પ્રાણ વ્યક્તિગત શરીર અને બ્રહ્માંડને કંઇ રીતે ધારણ કરી રાખે છે?' છઠ્ઠો પ્રશ્ન એ છે કે, 'વૈયક્તિક અને વૈશ્વિક શરીરની પ્રાણને ધારણ કરવાની શી વ્યવસ્થા છે?' –આ રીતે છ પ્રશ્નો છે.

પિપ્પલાદજી વચ્ચે બોલે છેઃ ''તમે અતિ પ્રશ્નો પૂછો છો, છતાં તમે બ્રહ્મનિષ્ઠ છો, માટે ઉત્તર તો હું આપીશ.'' અહીં વિચારવાનું એ છે કે અતિપ્રશ્ન એટલે શું? ત્રણ પ્રકારના અતિપ્રશ્નો હોય છે. કેટલાક પ્રશ્નોના ઉત્તર શક્ય જ નથી, માટે એ અતિપ્રશ્ન છે. 'બૃહદારણ્યક ઉપનિષદ'માં ગાર્ગી યાજ્ઞવલ્કયને પૂછે છે કે, ''આ બધું શેમાં ઓતપ્રોત છે?'' એમ પૂછતાં-પૂછતાં છેલ્લે જવાબ આવે છે કે બ્રહ્મલોકમાં બધું ઓતપ્રોત છે, તો ગાર્ગી આગળ પૂછે છે કે, ''બ્રહ્મલોક કોનામાં ઓતપ્રોત છે?'' એ પ્રશ્નનો કોઈ ઉત્તર ન હોય. ઝાડને મૂળ છે. મૂળના કોઈ મૂળ ન હોય! સર્વનો જે આધાર છે એનો આધાર કોણ? એટલે મહર્ષિ યાજ્ઞવલ્કય કંઈક કડક ભાષામાં કહે છે કે, ''તારું મસ્તક પડી જશે, ગાર્ગી! અતિપ્રશ્ન ન પૂછ.'' બીજા પ્રકારના અતિપ્રશ્ન એ કહેવાય છે કે જેનો ઉત્તર શક્ય છે, પરંતુ પ્રશ્ન પૂછનારના ગજાની બહારનો છે. માટે તે એના માટે અતિપ્રશ્ન છે. ત્રીજો અતિપ્રશ્ન એ છે કે કેટલીક વાતો ગુપ્ત રાખવાની હોય છે, છતાં પ્રશ્ન પૂછાય તો એ અતિપ્રશ્ન છે.

અહીં આ છ પેટાપ્રશ્નોના ઉત્તર સમજવા માટે યૌગિક પ્રાણવિજ્ઞાન થોડું સંક્ષેપમાં આપણે સમજી લેવું પડશે. યૌગિક પ્રાણવિજ્ઞાન એટલે જેના પર આખું પ્રાણાયામનું વિજ્ઞાન ઊભું છે તે. પાંચ પ્રાણ છેઃ પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, પાંચ ઉપપ્રાણ છેઃ નાગ, કૃમા, કૃકર, દેવદત્ત, ધનંજય. પાંચેયના નિશ્ચિત સ્થાન અને નિશ્ચિત કાર્યો છે. આ પ્રાણના પ્રવાહો જેમાંથી વહે છે તેને 'નાડી' કહેવામાં આવે છે. Channel through which currents of vital being are moving. નાડી એટલે રક્તવાહિનીઓ નહીં, નાડી એટલે 'નર્વસ સિસ્ટમ' નહીં. એ પ્રાણમય શરીરની નાડીઓ છે, સ્થૂળ શરીરની નહીં. એવી અનેક નાડીઓ આ શરીરમાં છે, જેમાંથી પ્રાણના પ્રવાહો વહે છે. એ નાડીમાં અડચણ આવે તો પ્રાણનો પ્રવાહ બરાબર વહી ન શકે. એટલે જ યૌગિક પ્રાણવિજ્ઞાનમાં નાડી-શોધનને અનિવાર્ય અને પ્રારંભિક ભૂમિકા ગણવામાં આવે છે. સાત ચક્રો છેઃ મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ આણા અને સહસ્રા. આ નામ તો બધાએ સાંભળ્યા છે. પણ પ્રશ્ન થાય કે આ ચક્રો છે શું? એ ચેતનાના સાત સ્તર છે. એને જ ભૂલોક, ભુવર્લોક, સ્વર્લોક, મહલોક, જનલોક, તપલોક, સત્યલોક કહ્યા છે. આ ચેતનાના સાત સ્તર વ્યક્તિમાં પણ છે અને બ્રહ્માંડમાં પણ છે. એ સાતે સ્તર જ્યાં-જ્યાં જોડાયેલા છે, જ્યાં એની ગાંઠ બાંધી છે તે ચક્રો છે. એ ચક્રો દ્વારા જે-તે ચેતનાના સ્તરમાં પ્રવેશ થઈ શકે છે. એ ન ખૂલે તો ગાંઠ છે, પરંતુ ખૂલે તો દ્વાર છે. ચેતનાના સાતે સ્તર સુધી પહોંચવા માટેના એ દ્વાર છે. અસાધારણ પ્રાણશક્તિ વિના એ ચક્રોનું ભેદન ન થાય. 'કઠોપનિષદ'માં એક મંત્ર છે કે, 'नायमात्मा बलहीनेन लभ्यो' આત્મા બળહીનને પ્રાપ્ત થતો નથી. બળનો અર્થ અહીં શરીરબળ નથી, પ્રાણબળની વાત છે. અધ્યાત્મ એ વીરોનો, મર્દોનો માર્ગ છે, કાયરોનું કામ નથી. અસાધારણ પ્રાણશક્તિ ન હોય તો ચક્રોનું ભેદન ન થાય. ચક્રોનું ભેદન થયા વગર બુદ્ધિપૂર્વક પુસ્તકો ગમે તેટલા વાંચીએ ચેતનાનું રૂપાંતર થતું નથી.

ગુર્જિયેફના શિષ્ય ઉસ્પેન્કી અધ્યાત્મની શોધમાં ભારત આવેલા. ખૂબ ફર્યા અને પછી જઈને એક પુસ્તકમાં લખે છેઃ ''ભારતીય અધ્યાત્મવિદ્યા પાંડિત્યના બોજમાં દબાઈ ગઈ છે.'' પૂરેપૂરા નહીં, પરંતુ આંશિક રીતે તેઓ સાચા છે. દસ-બાર વર્ષ સુધી વેદાંતનો અભ્યાસ કરનાર વેદાંતાચાર્યને પૂછીએ કે વેદાંતની સાધના શું? તો કહેશે કે, 'એ અમને ખબર નથી. અમે તો દર્શન ભણ્યા છીએ.' વેદાંત મૂલતઃ દર્શન નથી, એ મૂલતઃ અધ્યાત્મવિદ્યા અને સાધનતત્ત્વ છે.

તો આ થઈ યૌગિક પ્રાણાયામની મૂળ વાત. હવે આપણે છએ છ પેટાપ્રશ્નો લઈએ. પહેલો પ્રશ્ન છેઃ ''આ પ્રાણ શામાંથી જન્મે છે?'' ઉત્તર છેઃ ''પ્રાણ આત્મામાંથી જન્મે છે.'' આત્મા એટલે ભગવાન શ્રીરામ અને પ્રાણ એટલે હનુમાનજી. વાલી એટલે અપાન અને સુગ્રીવ એટલે ઉદાન. પ્રાણ આત્મામાંથી જન્મે છે, એટલે આ ઉપનિષદમાં પ્રાણનો અર્થ આત્મા નથી. પ્રાણ આત્માનું વાહન છે. 'વાલ્મીકી રામાયણ'માં ભગવાન શ્રીરામને હનુમાનજી મહારાજ સૌથી પહેલા ઋષ્યમૂકની તળેટીમાં મળે છે અને મળીને તરત ખભે બેસાડી દે છે. કારણ કે પ્રાણ એ આત્માનું વાહન છે. ભગવાન વિષ્ણુનું વાહન ગરુડજી છે. ગરુડજીના પગના પંજામાં શું છે? નાગ છે. નાગ એ અપનન છે, એની નિમ્ન ગતિ છે. ગરુડજી એ ઉદાન છે, ઊર્ધ્વગતિ છે. અપાનને પકડીને જો ઊર્ધ્વગતિ થાય તો વિષ્ણુ એટલે કે આત્મા આવીને એના પર બિરાજમાન થાય છે એવો એનો આધ્યાત્મિક અર્થ છે.

હવે બીજો પ્રશ્ન એ છેઃ ''પ્રાણ આ શરીરમાં કોનાથી ખેંચાઈને આવે છે ?'' ઉત્તર છેઃ ''મન દ્વારા.'' મન પોતાના સંસ્કારો પ્રાણ અને આત્માને આ શરીરમાં ખેંચી લાવે છે. ત્રીજો પ્રશ્ન છે કે, ''પ્રાણ આ શરીરમાં કેવી રીતે રહે છે?'' પ્રાણ પોતાને પાંચ સ્વરૂપમાં વિભક્ત કરે છેઃ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન. અપાનનું સ્થાન ભાભિથી નીચે છે. એ ભોગનો કારક છે. ઉદાનનું સ્થાન કંઠથી ઉપર છે. સુષુમ્ણાની ઊર્ધ્વગતિમાં એનું સ્થાન છે, જે યોગનો કારક છ. પ્રાણ પોતે છાતી અને મસ્તકની વચ્ચે રહે છે. સમાન શરીરના મધ્યભાગમાં રહે છે. વ્યાન સતત પરિભ્રમણ કરે છે. જે રક્તવાહિની અને નર્વસ સિસ્ટમને ચલાવે છે તે વ્યાન વાયુ છે. આ પ્રાણના પાંચ સ્વરૂપો છે. આ ત્રીજા પ્રશ્નનો ઉત્તર થયો.

ચોથો પ્રશ્ન છેઃ ''પાણ આ શરીર છોડીને કેવી રીતે જાય છે?'' ઉદાન દ્વારા પ્રાણ આ શરીર છોડીને બહાર નીકળે છે. એ એનો ઉત્તર છે. પાંચમો અને છઠ્ઠો પ્રશ્ન છેઃ ''આ શરીરના પંચ પ્રાણનું સ્વરૂપ અને વૈશ્વિક પંચપ્રાણનો સંબંધ શો છે? વૈશ્વિક પંચપ્રાણ આ પંચપ્રાણને કેવી રીતે ટેકો આપે છે?'' હનુમાનજી પ્રાણતત્ત્વ છે, માટે એમને વાયુપુત્ર કહ્યા છે. યોગશાસ્ત્રમાં અનેક સ્થાને 'વાયુ' અને 'પ્રાણ' પર્યાયવાચક ગણાય છે. જેમ 'મહાભારત'માં ભીમ છે, તેમ 'શ્રીરામચરિતમાનસ'માં હનુમાન છે. હવે આ છેલ્લા પ્રશ્નનો જવાબ એ છે કે પૃથ્વી એ સમગ્ર બ્રહ્માંડમાં અપાનનું સ્વરૂપ છે, નિમ્નગામી છે. આ શરીરમાં જેમ મુખ્ય પ્રાણ છે, તેમ વૈશ્વિક પ્રાણ સૂર્ય છે. સૂર્ય બ્રહ્માંડનો પ્રાણ છે. આ શરીરમાં જે વ્યાન ફરતો રહે છે, તે બ્રહ્માંડમાં વાયુદેવ છે. જે સતત ફરતા રહે છે. આ શરીરમાં જે સમાન છે, તે આકાશ છે. આ શરીરમાં જે ઉદાન છે તે વૈશ્વિક તેજતત્ત્વ છે. જે મુક્તિનું કારક છે, પ્રકાશ છે. આ રીતે આ શરીરના પાંચ તત્ત્વો અને સમષ્ટિના પાંચ તત્ત્વોનું જોડાણ છે, એટલે જ 'પિંડે સો બ્રહ્માંડે' કહેવાયું છે. આ રીતે છ પેટા પ્રશ્નોના ઉત્તર અપાય છે અને ત્રીજો પ્રશ્ન અહીં સમાપ્ત થાય છે. (ક્રમશઃ)■

પ્રકરણ ૭૪




# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

જગમોહન દીવાન પરિવારના ફ્લેટની આસપાસ પોલીસ પહેરો ગોઠવાઈ ગયો હતો. મકાનના મુખ્ય પ્રવેશદ્વાર પાસે બે પોલીસ કોન્સ્ટેબલ ખડે પગે ઊભા રહી ગયા હતા. થાણાથી સન્યાલ સાહેબનો ફોન પણ આવી ગયો હતો કે મકાનની આસપાસ સાદા ડ્રેસમાં છૂપી પોલીસના માણસો પણ મકાનની અંદર બહાર થતા માણસો પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

'મિ. દીવાન, મેં મારા બાહોશ માણસોને આ કામમાં લગાડી દીધાં છે. સો ડોન્ટ વરી એન્ડ એન્જોય' સન્યાલે ફોનમાં જગમોહનની હિંમત વધારવાનો પ્રયત્ન કર્યો હતો.

'એન્જોય... આનંદો.. સન્યાલ સાહેબ કહે એટલે શું નાચવાનું શરુ કરી દેવાનું?' જગમોહન મનોમન ખિજાયો હતો. પોલીસ જો એટલી કાબેલ હોત તો છાશવારે ખૂનખરાબા ન થતા હોત

ખેર, પોલીસે બંદોબસ્ત ગોઠવી આપ્યો, પણ એ જોઈને કાતિલ ચેતી જાય અને પોતાનો મનસૂબો પાર પાડવાનું ગાંડપણ ન પણ દેખાડે.

બધાની હાજરીમાં જગમોહને શેખી તો મારી કે એમ કોઈ હાલીમવાલીની ધમકીથી ડરી ન જવાય. હકીકતમાં એ ડરતો નહોતો પણ સો ટકા સ્વસ્થ પણ નહોતો.

એને મૃત્યુનો ડર નહોતો....જગમોહનને હારવાનો ડર હતો. કોઈને મારી નાખવામાં બુદ્ધિની જરૂર નથી પડતી. ક્રૂરતા અને ગુસ્સાની ચરમસીમા વટાવ્યા બાદ એક લાગણીહીન માણસ આવું પગલું ભરી શકે. ખરી બુદ્ધિ, ખરું કૌશલ્ય હાર-જીતની બાજીમાં છે. તમે જ્યારે હાર-જીતની સ્પર્ધામાં સતત હારતા રહો ત્યારે કોઈને મારી નાખીને જીતનો ભ્રામક આનંદ ઉઠાવી શકો...આને લીધે જગમોહન ચિંતામાં પડી ગયો.

કોણ હશે એ વ્યક્તિ જે એની સામે હાર્યો હોય અને હવે એની હારનો બદલો લેવા માગતો હોય? એ બચી શકશે? ગાયત્રી એના મોતને ટાળી શકશે?

હમણાં હત્યારો એની સામે આવીને ઊભો રહી જાય તો? એ સ્વબચાવ કેવી રીતે કરશે?

જગમોહનને અચાનક પોતાની ગૂમ થયેલી રિવોલ્વર યાદ આવી ગઈ. કોણ જાણે રિવોલ્વર કોણ ચોરી ગયું હશે! ઘરનાં પણ એવાં ડફોળ છે કે એક ગનને સાચવી ન શક્યાં.

એક વાત ચોક્કસ હતી કે પોલીસ બંદોબસ્ત નહોતો ત્યારે પણ બહારની વ્યક્તિ ઘરમાં આવીને રિવોલ્વર ચોરી જાય એ વાતમાં દમ નહોતો તો શું ઘરની કોઈ વ્યક્તિએ ચોરી હશે?

એનો અર્થ એ કે એના દુશ્મન સાથે ઘરનું કોઈ ભળેલું હતું!

જગમોહન ચમકી ગયો. એણે આ દૃષ્ટિકોણથી વિચાર્યું નહોતું. ઘરની કોઈ વ્યક્તિ પણ એના શત્રુ સાથે મળેલી હોય અને એની હિલચાલની રજેરજની માહિતી એને પહોંચાડતી હોય તો... કોણ હશે એ?

પ્રભા- વિક્રમ- કરણ- પૂજા- રેવતી- જતીન અને લખુકાકા... જગમોહન એની માનસિક ડાયરીમાં બધાં નામો ચકાસી ગયો અને પછી પોતે જ પોતાની મૂર્ખાઈ પર હસી પડ્યો.

આ બધાં એનાથી નારાજ હશે તો પણ હત્યારા સાથે ભળે એવાં હલકાં નથી.

શું પ્રભા એનો કાંટો દૂર કરવાનું વિચારી શકે? શું વિક્રમ દીવાન ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ'નો સર્વેસર્વા બનવા એને માર્ગમાંથી દૂર કરી શકે?

શું કરણ એની પ્રેમિકાને મેળવવાની ઘેલછામાં એના બાપનું કાસળ કાઢી શકે?

ફરી એક વાર જગમોહન ડરી ગયો.

અમુક ભયંકર વિચારોને શબ્દોમાં બાંધવાથી એની ભયાનકતા અને કુરૂપતા વધી જાય. જાસૂસી નવલકથા અને ફિલ્મોમાં તો આવું બનતું જ હોય છે.

ગાયત્રી હાજર હોત તો બે ડઝન હિન્દી ફિલ્મોનાં નામ પણ બોલી નાખત, જેમાં હીરોનું ખૂન એના પરિવારના સભ્યોએ કરાવ્યું હોય...! આ વિચારથી જગમોહનના ચહેરા પર સ્મિત ફરકી ગયું.

૪૭ વરસની ઉંમરે એક એવી વ્યક્તિનો ભેટો થયો હતો કે હવે પોતાની જિંદગી લંબાય એવી ઈચ્છા થતી હતી. અને આ જ ઉંમરે જ એવી વ્યક્તિ એની જિંદગી ટૂંકાવી નાખવાની ધમકી આપતો હતો.

શત્રુ અને મિત્ર જીવનના એક જ મોડ પર મળ્યા હતા.

એકને એ ઓળખી શક્યો હતો. બીજો એને ઓળખતો હતો. સારું થયું. વસિયતનામું બદલાવી નાખ્યું. હવે કોઈ વસવસો નથી.

જગમોહન ઊભો થઈની વૉર્ડરોબ પાસે આવ્યો. જે ડ્રોઅરમાં રિવોલ્વર રાખી હતી એ ખાનું ખાલી કરી નાખ્યું. ગનનું ક્યાંય નામોનિશાન નહોતું.

એને પ્રભા પર ગુસ્સો ચડતો હતો...બની શકે આ કરતૂત જમાઈબાબુનું જ હશે. એમણે જ મોંઘી ગનને વેચી નાખીને રોકડા પોતાના ખિસ્સા ભેગા કર્યા હશે..!

ઘરમાં એક હથિયાર તો રાખવું જોઈએ. પિસ્તોલ નહીં તો એક લાંબી છરી તો હોવી જોઈએ, જેથી કોઈ હુમલો કરે તો જાતને બચાવી તો શકાય.

'ગાયત્રી...' જગમોહને હાંક મારી.

'જી.' ગાયત્રીએ ટહુકો કર્યો.

એક મૃતપ્રાય શરીરમાં કોઈએ પ્રાણ પૂર્યા હોય એવો અનુભવ જગમોહનને થયો. ગાયત્રીને એમ કેવી રીતે કહેવાય કે તું મારાથી અળગી ન પડ, આસપાસ જ રહે. તારી હાજરી જ મારું સુરક્ષા કવચ છે, દુશ્મન તો શું મૃત્યુ પણ પીછેહઠ કરી જશે.

'તમે મને બોલાવી?' જગમોહનને વિચારમગ્ન મુદ્રામાં જોઈને ગાયત્રીએ પૂછ્યું.

'ગાયત્રી, તારી ઉંમરમાં ૨૪ વરસ વધારી દે અથવા મારી ઉંમરમાંથી એટલાં વરસો ઘટાડી દે. જો બંને સરખી વયના વૃદ્ધ હશું તો કોઈ પાર્કના બાંકડામાં બેઠાં બેઠાં ડૂબતા સૂરજને જોયા કરશું અને સરખી ઉંમરના યુવાન બનશું તો દરિયામાં છલાંગ લગાવશું...' જગમોહન જાણે તંદ્રામાં બોલતો હતો.

'ઓ હો... આજ તો કંઈ શાયરના મિજાજમાં લાગો છો... ગુડ. તમે આવા હળવા વિચારો કરીને તમારો ડર દૂર રાખવા માગતા હો તો મને વાંધો નથી.' બોલતાં બોલતાં ગાયત્રી ખડખડાટ હસી પડી.

'ઉફ, ગાયત્રી, તેં મારી ખુશીના ફુગ્ગાને ટાંકણી મારી દીધી. બે મિનિટ માટે હું મારા હત્યારાને ભૂલી જાઉં તો તને વાંધો છે?' જગમોહન રિસાઈ ગયો હોય એ રીતે કહ્યું.

'કાકુ, મને શું વાંધો હોઈ શકે? બે મિનિટ નહીં બે વરસ... અરે, આખી જિંદગી તમે તમારા હત્યારાને ભૂલી જાઓ એવું હું ઈચ્છીશ. હંઅ, તો બોલો મારે જ ઉંમરની વધઘટ કરવાની હોય તો હું બૂઢી શા માટે થાઉં? તમને જ યંગ ન કરી દઉં?! '

'એટલે શું હું હમણાં બૂઢો છું એમ તું કહેવા માગે છે?' જગમોહને કૃત્રિમ ગુસ્સો ઉછાળ્યો.

જગમોહનના ગાલ પર રતાશ ઊભરાઈ આવી. કાનની બૂટ ગરમ થઈ ગઈ અને શરીરમાં એક અજીબ ઉન્માદ પ્રસરી ગયો. કોઈ પણ માણસ સતત આટલી ખુશીમાં રહી શકે તો એ દોઢસો વરસ જીવી શકે, એણે વિચાર્યું.

'બૂઢા નહીં પણ...' ગાયત્રીએ આંખો નચાવતા કહ્યું. ઘરડા તો ખરા જ...' પછી ખડખડાટ હસી પડતાં ગાયત્રીએ ઉમેર્યું, 'ઓ.કે. ઘરડા શબ્દ તો વધુ પડતો થઈ જશે, નહીં?' ગાયત્રીના મુક્ત હાસ્યથી રુમ ગુંજી ઊઠયો.

જગમોહનની આંખના ખૂણા ભીંજાઈ ગયા.

આજુબાજુ જાણે વહેલી સવારનો ખુશનુમા તડકો ફેલાઈ રહ્યો હોય તેવી શીતળતા એ અનુભવી રહ્યો.

તાકાત છે કે મોતની કે આ હાસ્યને ભેદીને મારા સુધી પહોંચી શકે? હિંમત છે કોઈ પણ દુષ્ટ હત્યારાની કે જેની નસેનસમાં જીવન ઠાંસોઠાંસ ભર્યું હોય એવી લગભગ દેવી કહી શકાય એવી વ્યક્તિને વટાવીને મારા સુધી પહોંચી શકે? જગમોહનનું મન જાણે એના શત્રુને લલકાર આપતું હતું.

ગાયત્રી પાસે હોય તો એને કોઈનો ડર નહોતો.

'શું થયું કાકું, ખોટું લાગ્યું? ઓ.કે, તમે યંગ છો.... બસ? પણ મને જ કહો કે હું મારી ઉંમર વધારું એના કરતાં તમારી ઉંમર ઘટાડી ન દઉં? હા, પણ એમ કરવા જતાં એક નુકસાન થશે!' ગાયત્રી બોલતી હતી.

'નુકસાન? કેવું નુકસાન?' જગમોહને પણ હસી નાખ્યું.

'તમારી વયમાંથી વરસ ઘટાડું તમે તો યુવાન થઈ જશો. પણ હું અલોપ થઈ જઈશ. કેમ કે હું તો જન્મી જ નહીં હોઉં....! હા, એક ફાયદો પણ થશે, કાકુ' ગાયત્રીના ચહેરા પર હાસ્ય ઓસરતું હતું.

'હવે ફાયદો વળી શેનો?' તું જ ન હો તો મારે યુવાન થઈને શું કરવું છે?' જગમોહને ફરિયાદ કરી.

'ના કાકુ, મારા મમ્મી-પપ્પા તો ફરી જીવતાં થઈ જશેને ?!' ગાયત્રીની આંખોમાં ભીનાશ પથરાઈ ગઈ.

'ગાયત્રી, જો તું ઉદાસ થઈ જવાની હો તો મારે નાના નથી બનવું.' જગમોહને ગંભીર થવાની ચેષ્ટા કરી.

'નાના તો તમે એમ પણ બની શકો છો. કાલે સવારના રેવતીબહેનના પગ ભારે થશે ત્યારે તમે નાના જ કહેવાશો.' ગાયત્રી ફરી હસી પડી.

'ગજબ છે આ છોકરી. જેને જોઈને ઈશ્વર પર શ્રદ્ધા બેસી જાય એવી અદ્ભુત છે આ છોકરી. ઈશ્વર વિના આવું સર્જન કોણ કરી શકે?'


જગમોહન પણ હસી પડ્યો. બંને થોડ પળો સુધી હસતા રહ્યા.

'ગાયત્રી, મેં એવું સાંભળ્યું છે કે જે બહુ હસે એને વધુ રડવું પણ પડે...' જગમોહને ગંભીર વદને કહ્યું.

'શું તમે પણ આવી વાતોમાં વિશ્વાસ રાખો છો ? આ આપણી નબળાઈ છે, બીજું કંઈ નહીં. હસે એનું ઘર વસે' એ ઉક્તિ નથી સાંભળી?'

'ઘર તો વસે પણ પછી? પછી એ જ ઘરમાં ખૂની ઘૂસે તો?' જગમોહનને લાગ્યું કે એની દરેક વાતને છેડે ખૂની જ આવતો હતો.

'કાકુ, પ્લીઝ.... તમે ઈશ્વરમાં શ્રદ્ધા રાખો તમારા એ કાતિલને તમારા સુધી પહોંચતા પહેલાં મને મારવી પડશે....' જગમોહનને ગાયત્રીએ હૈયાધારણ આપી.




આંખોમાં ઊભરાયેલાં ઝળઝળિયામાં જગમોહનને સામે ઊભેલી ગાયત્રીનો ચહેરો ઝાંખો દેખાવા માંડ્યો.

'ગાયત્રી, વિક્રમને ફોન કરીને કહી દે ને કે ઑફિસેથી આવતી વખતે એક રામપૂરી ચાકુ લઈ આવે. રિવોલ્વર નથી તો કમથી કમ એક ચાકુ તો ઘરમાં રાખીએ....' જગમોહન બોલ્યો.

'યસ, હું હમણાં વિક્રમભાઈને ફોન કરી દઉં છું.'

'હા, વિક્રમને કહેજે કે કોઈ માણસને ન મોકલે. નાહકના પ્રશ્નો ઊભા થશે અને ચર્ચા થશે. છરી લેવા એ પોતે જાય તો સારું...'

'એઝ યુ પ્લીઝ મેરે આકા.... હવે હું મારી બોટલમાં પુરાઈ જઉં?' જાદુઈ બોટલમાંથી નીકળેલા જીનની જેમ ગાયત્રી બોલી.

'બોટલમાં જતાં પહેલાં એક છેલ્લું કામ કરી દે. તારી ઉંમર એટલી જ રાખીને મારી ઉંમરમાંથી ૨૪ વરસ ઘટાડી દે ! .'

'જૈસી આપ કી આજ્ઞા....!' ગાયત્રી હસતાં હસતાં બહાર નીકળી ગઈ.

જગમોહન અને ગાયત્રી બંનેને ખબર હતી કે કોઈ એક વ્યક્તિ જગમોહનની જિંદગીમાંથી એનાં તમામ વરસો ઘટાડી દેવા માટે યોગ્ય તક માટે ટાંપીને બેઠી હતી.

* * *******

'વિક્રમ શેઠ...' ઈન્સ્પેક્ટર પ્રમાણિકનો અવાજ વિક્રમ ઓળખી ગયો.

'હા, ફરમાવો પ્રમાણિક....' વિક્રમે ચાહીને 'ઈન્સ્પેક્ટર ' સંબોધન કાઢી નાખ્યું ને અવાજમાં ય કોઈ ઉષ્મા ન દેખાડી..

'અરે વાહ... વિક્રમ શેઠ, તમે તો મારો અવાજ એક સેકન્ડમાં ઓળખી લીધો!'

'આ તો તમારા મોઢામાંથી એટલી લાળ ટપકે છે કે આખી ટેલિફોન લાઈન ભીની થઈ જાય છે.' વિક્રમે ફટકો માર્યો. ઈન્સ્પેક્ટર સમસમી ગયો, પણ કંઈક વિચારીને ગમ ખાઈ ગયો.

જેની પાસે બે પૈસાની કમાણી થતી હોય એનો થોડો અહંકાર અને અવિવેક ચલાવી લેવો જોઈએ, એણે વિચાર્યું.

'શેઠ, તમે પણ શું સાહેબ.... મજાક કરો છો! હવે મારી ખબર એટલી ગરમ છે કે એક સેકન્ડમાં ટેલિફોન લાઈન સુકાઈ જશે.' અપમાન ગળીને ઈન્સ્પેક્ટર પ્રમાણિક બોલ્યો.

વિક્રમ ટટ્ટાર બેસી ગયો. ઈન્સ્પેક્ટર ગમે તેટલો લાલચુ હોય પણ એની પાસે ઈન્ફોર્મેશન જબરદસ્ત હોય છે.

'હવે શું કામનું ઈન્સ્પેક્ટર, મને એરેસ્ટ કરતી વખતે તો તમે પણ મને બચાવી ન શક્યા.' જાણે બહુ રસ ન પડ્યો હોય એમ વિક્રમે જવાબ આપ્યો.

'સાહેબ, એ મારી ડ્યૂટિ હતી. તમને હું છોડી દઉં તો મારા ઉપરીઓ મને પકડી લે, પણ સાહેબ એ ભૂલી જાઓ. તમે મોટા માણસ છો. વાસ્તવમાં તમે શ્યામલી ચક્રવર્તીનું ખૂન કર્યું હશે ને તો પણ તમારો કોઈ વાળ વાંકો નહીં કરી શકે. તમારા કનેક્શન મેં જોઈ લીધાં છે. તમારા પિતા પણ એક મોટે હસ્તી છે '

પપ્પાની પ્રશંસા સાંભળીને વિક્રમ રાજી તો થયો, પણ પછી પિતાના વ્યવહારની યાદ તાજી થતાં મોઢું કડવાશથી ભરાઈ ગયું.

'ઠીક છે, ઠીક છે પ્રમાનિક, કામની વાત કરો.'

'હું વિક્રમ શેઠ, તમે પેલા દાઢીવાળાને ફોન કર્યો હતો ને?' ઈન્સ્પેક્ટરે ભૂમિકા બાંધીને વાતની શરૂઆત કરી.

'હા, એનું શું છે!' વિક્રમે ઉત્કંઠાથી પૂછ્યું.

'તમે એને મળવા પણ ગયા હતા પણ પંખી ગેસ્ટહાઉસમાંથી ઊડી ગયું હતું.' ઈન્સ્પેક્ટરે વાતને લંબાવી.

ઓહ! તો આ ઈન્સ્પેક્ટરને ખબર છે કે એ દાઢીવાળાને શોધવા પોતે ગેસ્ટહાઉસ ગયો હતો. વિક્રમ ચૂપ રહ્યો.

'સાહેબ, ખબર એવી સોલિડ છે કે તમે ફરી વાર મારા ઘરનું સરનામું પૂછીને તાત્કાલિક બીજું પેકેટ રવાના કરશો.' ઈન્સ્પેક્ટરે પછી ઉમેર્યું :

'સોરી સાહેબ, ટેલિફોન પણ ભીંજાઈ ગયો હોય તો.... પણ શું છે ને ... કે ઘોડા ગોળપાપડી નહીં ખાતા... ઉસકો ઘાસ હી મંગતા ક્યા? ! '

ઈન્સ્પેક્ટર પ્રમાણિકે મુંબઈયા ટપોરીની અદાથી વાત કરી. એને ખાતરી હતી કે વિક્રમ લાઈન કાપી નહીં શકે.એણે વાત વધારી :

'સર, આ વખતે પેકેટમાં થોડું વજન' વધુ મૂકજો ! '

'ઓ.કે.. વધુ વજનવાળુ પેકેટ આજે જ મળી જશે. હવે ખબર સંભળાવો...' વિક્રમે નમતું જોખ્યું.

'વેરી ગુડ વિક્રમ શેઠ. મોટા માણસોની આ સ્ટાઈલ મને બહુ જ ગમે છે. પોતાના સ્વાર્થની વાત આવે ત્યારે નરમ પડીને ગધેડાને પણ પપ્પા... પપ્પા કરવા માંડે.' હવે ઈન્સ્પેક્ટરે ફટકો માર્યો.

વિક્રમ ચૂપ રહ્યો.

'એની વે, તમને સ્વાર્થી કહેવા માટે મેં મારી જાતને ગધેડો કહ્યો છે એટલે માઠું નહીં લગાડતા. વિક્રમ શેઠ, એ દાઢીવાળાનો પત્તો લાગી ગયો છે...!' (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| બૃહસ્પતિ | દેવોના ઉપરી |
| વિશ્વકર્મા | દૈત્યગુરુ |
| ઇન્દ્ર | દાનવ |
| અસુર | દેવોના શિલ્પી |
| ભાર્ગવ | દેવોના ગુરુ |

### ઓળખાણ પડી?

મુખ્યત્વે શિયાળાની મોસમમાં આરોગવામાં આવતી આ ભાજીની ઓળખાણ પડી? અન્નકૂટમાં પણ વાપરવામાં આવતી ભાજી ઔષધીય ગુણ પણ ધરાવે છે.



અ) તાંદળજાની ભાજી બ) સુવાની ભાજી ક) પાલકની ભાજી ડ) મેથીની ભાજી

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | ૨ ગ | ઠ | ૩ ન | ■ | ૪ આ | યો | ૫ જ | ન | ■ |
| ૬ ક્ર | મ | ■ | ૭ ક | ૮ પા | ળ | ■ | મ | ■ | ૯ અ |
| ૧૦ મ | તા | ■ | ૧૧ લ | ઠ | ■ | ૧૨ ભ | વા | ટ | વિ |
| ણ | ■ | ૧૩ ટ | ■ | ૧૪ શા | ય | ર | ■ | ■ | સ્મ |
| ■ | ૧૫ ચે | ન | ૧૬ ચા | ળા | ■ | ૧૭ મા | ૧૮ ર | ૧૯ મા | ર |
| ૨૦ પ | ત | ■ | હ | ■ | ૨૧ પા | ર | સ | મ | ણિ |
| ર્યા | ■ | ૨૨ રા | ત | ૨૩ ભ | ર | ■ | ૨૪ મ | લ | ય |
| ૨૫ વ | ૨૬ દ | ન | ■ | ૨૭ યા | દ | ૨૮ વ | ■ | ત | ■ |
| ૨૯ ર | સ | ■ | ૩૦ દા | વ | ■ | ૩૧ ખા | ન | દા | ન |
| ણ | ■ | ૩૨ ઉ | દા | હ | ર | ણ | ■ | ર | ■ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | ■ | | ■ | |
| ૯ | | | ■ | ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | |
| | ■ | ■ | ૧૩ | | | | ■ | ૧૪ | |
| ૧૫ | ૧૬ | ૧૭ | | ■ | | ■ | ૧૮ | | ■ |
| ■ | ૧૯ | | | ૨૦ | ■ | ૨૧ | ■ | ૨૨ | ૨૨અ |
| ૨૩ | | ■ | ૨૪ | | ૨૫ | | ૨૬ | ■ | |
| | ■ | ૨૭ | ■ | ■ | ૨૮ | | | ■ | |
| ૨૯ | | | ૩૦ | ૩૧ | ■ | | ■ | ૩૨ | |
| | ■ | ૩૩ | | | | ■ | ૩૪ | ■ | |

આડી ચાવી

૧. વિશેષ અર્થ ધરાવતો શબ્દ પ્રયોગ (૫)
૪. વિભાગ, ફકરો, પ્રકરણ (૪)
૭. શણગારેલી સીમંતિની, વાણી (૨)
૯. સાક્ષી (૩)
૧૦. માણસ (૩)
૧૨. બગલ (૨)
૧૩. ઉતાવળ (૪)
૧૪. ઋતુ, મગ્ન (૨)
૧૫. સોના ચાંદીનો કસબ કરનાર (૪)
૧૮. ---- વાગવી એટલે નુકસાન થવું (૨)
૧૯. દેવાદાર, ઓશિયાળું, વસવાયો (૪)
૨૨. કવિતા લખે તે (૨)
૨૩. સાપ, ચિત્તો, વાઘ (૨)
૨૪. કસરતી જુવાન (૫)
૨૮. જીવનની મૂળભૂત જરૂરિયાત (૩)
૨૯. બધે રખડ્યા કરનાર (૫)
૩૨. યાદી (૨)
૩૩. સો પાંખડી (વાળું કમલ) (૪)
૩૪. દેવું કરીને પણ ---- પીવું (૧)

ઊભી ચાવી

૧. રૂપનું જેને અભિમાન છે એવી સ્ત્રી (૫)
૨. વહેણ (૩)
૩. અવસર, સંગમ, લાગ (૨)
૫. ખાલી (૨)
૬. હસ્તાક્ષર (૪)
૮. ભાષાંતર (૪)
૧૦. એક માસ (૨)
૧૧. છ (૨)
૧૨. હિંદુ વર્ષનો પહેલો માસ (૪)
૧૩. મેઘ (૪)
૧૬. વજનનું માપ (૩)
૧૭. ---- થી કામ થાય તે બળથી ના થાય (૨)
૨૦. નસ (૨)
૨૧. અમંગળ, દુર્ભાગી, ભીષણ (૪)
૨૨અ. લખાણ વાંચતાં થોભવાની નિશાની (૫)
૨૩. ભાષાના પ્રયોગો-નિયમોનું શાસ્ત્ર (૪)
૨૫. ગોટાળો, વાંધો, ઝઘડો (૨)
૨૬. નસીબ-(અ.) (૨)
૨૭. નિરાશ, નાસીપાસ (૩)
૩૦. ચાંદ-તારાને ઊગવાનો સમય (૨)
૩૧. અભિમાન (૨)

### ગુજરાત મોરી મોરી રે

વિષ્ણુ ભગવાનના મંત્રમાં ખૂટતો શબ્દ જણાવો.

મઙ્ગલં ભગવાન વિષ્ણુઃ મઙ્ગલં ગરુડધ્વજઃ મઙ્ગલં ------------- મંગલાયતનો હરિઃ

અ) પદ્માસનઃ બ) કાર્યાવહ
ક) પુણ્ડરીકાક્ષઃ ડ) ભગવન્નઃ

### માતૃભાષાની મહેક

આસ્થા એટલે શ્રદ્ધા, વિશ્વાસ, ભાવના, પૂજ્યબુદ્ધિ વગેરે અત્યંત પ્રચલિત અર્થ છે. આ સિવાય આશા, ઉમેદ, અપેક્ષા ઈચ્છા જેવા અર્થ પણ છે. આસ્થાઈ એટલે ગાયનના ચાર ભાગમાંનો એક ભાગ. આસ્થાઈ, અંતરા, આભોગ અને સંચારી એ ગીતની વ્યવસ્થા ગણવામાં આવતી હતી. આસ્થાની એટલે કચેરી ભરાય એ જગ્યા, રાજાનો દરબાર આ નામથી પણ ઓળખાતો.

### સુડોકુ-૬૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૯ | | ૩ | ૭ | | | |
| ૬ | | | ૯ | | | | | |
| ૭ | ૫ | | | ૪ | | ૯ | | ૨ |
| ૩ | | | | | ૫ | | ૪ | |
| | | ૫ | | | | ૮ | | |
| | ૪ | | ૬ | | | | | ૯ |
| ૯ | | ૮ | | ૬ | | | ૧ | ૫ |
| | | | | | ૮ | | | ૬ |
| | | | ૨ | ૫ | | ૩ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૧ | ૫ | ૯ | ૪ | ૬ | ૨ | ૩ |
| ૩ | ૯ | ૨ | ૬ | ૮ | ૭ | ૫ | ૧ | ૪ |
| ૫ | ૪ | ૬ | ૩ | ૨ | ૧ | ૯ | ૭ | ૮ |
| ૧ | ૬ | ૭ | ૯ | ૫ | ૮ | ૩ | ૪ | ૨ |
| ૯ | ૨ | ૪ | ૭ | ૩ | ૬ | ૧ | ૮ | ૫ |
| ૮ | ૩ | ૫ | ૪ | ૧ | ૨ | ૭ | ૯ | ૬ |
| ૨ | ૧ | ૩ | ૮ | ૬ | ૯ | ૪ | ૫ | ૭ |
| ૬ | ૭ | ૯ | ૨ | ૪ | ૫ | ૮ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૮ | ૧ | ૭ | ૩ | ૨ | ૬ | ૯ |

### ઈર્શાદ

રટે છે નામ ઈશ્વરનું કરે છે પાઠ ગીતાના,
રહે છે કિન્તુ જીવનમાં અસર એ કેટલાં વરસો.
-- કુતુબ 'આઝાદ'

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'હાથ જોડી શાંતચિત્તે કરીએ આરાધના' પંક્તિમાં આરાધના શબ્દનો અર્થ જણાવો.

અ) આસન બ) અર્પણ ક) ભક્તિ ડ) દર્શન

### માઈન્ડ ગેમ

વૈદકમાં પંચકર્મનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે. આ પ્રકારની ચિકિત્સામાં પાંચ પ્રકારની ક્રિયા હોય છે. વિકલ્પમાંથી એક ક્રિયા શોધી કાઢો.

અ) આચમન બ) પાચન
ક) વિરેચન ડ) તાલેવન

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| | |
|---|---|
| અવંતિકા | મધ્ય પ્રદેશ |
| નાભિગયા | ઓડિશા |
| પદગયા | તામિલનાડુ |
| માતૃગયા | સિદ્ધપુર |
| બ્રહ્મકપાલ | બદ્રીનાથ |

ગુજરાત મોરી મોરી રે
પિતૃગણાય

ઓળખાણ પડી?
પિંડદાન

માઈન્ડ ગેમ
ચાંદોદ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
આમંત્રણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતિમા પમાણી (૭) ગીતા ઉદેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવીણ વોરા (૩૨) નિતીન બજરિયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) પુષ્પા ખોના (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) ખુશરૂ કાપડિયા (૪૭) અલકા વાણી (૪૮) કમલેશ મૈઠિઆ (૪૯) વિજય આસર (૫૦) જગદીશ ઠક્કર (૫૧) નિખિલ બંગાળી (૫૨) અમીશી બંગાળી

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# મનનો સંતોષ એટલે જીવનનું સુખ



**અજ્ઞાનથી** મોહિત, રાગદ્વેષથી ત્રસ્ત, આસુરી સંપત્તિથી ગ્રસ્ત, મોહમાયામાં લુપ્ત, મૃત્યુના સત્યને ન સ્વીકારનાર, ચાર્વાક દર્શન પ્રમાણે જિંદગીને પ્રત્યેક ક્ષણે માણી લેવાનો પ્રયત્ન કરનાર વ્યક્તિ જે મળે તેનાથી ક્યારેય સંતોષ ન પામે. આખી જિંદગી બંને હાથે એકત્રિત કરવામાં આવે તો પણ વધુ મેળવવાની કામના તેટલી જ દ્રઢ રહી શકે. ત્રણેય લોકનું સામ્રાજ્ય મળે તો પણ તેના વિસ્તાર માટે પ્રયત્નો ચાલુ રહે. કુબેરની સંપત્તિ મળે તો પણ લોભ શાંત ન થાય.

મન એ એવી ખાઈ છે કે જે ક્યારેય પુરાઈ ન શકે. મન તળિયાં વિનાનો કૂવો છે. મન પર શરૂઆતથી જ નિયંત્રણ રાખવું પડે. મનને શરૂઆતથી જ કાયદામાં રાખવું પડે. મનને શરૂઆતથી જ સંયમની ટેવ પાડવી પડે. એકવાર લોહી ચાખી ગયા પછી મન ક્યારે સંયમમાં ન રહે. જે મળે તેનાથી સંતોષ પામવાની ટેવ જીવનના પ્રારંભિક તબક્કામાં જ પડી જવી જોઈએ.

વાસ્તવમાં તો કશું પામી શકાતું નથી. પામી ગયાનો જે ભ્રમ ઊભો થાય છે તો એક સમયગાળા પૂરતો જ હોય છે. જે વસ્તુ પામી ચૂક્યા હોઈએ તે ફરીથી પામવાની ઈચ્છા ન થાય અથવા તો તેનો વિયોગ સંભવ ન બને, પણ આમ થતું નથી. મન ક્યારેય સંતોષ ન પામે. જે તે વસ્તુ પ્રાપ્ત થયા બાદ એકવાર સંતોષની લાગણી ઉદ્ભવે પણ ખરી, પરંતુ સમય જતાં અસંતોષ પાછો જાગ્રત થાય. મન ક્યારેય તૃપ્ત ન થાય, જો ક્યારેક તૃપ્તિનો ભાવ જાગે તો પણ તે કાયમી ન હોય. મન ક્યારેય ન ભરાય, જો મન ક્યારેક ભરાય જાય તો તે પાછું ખાલી પણ થઈ જાય. મન ક્યારેય પૂર્ણતામાં શાંત ન થાય, જો તે શાંત થયેલું જણાય તો તે નિદ્રાવસ્થા કે બેભાનાવસ્થાને કારણે હોઈ શકે. મન ક્યારેય જે મળે તેમાં રાજી ન થાય. સૃષ્ટિમાં બધો ખેલ મનનો છે, બંધન પણ મન દ્વારા સ્થાપિત થાય છે અને મુક્તિની ભૂમિકા પણ મન દ્વારા સર્જાય છે.

જીવન નિર્વાહ માટે ચોક્કસ બાબતોની જરૂર રહે. કુટુંબના ઉત્તરદાયિત્વને પોષવા માટે પણ ન્યૂનતમ જરૂરિયાતો પ્રાપ્ય હોવી જોઈએ. હવા અને પાણી તો ભગવાન આપી રહે છે. ખોરાક તથા સલામતીના ભાવ માટે આવાસની જરૂરિયાત રહે. સાથે સાથે જીવનની સરળતા માટે થોડા ઉપકરણો પણ જરૂરી ગણવામાં આવે છે. પરંતુ આની માટેની માંગણી તથા તેના સંદર્ભમાં કરાયેલ પુરુષાર્થનું પ્રમાણ વિવેકપૂર્ણ હોવું જોઈએ. જ્યાં સુધી મૂળભૂત જરૂરિયાતો સંતોષાઈ જાય ત્યાં સુધી પુરુષાર્થ જરૂરી પણ છે, તે પ્રમાણેની ઈચ્છા પણ યોગ્ય છે, તે પ્રકારના ભાવની સ્થાપના પણ જરૂરી છે, પરંતુ આ બધા માટેની ઈચ્છા તથા પુરુષાર્થ જ્યારે અમર્યાદિત માત્રામાં - અપ્રમાણસર હોય ત્યારે પ્રશ્ન તો ઊભા થવાના જ.

શ્વાસ એટલો જ લેવાય કે જેટલો ફેફસાં સમાવી શકે. ખોરાક એટલો જ લેવાય જેટલો જઠર ગ્રહણ કરી શકે. આંખો એટલો જ પ્રકાશ ઝીલી શકે જે તેના નેત્રપટલને અનુકૂળ હોય. આવું દરેક જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિય માટે કહી શકાય. આ સ્તરની આગળની ઈચ્છા એટલે લોભ - લાલસા. વાસ્તવમાં, સંતોષી નર સદા સુખી હોય છે. સંતોષમાં મળતી તૃપ્તિ અકલ્પનીય હોય છે. ઈશ્વર સૃષ્ટિમાં સંતુલન સાધવા માટે પ્રયત્ન કરતો હોય છે એ બાબત સમજાતાં જે મળે તેમાંથી ખુશ રહેવાની વૃત્તિ જાગતી હોય છે અને ક્યારેય ઓછપનો ભાવ નષ્ટ થાય છે. જે છે તે બરાબર છે, જેટલું મળે છે તે યોગ્ય છે, અહીં ક્યાંય કોઈને અન્યાય નથી થતો - સૃષ્ટિનું આ સત્ય છે.

જોકે વધુ મેળવવું જ હોય તો તે છે ગુરુની કૃપા. જો વધુ પુરુષાર્થ કરવો જ હોય તો તે ભક્તિ કે યોગ સાધના માટે થવો જોઈએ. જો દુન્યવી સંપત્તિની વધુ ઈચ્છા હોય તો તે પાછળ દાનનો આશય હોવો જોઈએ. સત્કાર્ય માટે વધુની અપેક્ષા રાખી શકાય. જનસમાજની વધુ સેવા કરવા માટે વધુ સામર્થ્યની ઈચ્છા રાખી શકાય. પરોપકારની સંભાવના વધે તે માટે વધુ સ્વાસ્થ્ય માટે પ્રયત્ન કરી શકાય. પરંતુ જો વધારાની ઈચ્છા પાછળ સ્વજ કેન્દ્રમાં હોય, તો જે મળે તેમાં જ રાજી રહેવું ઇચ્છનીય છે.

સૃષ્ટિનું શ્રેષ્ઠ સૌંદર્ય સદા આંખો સામે રહેતું હોય, સૃષ્ટિનો શ્રેષ્ઠ ધ્વનિ સદાય કર્ણપટલ પર અથડાતો હોય, જાતજાત પ્રકારના વ્યંજનથી સૃષ્ટિના શ્રેષ્ઠ રસ જીભ પામી શકતી હોય, સૃષ્ટિની શ્રેષ્ઠ સુવાસ ચારે બાજુ સદાય ફેલાયેલી રહેતી હોય, સૃષ્ટિની શ્રેષ્ઠ સુંવાળપ, નરમાશ તથા શીતળતા સદાય ચોતરફ પ્રસરેલી હોય, તો પણ મનને સંતોષ થાય એ જરૂરી નથી. મન હંમેશાં વધુ માગે. મનની અપેક્ષાઓ વધતી જ જાય. મનને ક્યારેય સંતોષ ન થાય. મનમાં ઇન્દ્રિયો દ્વારા જેમ જેમ વધુ ઈચ્છિત વસ્તુઓ હોમવામાં આવે તેમ તેમ મન વધુને વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે. મન જે મળે તેનાથી ક્યારે તૃપ્ત ન થાય. મનની આ પ્રકૃતિ છે, પણ તેનું નિયમન શક્ય છે. આ માટે ઇચ્છિત વસ્તુનું યોગ્ય જ્ઞાન થવાથી વૈરાગ્ય જાગ્રત થવો જોઈએ અને તે વૈરાગ્ય ટકી રહે તે માટેનો અભ્યાસ સતત ચાલુ રહેવો જોઈએ. એકવાર વૈરાગ્ય અને તેનો અભ્યાસ થાય પછી ક્યારે અસંતોષ, દુ:ખ, અભાવ, અપ્રાપ્તિ કે અવકાશનો અનુભવ ન થાય.

ઈશ્વર જે જરૂરી છે તે આપે જ છે, અને જે આપે છે તે જ જરૂરી હોય છે. ઈશ્વર કોઈને ઓછું નથી આપતો. બધું જ વ્યવસ્થિત છે. નિયમબદ્ધ વ્યવસ્થા જ સૃષ્ટિનું સંચાલન કરે છે. આમાં કોઈને ઓછું નથી મળતું. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

## બ્રહ્માનંદસ્વામી

# શકવર્તી સાંસ્કૃતિક સંપદાના અર્થપૂર્ણ ઉદ્‌ગાતા-૩

**અમદાવાદમાં** મંદિર નિર્માણ માટે બ્રિટિશ અધિકારી જનરલ ગોર્ડન ભગવાન સ્વામિનારાયણના સમાજસુધારણાલક્ષી કાર્યો તથા ગુનાહિત પ્રવૃત્તિમાં રત પ્રજાને સદાચારી બનાવીને સદ્‌પ્રવૃત્તિઓમાં વાળવાના વલણથી પ્રભાવિત હતા. મંદિર માટે નવાણુ વર્ષના પટ્ટે જમીન અપાવવા માટે અનુકૂળ વલણ દાખવતા હતા, શ્રીજી મહારાજ સાથે બ્રહ્માનંદે પોતાની કાવ્યરચના અને એનું પ્રભાવક પ્રસ્તુતિકરણ જનરલ ગોર્ડન સમક્ષ કરેલું. અધિકારી ગોર્ડન પોતે પણ સાહિત્યના જાણકાર હતા. હિન્દી સમજતા હોઈને બ્રહ્માનંદ સ્વામીની પ્રસ્તુતિથી પ્રભાવિત થયેલા. પછી તો રવિવાર કે રજાના સમયે કાવ્યવિનોદ માટે બ્રહ્માનંદજી સાથે ગોષ્ઠિ કરતા. તેઓ મિલટ્રી સાથે સંકળાયેલા હતા અને ઘોડેસવારીમાં પ્રવીણ હતા. એક વખત એમનો ઘોડો બીમાર પડેલો. ડૉક્ટરો એ બિમારી દૂર ન કરી શક્યા. બ્રહ્માનંદ શાલીહોત્રશાસ્ત્ર - અશ્વરક્ષણનું - જાણકારીનું શાસ્ત્ર જાણતા. એ મુજબ અશ્વના રોગની જાણકારી મેળવીને ઔષધપાન કરાવ્યું. ઘોડો તંદુરસ્ત થઈ ગયો. ગોર્ડનસાહેબે બ્રહ્માનંદસ્વામી પાસેથી શાલિહોત્ર શાસ્ત્રના થોડા મહત્ત્વના છંદો લખાવી લીધેલા. દલપતરામે બ્રહ્માનંદજીની આ હકીકત કિન્લોક ફાર્બસસાહેબને જણાવતા કહેલું કે 'તમારા અધિકારી ગોર્ડનસાહેબે મારા ગુરુ બ્રહ્માનંદજીની કવિત્વશક્તિ અને શાલીહોત્રશાસ્ત્રનું જ્ઞાન અર્જન કરીને પ્રસન્ન થઈને પ્રતિભાવ રૂપે કે ગુરુદક્ષિણા રૂપે ઈસ્ટ ઇન્ડિયા કંપની મારફત અમદાવાદની મંદિરની જગ્યા નવાણુ વર્ષના પટ્ટાને બદલે યાવત્‌ચંદ્રદિવાકરોનો માલિકી લેખ મેળવી આપેલો. મંદિર નિર્માણમાં બ્રહ્માનંદજી અમદાવાદમાં આનંદમુનિ સાથે રહીને શિલ્પકળાના, કોતરકામના કલાત્મક રીતના ભવ્ય-દિવ્ય મંદિર નિર્માણમાં ખૂબ સમય આપતા. ઘણો એક સમય થયો અને ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણ મંદિર નિર્માણકાર્ય અવલોકવા અમદાવાદમાં પધારેલા. ખૂબ રાજીપો વ્યક્ત કર્યો, પછી આનંદમુનિને કહે કે 'મંદિર નિર્માણ મહત્ત્વનું





છે પણ સંપ્રદાયની સાધનાધારાનું અને ભક્તિધારાનું સાહિત્યસર્જન નિર્માણ પણ વધારે મહત્ત્વનું અને આવશ્યક હોઈને સ્વામીને ગઢપુર લઈ જાઉં છું. તમે અહીંનું કામ સંભાળજો. જરૂર જણાય ત્યારે પૃચ્છા કરજો - બોલાવી લેજો. ગઢપુરમાં શ્રીહરિની આજ્ઞાથી 'સુમતિપ્રકાશ' ગ્રંથનો આરંભ કરેલો. ગ્રંથની વિષયસામગ્રીની બ્રહ્માનંદે કરેલી માવજતથી શ્રીહરિ પ્રસન્ન હતા. ગ્રંથપૂર્ણ થાય એ સમયે જ મંદિરનિર્માણના પૂર્ણાહુતિ સમયે અમદાવાદ આવવાનું થયેલું એટલે પ્રસંગની અને નરનારાયણદેવની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગની વિગતોને ગ્રંથમાંની પૂર્ણાહુતિ વેળાના આલેખનમાં સમાવિષ્ટ કરેલ છે. એમાંથી ગ્રંથ અહીં પૂર્ણ થયાથી પ્રતીતિ એ ગ્રંથના અંતિમ ભાગમાં બ્રહ્માનંદજીએ નરનારાયણદેવની પ્રાણપ્રતિષ્ઠાની વિગતમાંથી અવલોકવા મળે છે. ગ્રંથ પૂર્ણ કરતા આલેખ્યું છે કે

'સંવત્ અષ્ટાદશ સહી, વરસ અઠોત્તેર જાણ
મહાસુદ પંચમીવાર બુધ, પુરણગ્રંથ પ્રમાણ
શ્રીનગર શુભ શહેરમેં, નરનારાયણ પાસ
ત્હાં રહી બ્રહ્માનંદ કવિ કીનો સુમતિ પ્રકાશ'

ઈ.સ. ૧૮૧૮ આરંભેલું અને વિ.સં. ૧૮૭૮, ઈ.સ. ૧૮૨૨માં પૂર્ણ થયેલું. અમદાવાદનું કાળુપુર મંદિર બ્રહ્માનંદજીની મંદિરનિર્માણની સૌંદર્યમૂલક દૃષ્ટનું ઉદાહરણ છે. સાહિત્યનિર્માણની સમાન્તરે મંદિરનિર્માણ એ સ્વામિનારાયણ સંપ્રદાયની સહજાનંદસ્વામીની સૂઝનું પ્રાત્યક્ષિત સ્વરૂપ જણાય છે.

પછી તૂર્ત જ બીજા વર્ષ ભગવાન સ્વામિનારાયણે માત્ર બાર રૂપિયાની સિલક મૂડી આપીને સંવત ૧૮૭૯માં ઈ.સ. ૧૮૨૩માં વડતાલમાં મંદિર નિર્માણકાર્યમાં મોકલેલા. નાનકડું મંદિર વડતાલ તળાવની પાળ પાસે હનુમાનનું હતું એવું કરવાનું કહેલું, પણ બ્રહ્માનંદ સ્વામીએ પોતાની મૌલિક સૂઝથી અને હરિભક્તોના સહયોગથી મંદિરની વિશાળ જગ્યા પસંદ કરી. એના લેખો કરાવ્યા. નવલાખ જેટલી ઈંટો પડાવી. પાયા ગળાવ્યા. ભવ્ય મંદિરનિર્માણના ઘણા પ્રસંગો, 'બ્રહ્મસંહિતા' તથા 'આધારાનંદ સ્વામીની વાતો' વગેરેમાં સંગ્રહિત છે. મૂળે તો એક શિખરનું અને પછી બે માંથી અંતે ત્રણ શિખરનું મંદિર અસ્તિત્વમાં આવ્યું. શિલ્પીઓને મંદિરમાં મુખ્ય પ્રવેશદ્વારે બે કમાન કરવાની ડિઝાઇન પણ બ્રહ્માનંદજીએ દોરી આપીને માર્ગદર્શન કરેલું. નિત્યાનંદ સ્વામી, આનંદમુનિ, જોબનપગીનો અહીં સહયોગ સાંપડેલો. મંદિર પૂર્ણ થતાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા વિધિ વિ.સં. ૧૮૮૧ ઈ.સ. ૧૮૨૫ના કારતક સુદી બારશને દિવસે કરેલી. ઊંચી પડથાળ, ભવ્ય સોપાનશ્રેણી અને ચતુષ્કોણીય સ્તંભમાળાથી શોભતું દશાવતારની શિલ્પ વિથિ સહિતના ત્રિશિખરબંધના મંદિર નિર્માણના આ વર્ષે બસો વર્ષના પ્રસંગને અનુલક્ષીને પ્રાચીન શિલ્પકળાના વારસાના તેજસ્વી અનુસંધાનરૂપ મંદિરના દ્વિશતાબ્દી વર્ષ પ્રસંગે ભારત સરકારના ટપાલ ખાતા તરફથી રૂપિયા પચાસની ટપાલ ટિકિટ આ વર્ષે બહાર પાડીને ભારત સરકારના મંત્રીશ્રીઓએ મંદિરમાં એનું લોકોર્પણ-બ્રહ્માર્પણ કરેલું.

બ્રહ્માનંદ સ્વામીની હિસાબ-કિતાબની કુશળતા, સમાજમાંથી સહયોગ મેળવીને, જ્ઞાનબાગમાં ઈંટોનું ઉત્પાદન, પત્થરોની ઓળખ અને સ્થાનિક શિલ્પ સ્થાપત્ય બહુ ખર્ચાળ જાણીને શ્રીજી મહારાજે નિત્યાનંદ સ્વામીને એક નીચે મુજબની એક સાખી લખીને બ્રહ્માનંદ સ્વામી માટે પત્ર પાઠવેલો.

''અપની પહોંચ વિચાર કે, કરીએ તેની દોડ;
તેતા પાંઉ પસારીએ, જેતી લંબ સોડ.''

નિત્યાનંદ સ્વામી દ્વારા મળેલી પત્ર સાખી વાંચીને બ્રહ્માનંદ સ્વામીએ તૂર્ત જ પ્રતિભાવરૂપ પ્રત્યુત્તર રૂપે સાખી પાઠવેલી

'સાહેબ સરીખા શેઠીયા, બસે નગ્ર કે માંહી;
તાકે ધનકી કયા કમી, જાકી હુંડી ચલે નવખંડ માંહી.'

બ્રહ્માનંદજીનો આવો સદ્ય પ્રતિભાવ નિત્યાનંદ સ્વામીને અને સમગ્ર સંત સમુદાય તથા હરિભક્તોને પણ સ્પર્શી ગયેલો. શ્રીહરિ પણ રાજી થયેલા. પત્ર સાંભળનારા બા શ્રી જીવુબા તરત જ ભાવથી બોલ્યા કે 'બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સત્ય થવા દો. સાંભળતા જ શ્રીહરિ બોલેલા કે 'લક્ષ્મીજી બોલ્યા તે હવે બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સત્ય થશે.' ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# બાણાસુર વધઃ શ્રીકૃષ્ણ ને શિવ ભગવાન વચ્ચે થયું ભયાનક યુદ્ધ



(ગતાંકથી ચાલુ)

**ચિત્રલેખા** એક દિવ્ય યોગીની હતી. રાજકુમારી ઉષાના અનુરોધથી ચિત્રલેખા દ્વારકાપુરી પહોંચી અને પલંગ પર બેઠેલા અનિરુદ્ધને પલભરમાં ઉંચકી લઈ રાજકુમારી ઉષાના અંતઃપુરના કક્ષમાં લઈ આવી. દ્વારપાલો સહસ્ત્ર ભુજા ધારી બાણાસુર પાસે પહોંચે છે અને જણાવે છે કે, 'હે મહાપરાક્રમી અસુર રાજ આપણી રાજકુમારી ઉષાના અંતઃપુરમાં બળપૂર્વક પ્રવેશ કરી કયો પુરુષ સંતાયો છે.' બાણાસુર ક્રોધિત થયો અને રાજકુમારી ઉષાના અંતઃપુરમાં જઈ પહોંચ્યો. ત્યાં એણે દિવ્ય શરીરધારી અનિરુદ્ધને જોયો. એણે શક્તિ પ્રદર્શન કરવા દસ હજાર સૈનિક મોકલી આજ્ઞા આપી કે એને મારી નાંખો. અનિરુદ્ધે જોતજોતામાં દસ હજાર સૈનિકોને કાળને હવાલે કરી દીધા. બાણાસુરે છળપૂર્વક અનિરુદ્ધને નાગપાશમાં બાંધી મારી નાંખવાનો આદેશ આપ્યો. મંત્રી કુંભાડ અનિરુદ્ધને સમજાવે છે કે તું દૈત્યરાજ બાણાસુરનો દાસ બની સ્તુતિ કર. પણ પરાક્રમી અનિરુદ્ધ તેને ના પાડતાં કહે છે કે હું દાસ બનવા કરતાં મૃત્યુને સ્વીકારીશ. નાગપાશથી બંધાયેલા અનિરુદ્ધ માતા દુર્ગાનું સ્મરણ કરવા લાગ્યા કે 'હે શરણાગતવત્સલ માતા દુર્ગા આપ તો યશપ્રદાન કરનારાં છો, આપ શીઘ્ર જ પધારો અને મારી રક્ષા કરો.' અનિરુદ્ધની પ્રાર્થનાથી માતા દુર્ગા પ્રસન્ન થયા અને જેઠ વદ ચતુર્દશીના મહારાત્રિમાં પ્રગટ થયા અને તેમણે એ સર્પરૂપી નાગપાશને ભસ્મસાત કરીને પોતાના બલિષ્ઠ મુક્કાથી નાગપાશને વિદીર્ણ કરી દીધું અને અંતર્ધાન થઈ ગયા. નાગપાશની વ્યથા મટી જતાં અનિરુદ્ધ રાજકુમારી ઉષાને લઈ ત્યાંથી પલાયન થઈ જાય છે. સામે પક્ષે દ્વારકાપુરી ખાતે અનિરુદ્ધના અદૃશ્ય થઈ જવાથી તથા દેવર્ષિ નારદના મુખે એનું બાણાસુર દ્વારા નાગપાશથી બંધન થયું જાણ્યાના સમાચારથી બાર અક્ષૌહિણી સેનાની સાથે પ્રદ્યુમ્ન અને અન્ય વીરોને લઈને ભગવાન શ્રીકૃષ્ણ બાણાસુરના શોણિતપુર પર ચઢાઈ કરે છે.

* * *

મંત્રી કુંભાડઃ 'દૈત્યરાજ બાણાસુર આપણા શોણિતપુર નગર પર બાર અક્ષૌહિણી સેના લઈ શ્રીકૃષ્ણ ચઢાઈ કરવા આવ્યા છે. તેઓ શોણિતપુરથી ફક્ત ૧૦૦ જોજન દૂર છે. તમે માર્ગદર્શન આપો.'

બાણાસુરઃ 'મારી સમક્ષ બંદી અગ્નિ, વરુણદેવને ઉપસ્થિત કરવામાં આવે.'

આજ્ઞા મળતાં જ સૈનિકોએ અગ્નિદેવ અને વરુણદેવને દૈત્યરાજ બાણાસુર સમક્ષ ઉપસ્થિત કરવામાં આવે છે.

બાણાસુરઃ 'અગ્નિ અને વરુણ તમે મારા દાસ છો, જાઓ દ્વારકાપુરીથી આવી રહેલી બાર અક્ષૌહિણી સેનાનો વિનાશ કરો.'

દૈત્યરાજ બાણાસુરની આજ્ઞા મળતાં જ અગ્નિદેવ અને વરુણદેવ ભગવાન શ્રીકૃષ્ણની સેના પર તૂટી પડે છે. અગ્નિદેવ સેના પર અગ્નિના બાણની વર્ષા કરવાં માંડે છે. ભગવાન શ્રીકૃષ્ણની સેનાની પહેલી હરોળમાં ઊભેલા પ્રદ્યુમન અગ્નિદેવને મૂર્છિત કરી દે છે. એ જોઈ વરુણદેવ સેના પર પાણીના બાણની વર્ષા કરવા માંડે છે. પ્રદ્યુમન વરુણદેવને પણ મૂર્છિત કરી દે છે. દૈત્યરાજ બાણાસુર દ્વારા મોકલેલા બંને દેવોને પ્રદ્યુમન મૂર્છિત કરી દીધાં છે એની જાણ થતાં બાણાસુર તેમના રક્ષક ભગવાન શિવને બોલાવે છે અને કહે છેઃ

બાણાસુરઃ 'મારા રક્ષક એવા શિવ તમને આ દિવસ માટે જ મેં રક્ષક બનાવ્યાં હતાં હવે ખરેખર તમારે મારી રક્ષા કરવાનો સમય આવી ગયો છે, જાઓ દ્વારકાપુરીથી આવેલી બાર અક્ષૌહિણી સેનાનો વિનાશ કરો.'

ભગવાન શિવઃ 'જેવી તમારી આજ્ઞા.'

રક્ષક ભગવાન શિવને બાણાસુરનો આદેશ મળતાં જ ભગવાન શિવ સજીધજીને સશસ્ત્ર થઈ શોણિતપુર નગરના દ્વાર પર મક્કમ બની ઊભા રહી જાય છે. તેઓ જોઈ રહ્યા છે કે શ્રીકૃષ્ણના દ્વારકાપૂરીથી બાર અક્ષૌહિણી સેના યુદ્ધ માટે આવી રહી છે. તેઓ શંખ વગાડી તેમનું સ્વાગત કરે છે.

પ્રદ્યુમનઃ 'ભગવાન શિવને મારા પ્રણામ, અમારું યુદ્ધ દૈત્યરાજ બાણાસુર સાથે છે તમે અહીંથી ખસી જાઓ.'

ભગવાન શિવઃ 'મને મારા ભક્તનો આદેશ હતો કે દ્વારકાપુરીથી આવેલી બાર અક્ષૌહિણી સેનાનો વિનાશ કરો. મને મારું કાર્ય કરવા દો.'

આટલું બોલી ભગવાન શિવ તેમના ત્રિશુલ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની બાર અક્ષૌહિણી સેનાને મૂર્છિત કરવા જાય છે એ જોતાં જ ભગવાન બલદેવ પોતાની ગદા દ્વારા ભગવાન શિવના ત્રિશુળને રોકવાની કોશિષ કરે છે. એ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શિવ વચ્ચે ભયાનક યુદ્ધ થાય છે. બંને બાજુએથી એકથી એક ચઢિયાતાં શસ્ત્રોનો ઉપયોગ થાય છે, કોઈ એકબીજાને હરાવી શકતું નથી. અંતે ભગવાન શ્રીકૃષ્ણ ભગવાન શિવ પાસે જઈ તેમનું સ્તવન કરીને કહ્યું, 'હે સર્વવ્યાપી ભગવાન શિવ તમે જ આ ગર્વવાળા બાણાસુરને શાપ આપ્યો હતો, અને આપની આજ્ઞાથી હું બાણાસુરની ભુજાઓનું છેદન કરવા અહીં આવ્યો છું તમે આ યુદ્ધથી નિવૃત્ત નહીં થશો તો બાણાસુરની ભુજાઓનું છેદન નહીં થઈ શકતાં તમારો શાપ વ્યર્થ જશે.'

ભગવાન શિવઃ 'હે શ્રીકૃષ્ણ, તમે ઠીક જ કહ્યું છે કે મેં જ દૈત્યરાજ બાણાસુરને શાપ આપ્યો હતો પણ હે રમાનાથ, હું તો સદા ભક્તોને જ આધીન રહું છું, આવી પરિસ્થિતિમાં હું તમને આજ્ઞા આપું છું કે તમે જૃંભણાસ્ત્ર દ્વારા મને જૃંભિન (ઉંઘાઈ જવું) કરી દો ત્યાર બાદ તમે તમારું અભિષ્ટ કાર્ય સંપન્ન કરો અને સુખી થાઓ.'

ભગવાન શિવની આજ્ઞાથી ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના ધનુષ પર જૃંભણાસ્ત્રનું સંધાન કરી ભગવાન શિવ પર છોડી દીધું. આ રીતે શ્રીકૃષ્ણના જૃંભણાસ્ત્ર દ્વારા ભગવાન શિવ જૃંભિત (ઉંઘાઈ) જતાં બાણાસુરની સેનાનો સંહાર થવા લાગ્યો, જૃંભણાસ્ત્ર દ્વારા ભગવાન શિવ અને તેમના ગણો જૃંભિત (ઉંઘાઈ) જતા દૈત્યરાજ બાણાસુર પોતે યુદ્ધ ભૂમિ પર આવી ગયો, સામ સામે ભગવાન શ્રીકૃષ્ણ અને બાણાસુર વચ્ચે યુદ્ધ થવા માંડયું. ઘણો સમય યુદ્ધ ચાલતાં ભગવાન શ્રીકૃષ્ણ કુપિત થયા અને પોતાના સુદર્શન-ચક્રને આદેશ આપ્યો કે બાણાસુરની ભુજાઓ કાપી નાંખો. સેકંડના દસમા ભાગમાં સુદર્શન ચક્રએ બાણાસુરની વરદાનમાં મેળવેલી એને ત્રાસદાયી સહસ્ત્ર ભુજાઓ કાપી નાંખી. અંતમાં એની બાણાસુરનું વરદાન પહેલાનું શરીર રહી ગયું. યુદ્ધમાં ક્રોધિત થયેલા શ્રીકૃષ્ણ એનું માથું કાપી લેવા તૈયાર થયા ત્યારે ભગવાન શિવ જૃંભિત અવસ્થામાંથી બહાર આવે છે. (ક્રમશઃ)■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# સમયના બાદશાહનો વારસદાર બનવા પ્રયાસ કરો

**મથાળું** જોઈને તમે જરૂર થોડા વિચારમાં પડયા હશો. એટલે એનાથી જ આરંભ કરીએ.

- જૂના જમાનામાં એવી પ્રણાલિ હતી કે કોઈ નગરનો રાજા બિનવારસ મરી જાય તો બીજે દિવસે વહેલી સવારે હાથણી કળશ (કુંભ કે લોટો) લઈને નીકળતી. હાથણી જેના પર કળશ ઢોળે તેને ઈશ્વરની ઈચ્છા ગણીને રાજા બનાવવામાં આવતો.

- આ આખો ખેલ નસીબ કે કાળ દેવતા પર આધારિત રહેતો.

- આની પાછળ કદાચ એવી માન્યતા રહેતી કે માણસને પારખવામાં હાથી કદી ભૂલ કરતો નથી. ઉપરાંત

- હાથી વિઘ્નોના હરનારા ભગવાન ગણપતિનું પ્રતીક છે.

- જમાના જૂની આ પરંપરાને ધ્યાનમાં રાખીને અધ્યાત્મવાદી - છતાં આધુનિક શાયર જવાહર બક્ષીએ



એક ગઝલમાં સુંદર શૅર લખ્યો છે-

- સમયનો બાદશાહ ક્યારેક તો
બિનવારસ મરી જશે
સવારે દરવાજો ઊઘડશે ને
પહેલો હું મળી જઈશ...

- વાહ ક્યા બાત હૈ! નગરનો દરવાજો ઉઘડે ત્યારે વાટ જોઈને ઊભેલી હાથણીને પહેલો હું મળી જઈશ અને સમય-કાળનું સ્થાન ખૂંચવી લઈશ.

- અહીં જે બાદશાહની વાત કરી છે એ સમયનો, કાળનો બાદશાહ છે.

- બી. આર ચોપરા સા'બની મહાભારત સિરિયલમાં સૂત્રધારનું કામ સમય કરતો હતો.

- હિન્દીમાં મહાભારત પરથી સરસ દોહો છેઃ

સમય સમય બલવાન હૈ
નહીં મનુષ્ય બલવાન.
કાબે અર્જુન લૂંટિયો
વહી ધનુષ વહી બાણ...

- એ જ ચોપરા સાહેબે વક્ત નામે ફિલ્મ બનાવેલી. તેના ટાઈટલ ગીતમાં એક પંક્તિ હતી - આદમી કો ચાહિયે વક્ત સે બચતા રહે, કૌન જાને કિસ ઘડી વક્ત કા બદલે મિજાજ...

- જો કે અહીં મુંબઈ સમાચારની લોકપ્રિય પૂર્તિમાંની એક ધર્મતેજ પૂર્તિના વાચક બિરાદરોને થોડા જુદા સંદર્ભમાં વાત કરવી છે.

- વહેતી નદીના જળને કે સમયની સરતી રેતીને હાથમાં પકડવાનો પ્રયાસ કદી કર્યો છે? નહીં પકડાય.

- સમય સતત સરતો રહે છે.

- કદી કોઈને માટે રોકાતો નથી.

- કદી કોઈના હાથમાં પકડાતો નથી.

- ટૂંકમાં આજના આ એકવીસમી સદીના આધુનિક ટૅક્નોલૉજીના યુગમાં માનવજીવનનાં નાનામોટા તામ ક્ષેત્રોની સિકલ પલટાઈ ગઈ છે.

- સમયે જબરદસ્ત પલટી મારી છે.

- એ સંજોગોમાં તમારે અત્યંત મુશ્કેલ નિર્ણય કરવાનો છે.

- સમયની સાથે રહેવું અને પ્રગતિ સાધવી? કે પછી સમયની પાછળ રહેવું અને સ્પર્ધામાં પરાજિત થવું?

- એક સમય હતો જ્યારે કહેવાતું ધીમી અને મક્કમ ગતિએ પ્રવાસ કરનાર અંતે વિજયી નીવડે છે.

- એના સમર્થનમાં કાચબો અને સસલાની વાર્તા રજૂ થતી.

- તમને થશે કે જમાનો જોઈ ચૂકેલા અનુભવસિદ્ધ વડીલો કંઈ ઓછું ખોટું કહેતા હશે?

- ના તેમની વાત ખોટી નથી, પરંતુ આજના સંદર્ભમાં સમજવાની જરૂર છે.

- તન-મનનો સમન્વય સાધીને સમય સાથે રહેવાની કોશિશ કરવાની છે.

- પ્રગતિ અને સિદ્ધિ હાંસલ કરવાં હોય તો સમયના બાદશાહના વારસદાર થવા માટે તૈયાર થઈ જાઓ. સમયની સાથે રહેશો તો જ આવનારી પેઢી તમને યાદ કરશે.

- સાહસિકો અને સિદ્ધિવંતોને જ સમય યાદ રાખે છે.

- બાકી તો રોજ સેંકડો બાળકો જન્મે છે અને સેંકડો લોકો મરી જાય છે કોઈ તેની નોંધ લેતું - રાખતું નથી.

ધર્મસંદેશઃ

- ઈશ્વરના અસ્તિત્વની અનુભૂતિ કરો.

- ઈશ્વરનું સ્મરણ તલવારની તેજ ધાર કરતાં પણ વધુ શક્તિશાળી છે.

- માનવ માત્રે જીવન પર્યંત પ્રાર્થનાના પાલવને છોડવો જોઈએ નહીં. ■

# આરાધના ને અધ્યાત્મનો અવસર છે નવલી નવરાત્રી

વિશેષ

આર. સી. શર્મા
feedback@bombaysamachar.com



મા દુર્ગા એટલે તમામ દેવતાઓની એકત્રિત શક્તિઓનું એકાકાર રૂપ છે. આ મહાશક્તિને કારણે જ ત્રણેય લોકને ત્રસ્ત કરનાર રાક્ષસોના રાજા મહિષાસુરનો વધ કર્યો હતો. સંસ્કૃતમાં દુર્ગા શબ્દનો અર્થ છે કે જેની સામે જીતી ન શકાય, જે અભેદ્ય હોય. મા દુર્ગા માતૃશક્તિનું અભેદ્ય અને અપરાજિત રૂપ છે. શારદીય નવરાત્રીની આરાધના અને અધ્યાત્મમાં ડૂબેલી પાંચ મહારાત્રીમાં માતૃશક્તિનો મહોત્સવ થાય છે. એમાં પહેલી રાત છે-

### મહાપંચમી

શારદીય નવરાત્રીમાં મહાપંચમીના દિવસે જગતજનની મા દુર્ગા અને મહાકાળની વિશેષ પૂજા કરવામાં આવે છે. શારદીય નવરાત્રી સાથે જોડાયેલી એક પૌરાણિક કથા મુજબ શક્તિના રૂપ સમાન એવા મા દુર્ગા અને મહિષાસુર વચ્ચે નવ દિવસ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું હતું અને દસમા દિવસે મા દુર્ગાએ રાક્ષસ મહિષાસુરનો સંહાર કરીને ધરતીને તેના આતંકથી મુક્તિ અપાવી હતી. એથી નવરાત્રીના દસમા દિવસે વિજયા દશમી ઉજવવામાં આવે છે. એથી પાંચમા દિવસે મહાપંચમીનું વ્રત રાખવામાં આવે છે. એ દિવસે સ્કંદમાતાની પૂજા થાય છે, જે ભગવાન કાર્તિકેયની માતા છે અને દુર્ગાના નવ રૂપોમાંનું એક રૂપ છે. મહાપંચમીનો એ દિવસ હતો જ્યારે મહિષાસુર પર મા દુર્ગા ભારે પડ વા માંડ્યા હતાં. એથી દુર્ગાપૂજામાં જે છ દિવસની પૂજા કરવામાં આવે છે, એની શરૂઆત મહાપંચમીથી થાય છે.

### મહાષષ્ઠી

શારદીય નવરાત્રીના છઠ્ઠા દિવસને મહાષષ્ઠી કહેવામાં આવે છે. એ દિવસે મા કાત્યાયનીની પૂજા કરવામાં આવે છે. મા કાત્યાયની સિંહ પર સવાર છે. તેમના ડાબા હાથમાં તલવાર અને કમળ છે. જમણા હાથમાં અભય અને વરદ મુદ્રાઓ છે. દુર્ગાપૂજામાં ષષ્ઠિનું ખૂબ મહત્ત્વ છે. એ દિવસે એ લોકો વ્રત રાખે છે જે લોકો આખી નવરાત્રીમાં વ્રત નથી રાખી શક્તાં. મા કાત્યાયનીની પૂજાથી વિવાહ સંબંધી બાધાઓ દૂર થાય છે. એ દિવસે માતા સામે આખી રાત ઘીનો દીવો કરવો જોઈએ. મા કાત્યાયનીની પૂજામાં નાળિયેર પર લાલ ચુંદડી વિટાળીને અને કલાવા લગાવીને પૂજા કરવી જોઈએ.

### મહાસપ્તમી

શારદીય નવરાત્રીમાં સાતમા દિવસે મા દુર્ગાના કાળરાત્રી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. શારદીય નવરાત્રીમાં સપ્તમીની પૂજા મધ્યરાત્રીએ કરવાથી અતિશય પૂણ્ય મળે છે. મા દુર્ગાએ આ રૂપ ધારણ કરીને શુંભ, નિશુંભ રાક્ષસોનો વધ આ રાત્રીએ કર્યો હતો. મા કાળરાત્રીનો રંગ કાળો છે. એને કાળરાત્રી એટલા માટે કહેવામાં આવે છે કેમ કે માનું આ સ્વરૂપ કાળનો વિનાશ કરે છે. આ દિવસે તેમની પૂજા કરવાથી મા શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવાનું વરદાન આપે છે. સાથે જ આપણાં પાપો અને દુશ્મનોનો નાશ થાય છે. સાથે જ આ રાત્રીએ પૂજા કરવાથી ભય અને રોગ નાશ પામે છે. મા કાળરાત્રીની પૂજા કરવાથી જીવનમાં સુખ શાંતિનો વાસ થાય છે. તણાવ દૂર થાય છે. દરેક પ્રકારના સંકટોથી મુક્તિ મળે છે અને ખરાબ શક્તિઓના પ્રભાવથી બચી શકાય છે.

### મહાઅષ્ટમી

આ દિવસે મા દુર્ગાએ ચંડ-મુંડ નામના રાક્ષસોનો વધ કર્યો હતો. એ દિવસે જે પણ માતાની પૂજા કરે છે, મા તેમનાં જીવનનાં તમામ દુખોને દૂર કરે છે અને શત્રુઓ પર વિજયનું વરદાન આપે છે. મહાઅષ્ટમીના દિવસે મા ભગવતીની પૂજા કરનારાઓને તમામ પ્રકારના ધન-વૈભવ મળે છે. એ દિવસે મા દુર્ગાને મહાગૌરી તરીકે પૂજવામાં આવે છે. મહાઅષ્ટમીના દિવસે મહાસ્નાન સાથે મા દુર્ગાનો ષોડશોપચાર કરવામાં આવે છે અને પૂજા અને હવન કરીને નવ કન્યાઓને તેમનું મનપસંદ ભોજન કરાવવુ જોઈએ. તેમને મિઠાઈ અને ગોળ આપવો જોઈએ.

### મહાનવમી

નવરાત્રીના નવમા દિવસે મહાનવમી ઉજવવામાં આવે છે. એ દિવસે મા સિદ્ધિદાત્રીની આરાધના કરવામાં આવે છે. એવી માન્યતા છે કે આ એ જ દિવસ છે જ્યારે મા દુર્ગાએ મહિષાસુર વિરુદ્ધ યુદ્ધ કરીને પોતાની તમામ દિવ્યશક્તિઓનો ઉપયોગ કર્યો હતો અને મહિષાસુરને હણ્યો હતો. આ દિવસે મા દુર્ગાનું જે સિદ્ધિદાત્રી રૂપ છે એ તેમના નવ રૂપોમાંનુ અંતિમ રૂપ છે. એ દિવસે માતાની પૂજા કરવાથી તેઓ સાહસ, શક્તિ અને દૃઢસંકલ્પનું વરદાન આપે છે. આ દિવસની પૂજાથી નવ દિવસની પૂજા પૂર્ણ થાય છે. આ દિવસે ઘરમાં રાખેલી મા દુર્ગાની મૂર્તિને શણગારીને પંડાળોમાં લાવવામાં આવે છે અને બીજા દિવસે એનું વિસર્જન થાય છે.

### મહાદશમી

ઉત્તર ભારતમાં સામાન્ય રીતે નવમા દિવસે નવરાત્રી પૂરી થાય છે, પરંતુ પશ્ચિમ બંગાળ, ત્રિપૂરા અને ઉત્તર પૂર્વમાં દુર્ગા પૂજાની પરંપરા છે, ત્યાં વિજયા દશમી અથવા મહાદશમીને પૂજાનો અંતિમ દિવસ માનવામાં આવે છે. એવી માન્યતા છે કે જ્યારે નવમા દિવસે મા દુર્ગાએ રાક્ષસ મહિષાસુરને હરાવ્યો હતો અને માયાના જોરે તે ગાયબ થઈ ગયો હતો. વિજયા દશમીએ ધરતી તેના ત્રાસથી મુક્ત થઈ હતી. એથી એને વિજયા દશમીના રૂપમાં મનાવવામાં આવે છે. એ જ દિવસે ભગવાન રામે પણ લંકાપતિ રાવણનો વધ કર્યો હતો. એથી એ દિવસે દશેરા મનાવવામાં આવે છે. આવી રીતે પંચમીથી દશમ સુધી આ છ દિવસ શારદીય નવરાત્રીમાં ખૂબ અગત્યના ગણવામાં આવે છે. ■

# સ્વામીશ્રી અખંડાનંદ પરમહંસજીની વાણી

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

*રે જીવ તું સમજી લે ને ગમાર,*
*આ તો હરિ તણો દરબાર...*
*માતા પિતા ને કુટુંબ કબીલા, જૂઠો છે વહેવાર,*
*ઈ સ્વારથના સગાં વહાલાં, અંતે તું એકલો જનાર...*
*રે જીવ તું સમજી લે ને ગમાર,*
*આ તો હરિ તણો દરબાર...૦*
*અખંડ આનંદ જો ચાહે તો, મમતા મેલી દે ગમાર,*
*આવ્યું ઈ તો સરવે જાવાનું, બે ઘડીના મહેમાન...*
*રે જીવ તું ભૂલતો નહીં ગમાર,*
*આ તો હરિ તણો દરબાર...૦*

ઈ.સ.૧૯૦૪માં ખેડબ્રહ્મા તાલુકાના લાંબડિયા ગામે બ્રાહ્મણ પરિવારમાં સૂરજરામ નાથુજી જોશીને ત્યાં માતા ખેમીબાની કૂખે મણિરામ નામે એક પુત્રરત્નનો જન્મ થયો. એ પરિવારનું મૂળ વતન તો રાજસ્થાન મેવાડ પ્રદેશના ઉદેપુર જિલ્લાના ગોગુન્દા તાલુકાનું ગામ કલવાણા. બાળક મણિરામ બે વર્ષના થયા અને પિતાનું અવસાન થયું. માતાએ નાનકડા મણિરામ તથા મોટા કાળુરામનો ઉછેર કર્યો. એ સમયે લાંબડિયા ગામે કેળવણી માટે કોઈ સુવિધા નહોતી એટલે લાંબડિયાથી ૬૫ કિલોમિટર દૂર આવેલા કડિયાદરા ગામના વિદ્વાન શાસ્ત્રી ભવાનીશંકરદાદાના ગુરુકૂળમાં કર્મકાંડ, જ્યોતિષ તથા ધર્મશાસ્ત્રોના અભ્યાસ માટે બાળક મણિરામને મૂકવામાં આવ્યા. ગુરુકૂળમાં રહીને તમામ શાસ્ત્રગ્રંથોના અભ્યાસ સાથે સાબરમતી નદીના કાંઠે આવેલા શારણેશ્વર-વીરેશ્વરના પ્રાચીન સ્થાનકે એકાન્તમાં આત્મસાધના કરનારા મણિરામે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પોતાના મૂળ વતન રાજસ્થાનના કલવાણા ગામે શિક્ષક તરીકેનું જીવન કાર્ય સ્વીકાર્યું. બે વરસ પછી માતાના અત્યાગ્રહે ફરી લાંબડિયા આવ્યા અને ઉદેપુર જિલ્લાના માથાસોલા ગામના ધનલાલ જોશીનાં સુપુત્રી કંચનબહેન સાથે વિવાહ સંબંધથી જોડાયા. પૂર્વયોગે એમને ત્યાં શંકરલાલ, શારદાબેન અને તારાબેન નામે ત્રણ સંતાનો થયાં. જીવનના અઠ્યાવીસમાં વર્ષે મણિરામે નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી લીધું. નાનકડી હાટડી માંડી શિક્ષણ અને સત્સંગ, ભજન દ્વારા સમાજસેવાની - વ્યસનમુક્તિ, બાળલગ્નનિષેધ, અંધશ્રદ્ધા નિર્મૂલન, ભૂવા-ભારાડી, બલિદાન, મદ્યપાન, વળગાડ, જીવહિંસા જેવા કુરિવાજો અંગે સમાજને જાગૃત કરવાની પ્રવૃત્તિઓ કરતા. ગામ બહાર રામવાડીમાં પોતાની સાધના કરતા. આ વખતે હડાદ તથા મંડાલી ગામના અનેક જિજ્ઞાસુઓ એમના સત્સંગ માટે અવારનવાર લાંબડિયા આવતા. મણિરામ મહારાજ પણ ઘણીવાર મંડાલી અને હડાદ સત્સંગીઓને મળવા આવતા અને આ વિસ્તારમાંથી અંધશ્રદ્ધા તથા વહેમ મટાડવાનો પરિશ્રમ કરતા રહેતા. એવામાં અંબાજીના પરમ ભક્ત એવા દાંતાનરેશ ભવાનીસિંહજીને ત્યાં એક કપિલગિરિજી નામે યોગી સન્યાસી આવ્યા, એમણે સાત દિવસ સુધી જમીનમાં સમાધિ લઈ પોતાની સાધના દર્શાવેલી એમની સાથે મેળાપ થયો. યોગી પ્રભાવિત થયા, જ્ઞાનચર્ચા કરતાં યોગીને થયું કે મારી પાસે જે સાધનાની સિદ્ધિ છે એના કરતાં યે ચડિયાતી સિદ્ધિ તો આ ગૃહસ્થ બ્રાહ્મણ પાસે છે. એટલે યોગી લાંબડિયા રામવાડીમાં પણ થોડો સમય રોકાયા, એ પછી બંને ઉત્તરાખંડની યાત્રાએ નીકળ્યા. દિલ્હીમાં યમુનાકિનારે સન્યાસી યોગીએ



ગૃહસ્થ યોગી મણિરામજી પાસે અધ્યાત્મદીક્ષા લઈ સન્યસ્તવેશનો ત્યાગ કર્યો. ત્યાર બાદ મણિરામજી લાંબડિયા પાછા આવ્યા, અનેક ચમત્કારમય ઘટનાઓ એમના જીવનમાં બનતી રહી. આયુષ્યના બેતાલીશમાં વર્ષે ગૃહત્યાગ કરી માણેકનાથના ડુંગરે ગુફામાં બેસી તપશ્ચર્યા આદરી, ત્યાંથી પુષ્કરરાજમાં બિરાજતા મહામંડલેશ્વર વિભૂતિપૂરિજી મહારાજ પાસે સન્યસ્તદીક્ષા લઈ લઈને હિમાલયમાં મૌન તપશ્ચર્યા શરૂ કરી. થોડા સમય બાદ પોતાના પરિચિત મુમુક્ષુઓ હઠાગ્રહ કરીને કડીનગરમાં લઈ આવ્યા. થોડો સમય કડીમાં ગાળી ભૂંડિયા, પુષ્કરરાજ, હરિદ્વાર, કાશી એમ વિચરણ કરતા રહ્યા. કાશીના કુંભમેળામાં સંતસમાજ તરફથી એમને શ્રીમંત પરમહંસ પરિવ્રાજકાચાર્ય બ્રહ્મશ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સ્વામીશ્રી ૧૦૮ અખંડઆનંદ પરમહંસની પદવી પ્રાપ્ત થઈ. ભૂંડિયા ગામનું નામ એમણે 'ધરમપુર' આપ્યું. ત્યાંથી રાંધેજા, નિકોલ થઈને નારદીપુર આવ્યા, વિ.સં. ૨૦૧૪ વૈશાખ સુદ પાંચમના રોજ નારદીપુરમાં જ્ઞાનાશ્રમનું ઉદ્ઘાટન થયું અને કૃપાલેશ્વર મહાદેવની સ્થાપના થઈ. પોતે જ્યોતિષવિદ્યાના પ્રખર જાણકાર હોઈ આ આશ્રમને ભવિષ્યમાં કોણ સંભાળશે એનો સંકેત મળતાં એ વખતે રાંધેજા ગામના પટેલ જેઠાભાઈનાં નાનકડાં દીકરી ચંપાબહેનમાં પૂર્વજન્મના યોગસંસ્કારો જોઈ અધ્યાત્મસાધના દીક્ષા આપી 'ચેતનદેવ' એવું નામ આપ્યું. ત્યારબાદ પોતે વિચરણ કરતાં કરતાં કોઈ એક જ વ્યક્તિ માલિક ન હોય પણ સમસ્ત સમાજ જેની દેખભાળ કરે એવા સન્યાસ-જ્ઞાનાશ્રમ-સત્સંગધામોની સ્થાપના કલવાણા, જરગાજી, મંડાલી, હડાદ અને અંબાજી ખાતે પણ કરી. અને સમાજમાં સેવા, સ્વાધ્યાય, સમર્પણ, શિક્ષણ અને સાધનાના સંસ્કારોનો ફેલાવો કરતા રહ્યા. ઈ.સ. ૧૯૯૮માં વિ.સં. ૨૦૫૪ના ચૈત્ર સુદ પૂર્ણિમા હનુમાન જયંતીના પાવન દિવસે આત્મસાધના અને સમાજસેવાના ઉદ્ગાતા, ભક્તિ, જ્ઞાન અને યોગનો ત્રિવેણી સંગમ એવા સ્વામી શ્રી અખંડાનંદજી પરમહંસ ૯૪ વર્ષની વયે મહાનિર્વાણ પામ્યા.

ગુજરાત તથા રાજસ્થાનમાં જેમના હજારો શિષ્યો-અનુયાયીઓ છે અને હડાદ ઉપરાંત નારદીપુર, મંડાલી, કલવાણા, જરગાજી તથા અંબાજી ખાતે જેમના સન્યાસ જ્ઞાનાશ્રમો સ્થપાયેલાં છે અને ૮૪ વર્ષની વયે ઈ.સ. ૧૯૯૮માં જેમનો દેહવિલય થયો એવા સ્વામીશ્રી ૧૦૮ અખંડાનંદ પરમહંસજીની અધ્યાત્મરચનાઓ તથા જીવનપરિચય અંગે(૧) 'અખંડ આનંદ સાગર' ભાગ-૧,૨. (પ્રવચનો) (૨) 'અખંડ આનંદ ભજનાવલિ' (૧૫૫ જેટલી ભજન રચનાઓ) (૩) 'અલખનાં અજવાળાં' - વીરચંદ પંચાલ, શિવશંકર જોશી. ફેબ્રુ. ૨૦૦૫. જેવાં ત્રણ પુસ્તકો પ્રકાશિત થયેલાં છે. ■

# એક ઊંચું નિશાન

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

ગત અંકમાં સર્વના કારણ અને પરિણામ એવા પરમાત્માનો મહિમા જણાવીને હવે ભગવાન કૃષ્ણ એક ઉચ્ચ નિશાન બતાવતાં કહે છે-

निर्मानमोहाः जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुत्त्काः सुखदुःखसंजैर्गच्छन्तयमूढा : पदमव्ययं तत् ।।

'માન-મોહાદિક માયાથી રહિત, સુખ-દુઃખાદિક દ્વન્દ્વોથી મુક્ત અને સદા બ્રહ્મભાવની (બ્રાહ્મી) સ્થિતિમાં રાચનારા નિર્વાસનિક બ્રહ્મરૂપ ભક્તો જ તે શાશ્વતપદ (અક્ષરધામ) પામે છે.' (ગીતા-૧૫/૫)

હા, આ શાશ્વત અને ઉચ્ચ ધ્યેય છે. દરેક મુમુક્ષુ અને ભક્તની આ છેલ્લી મંજિલ છે. ઉપરોક્ત લક્ષણોથી યુક્ત થઈને તે ભક્ત આ ઉચ્ચ લક્ષ્યાંક સિદ્ધ કરે છે તે નિર્વિવાદ છે. લક્ષ્ય મુશ્કેલ જરૂર છે પણ અસંભવ નથી. કહેવાયું છે કે

*''ખ્વાબ ભલે ટૂટે હમારે, હોંસલે મગર જિંદા હૈ*
*હમ વો તુફાન હૈ, જહાં મુશ્કીલે ભી શર્મિંદા હૈ''*

હા, ટમટમતા તારા નહીં, જાજ્વલ્યમાન દિનકર બનવાની આશા સેવનારાઓ, અલ્પ સરખા બિંદુ નહીં, અગાધ સમુંદર થવાની ખેવના રાખનારાઓ, ફૂંકથી સળગતું ને ઓલવાઈ જતું તાપણું નહીં,



જ્વાળામુખી સમી ધગશ રાખનારાઓ જ આ પૃથ્વી પર ઇતિહાસ રચે છે. જેની ગણના વસ્તી-ગણતરીની જેમ ટકાવારીમાં નથી થતી, પરંતુ એવા મહામાનવો તો ગણ્યાં-ગાંઠ્યા જ હોય છે.

એક ચિનગારી ધીરે-ધીરે વિશાળ ભવનને પણ ભસ્મીભૂત કરી દે તેમ વિશ્વવિક્રમી થવાની સતત તડપન, એક ઊંચું અને શ્રેષ્ઠ નિશાન સમસ્યાઓના સિંધુને પણ બિંદુવત કરી ગટગટાવી જાય છે.

પરંતુ, આજની પેઢીમાં બુલંદી ઈરાદાઓની ખોટ સર્વત્ર દ્રષ્ટિગોચર થાય છે. વર્ગમાં જ પહેલો નંબર લાવવાનો વિચાર જેના મનમાં ડર ઉત્પન્ન કરે એના માટે બોર્ડ ફર્સ્ટ ક્લાસની તો વાત જ ક્યાંથી થાય? 'હું ડૉક્ટર બનીશ.... કે હું એન્જિનિયર બનીશ.... હું C.A., પાઇલટ, સી.એસ., સૈનિક, શિક્ષક, અધ્યાપક....' જે કોઈ સ્વપ્નદ્રષ્ટા એવું નિશાન કેમ નથી બાંધતા કે;

''હું વિશ્વશ્રેષ્ઠ બનીશ'' એ પછી ડૉક્ટર હોય કે એન્જિનિયર....

હા, એક ઊંચું નિશાન શૂન્યમાંથી સર્જન કરી શકે છે. જ્યારે નાણાં, પાણા અને દાણાની ભિંસમાં બે ટંકના ભોજનનો વિચાર પણ અતિશયોક્તિ લાગતો, પંદર-વીસ ભક્તોને ખાનગીમાં બોલાવીને વાત કરતાં પણ આપત્તિના એંધાણો આવતા ને સાથે વિઘ્નોના વિષ સતત ગળવા પડતા, ત્યારે મોતને માથે લઈ આપત્તિઓને ઓટીમાં વાળીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ઊંચું નિશાન બાંધ્યું; 'મારે ગગનચુંબી મંદિરો કરવા જ છે.' અને આજે એ જ બી.એ.પી.એસ. સંસ્થાની ૧૪૦૦ થી વધુ મંદિર પર ફરફરતી પતાકાઓ સતત દૃઢ ધ્યેયથી થનારી સિદ્ધિઓને જ બિરદાવી રહી છે.

એ.ડી.ડી (attention deficit disorder) અર્થાત એકાગ્રતાનો અભાવ જેવી ગંભીર બીમારીઓ અને વિઘ્નો વચ્ચે ''હું એક વિશ્વ રેકોર્ડ બનાવીશ જ અને ઓલમ્પિકમાં ૮ સુવર્ણ ચંદ્રક મેળવીશ જ.'' એવું ઊંચું ધ્યેય બાંધનાર 'માઇકલ ફલેપ્સ' ની યશોગાથા ગાતા આજે વિશ્વ થાકતું નથી.

બાળપણમાં ચાની લારી પર ચા વેચનારા વ્યક્તિ જે આજના વડા પ્રધાન એવા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં કઈ કક્ષાએ ''ઊંચું નિશાન'' દૃઢ હશે?.

પેટ્રોલ પંપ પર પેટ્રોલ પૂરતાં પૂરતાં, મનમાં એક નિશાન પૂર્યું કે એક દિવસ મારે ત્યાં આવા અનેક પેટ્રોલ પંપ હશે.' અને આજે એ ધીરુભાઈની ત્વરિત પ્રગતિને જગત નિહાળી રહ્યું છે. પોતાના સમ્રાટ પિતા દ્વારા અનેક વિજય પ્રાપ્ત થતાં પણ દુઃખથી રડનારા બાળકે કહ્યું ,''તમે જ બધું જીતી જશો તો સમગ્ર વિશ્વમાં હું કઈ રીતે વિજય મેળવીશ!'' ખરેખર,'સમ્રાટ સિકંદર' નો જન્મ તો આ પ્રસંગે જ થઈ ગયો હતો, પછી તો કેવળ યુદ્ધ શેષ હતા. યાદ રહે, 'જો જીતા વહી સિકંદર' એ કહેવતો ગલ્લે બેઠા-બેઠા પાનની પિચકારી મારવાથી નથી મળતી...

તારીખ :-28 /5 /1990 ના દિને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વડોદરામાં નવીનભાઈ સોનીને ત્યાં અભ્યાસી સંતોને ઊંચું નિશાન આપ્યું;

''બરાબર અભ્યાસ કરજો. એકાગ્રતાથી વાંચન કરજો'' તો અનેકવાર ''અભ્યાસમાં ઉમંગ, ઇશક રાખવો. તલ-તુંબડીયા શાસ્ત્રીની જેમ મંડવું. સારા વિદ્વાન, પંડિત બની અધ્યાત્મજ્ઞાન વધારો અને રાષ્ટ્રસેવા કરો, એવા કરવા છે.'' આવા અનેક ઉપદેશરૂપી પાયા પ્રમુખસ્વામીએ રોપ્યા ત્યારે ફળરૂપે વિશ્વના ધૂરંધર અને વિદ્વાન સંતોની ભેટ મળી.

મિત્રો! ઇતિહાસની અલમારી પર આવા ઉદાહરણોની ભરમાર છે. બસ તમે નક્કી કરો કે 'ઉદાહરણો જ જોવા છે કે કંઈક ઉદાહરણ આપવા પણ છે.'


ઈતિહાસ રટવો છે કે રચવો છે? દિનેશનું પ્રથમ કિરણ આશાવાદ અને અસ્ત સમયનું દૃશ્ય નિષ્ફળતાના અંતને સૂચવે છે. તો ચાલો, ઊંચા નિશાન સંબંધી એક કાવ્યને સ્મરીએ.

*''મુઠ્ઠી મેં કુછ સપને લેકર, ભર કર જેબો મેં આશાએ*
*દિલોં મેં હૈ અરમાન યહી, કુછ કર જાયે કુછ કર જાયે....''* ■

# બ્રહ્મનિષ્ઠામાં પ્રમાદને સ્થાન ન હોય

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



**બ્રહ્મનિષ્ઠા** અર્થાત્ બ્રહ્મમાં નિષ્ઠા રાખવાની પ્રક્રિયા. અહીં, બધું જ બ્રહ્મ છે તે પ્રમાણેની ભાવના જાગ્રત રાખવાની હોય છે, જે છે તે બધું બ્રહ્મ છે અને બ્રહ્મ જ બધું છે. બ્રહ્મ સિવાય કશાનું અસ્તિત્વ જ શક્ય નથી. જ્ઞાતા પણ બ્રહ્મ છે, જ્ઞેય પણ બ્રહ્મ છે અને જ્ઞાન પણ બ્રહ્મ છે. પુરોહિત બ્રહ્મ છે, યજમાન બ્રહ્મ છે, યજ્ઞ બ્રહ્મ છે, આહુતિ બ્રહ્મ છે, સમગ્ર કાર્ય બ્રહ્મ છે, સમગ્ર સાધન સામગ્રી બ્રહ્મ છે અને તેનું જે પરિણામ પ્રાપ્ત થાય તે પણ બ્રહ્મ છે. બ્રહ્મનિષ્ઠા અર્થાત્ બ્રહ્મને આધીન રહેવું, બ્રહ્મચર્ય ધારણ કરવું, બ્રહ્મમય રહેવું, તે પરમ તત્ત્વનું ચિંતન કરવું જે આપણાથી ભિન્ન નથી.

ઉપનિષદો વેદાંત દર્શનમાં આવે. અહીં માત્ર અને માત્ર બ્રહ્મના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવે છે, જે છે તે બધો બ્રહ્મની સવિકલ્પતાને કારણે ઉદ્ભવેલો પ્રસાર છે. એ બ્રહ્મ જ છે જે એકમાંથી અનેક થાય છે અને વાસ્તવમાં આમ નથી પણ થતું, પણ થતું હોય તેમ જણાય પણ છે અને આ બધું એક પ્રપંચનું પરિણામ છે, જે કંઈ જગત ભાસે છે તે મનની ભાવના તેમ જ ધારણાનું પરિણામ છે. આ એક જ પ્રકારની ભાવના યુગોથી જન્મોથી જળવાઈ રહેલી હોવાથી તે સત્ય હોવાની પ્રતીતિ થાય છે. લાંબા ગાળાની ભાવના એક પ્રકારે સંસ્કાર જન્માવે છે જેને કારણે સમગ્ર જગત, સમગ્ર સૃષ્ટિ બ્રહ્મનું જ સ્વરૂપ હોવા છતાં ભિન્નતા ધારણ કરેલી વાસ્તવિકતા જણાય છે.

બ્રહ્મ જોતું નથી, પરંતુ તેને કારણે જોઈ શકાય છે. બ્રહ્મ સાંભળતું નથી, પરંતુ તેને કારણે સાંભળી શકાય છે. બ્રહ્મ જન્મ ધારણ કરતું નથી, પરંતુ તેના પ્રપંચને કારણે જન્મ-મૃત્યુ અનુભવાય છે. બ્રહ્મને જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર નથી, પરંતુ તે જ્ઞાનનું નિમિત્ત છે. બ્રહ્મ માટે હોવાપણું કે ન હોવાપણું નથી, પણ તેને કારણે અસ્તિત્વનો ભાવ તથા અસ્તિત્વનો અભાવ વર્તાય છે - ટૂંકમાં બ્રહ્મ એકમાત્ર આ સંસારનું સત્ય છે. બ્રહ્મ શાશ્વત છે, અનાદિ છે, અખંડ છે, પૂર્ણ છે, સર્વત્ર છે, સ્થિર છે, નિર્વિકાર છે, નિર્લેપ છે, તટસ્થ છે અને સદાય સાક્ષીભાવ ધારણ કરે છે. તે જ પરમ તત્ત્વ છે. તે જ બ્રહ્માંડની ચેતના છે. તે જ બ્રહ્માંડનું કારણ છે. તે જ બ્રહ્માંડનું સ્વરૂપ છે. સૃષ્ટિનું સર્જન પણ તે છે, સ્થાન પણ તે છે અને પ્રલય પણ તે જ છે. તેની અધ્યક્ષતામાં જ સમગ્ર સૃષ્ટિ જે તે સ્વરૂપે સ્થિત રહે છે કે સ્થિત રહેલી જણાય છે.

ગીતામાં પ્રમાદને અનિષ્ટ તરીકે વર્ણવવામાં આવ્યું છે. તે તામસી પ્રકૃતિનું પરિણામ છે. આ પ્રકારની પ્રકૃતિ ભગવત કાર્યમાં બાધા રૂપ ગણાય. પરમને સમજવા માટે જ્યારે પુરુષાર્થ કરવામાં આવે ત્યારે તેમાં પ્રમાદ, નિદ્રા અને આળસ વિઘ્નકર્તા બની રહી. તેનો સંપૂર્ણ ત્યાગ જરૂરી છે. તેથી જ આધ્યાત્મ ઉપનિષદમાં જણાવાયું છે કે ''પ્રમાદો બ્રહ્મનિષ્ઠાયામ્ કર્તવ્યઃ કદાચન અર્થાત્ બ્રહ્મનિષ્ઠામાં પ્રમાદને સ્થાન ન હોય.

પ્રમાદ, નિદ્રા અને આળસને સાધનામાં - ભક્તિમાં અવરોધ ગણવામાં આવે છે. નિદ્રા એ એવી સ્થિતિ છે જેમાં સામાન્ય રીતે જાગ્રતતા નથી જળવાતી. અહીં વ્યક્તિ સભાનતામાં નથી હોતો. જાગ્રતતાના અભાવે મન બિન-નિયંત્રિત રૂપે વર્તવા માંડે તેવી સંભાવના હોય છે, જેનાથી ક્યાંક અનિષ્ટ ભાવ ઊભરવાની સંભાવના ઊભી થાય. પ્રમાદ એ તો જાગ્રત અવસ્થામાં જ ઊંઘતા હોવાની પ્રક્રિયા સમાન છે. અહીં કદાચ મન જાગ્રત પણ હોય પણ તે સ્થૂળતાની સ્થિતિમાં હોય, તે નિષ્ક્રિય બની ગયું હોય, જેને કારણે તેની નિર્ણય શક્તિ કાં તો અતિશય ક્ષીણ થઈ જાય કાં તો ખોટી દિશામાં પ્રવૃત્ત થઈ જાય. આ પ્રકારની સ્થિતિમાં વિવેકને હાની પહોંચે, ઉત્તરદાયિત્વ ભૂલી જવાય, ખોટા વિચારો સ્થાપિત થતા જાય અને પરિણામે બ્રહ્મનિષ્ઠાનો માર્ગ ચૂકી જવાય. આળસ એ નિષ્ક્રિય પડ્યા રહેવાની પ્રક્રિયાનું ઘનીકરણ છે તેમ કહી શકાય. અહીં વ્યક્તિ અહંકારપૂર્વક દેહભાવ સાથે, દેહ માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરવાના પ્રયત્નોમાં રહે છે. અહીં સભાનતા તો પૂરેપૂરી હોય છે, પરંતુ નિષ્ક્રિયતા પણ તેની ચરમસીમા પર હોય છે. અહીં પ્રત્યેક કર્મેન્દ્રિય કાર્ય કરવા સક્ષમ હોય છે, પરંતુ મન નિષ્ક્રિય રહેવામાં તત્પર હોય છે. આવી પરિસ્થિતિમાં મન ક્યારેક પોતાના મનઘડત વિશ્વમાં ખોવાયેલું રહે છે જેના કારણે આધ્યાત્મિકતાનો માર્ગ ચૂકી જવાય છે. પ્રમાદ, નિદ્રા તથા આળસની સ્થિતિમાં મન નિરંકુશ બની શકે અને કાલ્પનિક વિલાસિતા તરફ પ્રયાણ કરી શકે. આવી પરિસ્થિતિ પરમની આરાધના માટે ક્યારેય ઇચ્છનીય ન ગણાય. આવી પરિસ્થિતિમાં વ્યક્તિ હકારાત્મક સંભાવનાઓથી દૂર થઈ અને કાલ્પનિક વિલાસમાં મગ્ન થઈ જાય.

બ્રહ્મમાં વિશ્વાસ, તેના પ્રત્યેની નિષ્ઠા, તેની સંપૂર્ણતામાં નિર્વિકલ્પ સ્વીકૃતિ, તેના અસ્તિત્વનો અહેસાસ, તે અ-કર્મી હોવા છતાં તેની લીલાના વિસ્તારની સમજ, તેના વિરોધી જણાતા અસ્તિત્વમાં એક-રાગતા તથા સુસંવાદિતતા માટેનું જ્ઞાન અને આ બધા સાથે તેના પ્રત્યેનું પૂર્ણ સમર્પણ - આ બધા માટે પ્રમાદ, નિદ્રા કે આળસ બાધા રૂપ બને તે સ્વાભાવિક છે.

ગીતામાં જણાવ્યા પ્રમાણે બ્રહ્મના સ્વભાવને આધ્યાત્મ કહેવાય. કોઈપણ તત્ત્વને તેના સ્વભાવથી ભિન્ન જોઈ ન શકાય - સમજી ન શકાય. જેમ સાકર અને મીઠાશને પરસ્પરના પર્યાય સમાન જાણી શકાય તેમ અહીં આધ્યાત્મ અને બ્રહ્મને પરસ્પર ફેરબદલ કરીને સમજી શકાય. અહીં એમ કહી શકાય કે બ્રહ્મ જ આધ્યાત્મ છે અને આધ્યાત્મ એટલે બ્રહ્મ. બ્રહ્મના માર્ગમાં એટલે કે આધ્યાત્મના પ્રવાસમાં દેહભાવને પણ સ્થાન ન હોવું જોઈએ અને દેહવાસનાને પણ સ્થાન ન હોવું. ■

# વડોદરામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદઃ પૂરની આશંકાથી શહેરીજનોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં ફરી એક વખત વરસાદી માહોલ જામ્યો છે, છેલ્લા ચાર દિવસથી ધોધમાર વરસાદના કારણે વિશ્વામિત્રી કાલાઘોડા બ્રિજની જળ સપાટીમાં સતત વધારો નોંધાયો હતો અને જળ સ્તર ૧૭.૫૨ ફૂટે પહોંચ્યું હતું, આ સાથે જ આજવા સરોવરમાં પણ પાણીની પુષ્કળ આવક થઈ રહી છે. આજવા સરોવરની જળ સપાટી પણ ૨૧૨.૬૭ ફૂટે પહોંચી હતી. ભારે વરસાદના કારણે શહેરીજનો ફરી એક વાર ચિંતાતુર બન્યા હતા. વડોદરા રેલવે સ્ટેશનથી અલકાપુરી વિસ્તારને જોડતું ગરનાળું વાહનવ્યવહાર માટે બંધ કરાયું હતું. ગરનાળામાં પાણી ભરાઈ જતા સાવચેતીના ભાગરૂપે ગરનાળાને બંધ કરાયું હતું.

ધોધમાર વરસાદના પગલે છાણી, સમા, નિઝામપુરા, આજવા રોડ, વાઘોડિયા રોડ, ફતેગંજ, અલકાપુરી, માંજલપુર સહિત શહેરમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. શહેરમાં નવાબજાર, રાવપુરા, દાંડિયા બજાર, ચાર દરવાજા વિસ્તારમાં ભારે વરસાદના કારણે પાણી ભરાયા હતા. માત્ર બે કલાકમાં ખાબકેલા સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદે વડોદરાને રીતસરનું ધમરોળી નાખ્યું હતુ. ધોધમાર વરસાદના કારણે ગરબા આયોજકોની સાથે-સાથે નવરાત્રિના ખેલૈયાઓ પણ ચિંતિત બન્યા છે. વિશ્વામિત્રી નદીનું જળસ્તર વધી રહ્યું છે, જેથી પૂરની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને લોકોમાં ભારે ઉચાટ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન સમા વિસ્તારમાં આવેલા હરણી તળાવ પાસેના ઉર્મી ઓવર બ્રિજ પર આસપાસના લોકોએ પોતાના વાહન પાર્ક કર્યા હતા. જો કે, તંત્ર દ્વારા સ્થિતિ સામાન્ય હોવાનું જણાવવામાં આવ્યું હતું, પરંતુ ભયાનક પૂરને લોકોના હજી ભૂલી શક્યા નથી. જો વડોદરા શહેર અને ઉપરવાસમાં ભારે વરસાદ થશે, તો વિશ્વામિત્રી નદીનાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સ્થળાંતર કરવાની નોબત આવી શકે છે. ■

# ભૂપેન્દ્ર પટેલ સરકારની ત્રિ'દિવસીય ચિંતન બેઠક નવેમ્બરમાં સોમનાથ ખાતે યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારની ૨૧ નવેમ્બરથી ત્રિ'દિવસીય ચિંતન બેઠક સોમનાથ ખાતે યોજાશે. ગુજરાત સરકારના તમામ પ્રધાનો, સચિવ, ઉચ્ચ અધિકારીઓ આ ચિંતન બેઠકમાં હાજર રહેશે. ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ ૨૧-૨૨-૨૩ નવેમ્બરે ચિંતન બેઠકનું આયોજન કરાયું છે. ગત વર્ષે મે મહિનામાં ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯ થી ૨૧ મે દરમિયાન કેવડિયા કોલોની ખાતે ચિંતન શિબિર યોજાઈ હતી. સોમનાથ ખાતે યોજાનાર ચિંતન શિબિરમાં આરોગ્ય પોષણ, શહેરીકરણ અને માળખાગત વિકાસ, સરકારી કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ, ગ્રામ્ય વિસ્તારોમાં અને ક્ષમતા નિર્માણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારો સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાશે.

આ ઉપરાંત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અંગે પણ અલગથી ચિંતન શિબિરમાં ચર્ચા કરાશે, જેમાં ખાસ કરીને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે ૧૦ મુદ્દાઓ પર એક્શન પ્લાન તૈયાર થઈ શકે છે, જેમાં કોમ્યુનિટી એક્શન પ્લાન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કુપોષણ નિવારણ, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન, ખોરાક અને પોષણમાં વિવિધતા, ગ્રામ્ય કક્ષાએ જરૂરી દવાઓની ઉપલબ્ધિ, નવજાત બાળકોની કાળજી માટે ઘરગથ્થું ઉપાયો, બાળકોનું સંપૂર્ણ અને અસરકારક રસીકરણનો સમાવેશ થશે.

ગત વર્ષ ચિંતન શિબિરમાં શિક્ષણ અને આરોગ્ય પર સૌથી વધુ ચર્ચા થઈ હતી. આ સાથે જ બન્ને વિભાગોની કામગીરીમાં જણાવેલી ક્ષતિ અને કેવી રીતે તેને દૂર કરી શકાય એની પર ચર્ચા કરવામાં આવી હતી. ■

# કડાણા ડેમના ૧૦ ગેટ ત્રણ ફૂટ સુધી ખોલી ૭૫૦૦૦ ક્યૂસેક પાણી મહીસાગર નદીમાં છોડાયું

## ૨૩૫ ગામોને તંત્ર દ્વારા ઍલર્ટ કરવામાં આવ્યાં હતાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહીસાગર જિલ્લાના કડાણા ડેમમાં સતત પાણીની આવકમાં વધારો થઇ રહ્યો છે, જેના પગલે કડાણા ડેમના ૧૦ ગેટ ત્રણ ફૂટ સુધી ખોલી ૭૫૦૦૦ ક્યૂસેક પાણી મહીસાગર નદીમાં છોડવામાં આવ્યું હતું. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે કડાણા ડેમમાંથી મહિસાગર નદીમાં પાણી છોડવામાં આવતા મહી નદી કાંઠામાં આવતા વડોદરા જિલ્લાના ૪૯, આણંદના ૨૬, ખેડાના ૩૨, પંચમહાલના ૧૮ અને મહીસાગર જિલ્લાના ૧૧૦ ગામ સહિત પાંચ જિલ્લાના કુલ ૨૩૫ ગામને તંત્ર દ્વારા ઍલર્ટ કરવામાં આવ્યા હતા.

કડાણા ડેમમાં હાલમાં ૧૨૬૬૯૦ ક્યૂસેક પાણીની આવક થઇ રહી છે, જેમાં પાદેડી ગેઝીંગમાંથી ૮૭૨૨૮ ક્યૂસેક, અનાસ નદીમાંથી ૨૬૪૫૧ ક્યૂસેક જ્યારે મહી બજાજ ડેમમાંથી ૧૦૮૩૯ ક્યૂસેક પાણી તેમજ કેચમેન્ટ વિસ્તારમાંથી આવતી આવક મળી કુલ ૧૨૬૬૯૦ ક્યુસેક પાણીની આવક થઇ રહી છે. કડાણા ડેમમાંથી ૧૦ ગેટ ત્રણ ફૂટ ખોલી ૫૪૫૬૦ ક્યૂસેક તેમ જ પાવર હાઉસ મારફતે ૨૦૪૦૦ ક્યૂસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું હતું. કડાણા ડેમમાં ગતરોજ ૧૫૦૦૦૦ ક્યૂસેક પાણી છોડાયું હતું.

કડાણા ડેમના કાર્યપાલક ઇજનેરે જણાવ્યું હતું કે, કડાણા ડેમમાં ઉપરવાસમાંથી આવતા પાણીની આવકમાં આશિક ઘટાડો નોંધાયો છે. જેના પગલે હાલમાં જાવક ઘટાડી ૭૫૦૦૦ ક્યૂસેક પાણી છોડાઇ રહ્યું છે. કડાણા ડેમની કુલ સપાટી ૪૧૯ ફૂટ છે હાલમાં ડેમની સપાટી ૪૧૮.૭ ફૂટ છે. જોકે હાલમાં પણ આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને પગલે આગામી સમયમાં તબક્કાવાર એક લાખ ક્યૂસેક પાણી પણ ફરી છોડવામાં આવશે. મહીસાગર નદી બે કાંઠે વહી રહી છે ત્યારે લુણાવાડા તાલુકાના તાંત્રોલી પુલ પાસે આવેલ ચેકડેમ ઓવરફ્લો થયો છે અને ચેકડેમ ઉપર થઈને પાણી વહી રહ્યું છે. ■

# ગુજરાતના માછીમારોની ૨૭૨ બોટ પાકિસ્તાનના કબજામાંઃ મત્સ્યઉદ્યોગ પ્રધાનની કેન્દ્રને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પાસે ૧૬૦૦ કિમી લાંબો દરિયાકાંઠો છે, જેમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસવાટ કરતો મોટો વર્ગ માછીમારીને વ્યવસાય સાથે જોડાયેલો છે. માછીમારીથી રાજ્ય સરકારને પણ મોટી આવક થાય છે. જો કે પાકિસ્તાન મરીન અવારનવાર દરિયામાં જ ગુજરાતના માછીમારોની ધરપકડ કરી તેમની બોટ પણ જપ્ત કરી લે છે. પાકિસ્તાન સરકાર બોટ પરત ન આપતી હોવાના કારણે માછીમારોને લાખોનું નુકસાન થાય છે. એક બોટની કિંમત ૫૦ થી ૬૦ લાખ હોય છે. બોટ પરત ન મળવાથી બોટ માલિક અને તેની સાથે જોડાયેલા માછીમારો વ્યવસાય ફરીથી કરી શકતા નથી જેથી મોટું નુકસાન વેઠવું પડે છે. આ મુદ્દે મત્સ્ય ઉદ્યોગપ્રધાન રાઘવજી પટેલે કેન્દ્ર સરકારને પત્ર લખીને બોટ પરત આવે તે માટે કેન્દ્ર સરકારનો ગૃહ વિભાગ યોગ્ય પગલાં ભરે તે માટે રજૂઆત કરી હતી.

આ અંગે રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, માછીમારોના વિવિધ સંગઠનોની માગણી છે કે, માછીમારો સાથે પાકિસ્તાન દ્વારા બોટ પણ પરત કરવામાં આવે, જેથી કેન્દ્ર સરકારના ગૃહ વિભાગને પત્ર લખવામાં આવ્યો છે. આથી બોટ પરત મળે તો માછીમારો ફરી વ્યવસાય કરી શકે.

પાકિસ્તાન સરકાર માછીમારોને પરત આપે તે માટે રાજ્ય સરકાર પ્રયત્ન કરી રહી છે. માછીમારોની બોટ બાબતે વર્ષ ૨૦૦૫ સુધી પાકિસ્તાન દ્વારા ભારતીય માછીમારોને બોટ સાથે દરિયાઈ માર્ગે મુક્ત કરવામાં આવતા હતા, પરંતુ ૨૦૦૫ પછી પાકિસ્તાન દ્વારા માત્ર માછીમારોને વાઘા બોર્ડરથી રોડ માર્ગે મુક્ત કરવામાં આવે છે. વર્ષ ૧૯૯૪-૯૫થી અત્યાર સુધીમાં પાકિસ્તાને ગુજરાતી માછીમારોની ૧૪૪૪ બોટ પકડી છે, જેમાં અત્યાર સુધી ૨૭૨ બોટ પરત આપી છે, જ્યારે ૧૧૭૨ બોટ હાલ પાકિસ્તાનના કબ્જા હેઠળ છે. પાકિસ્તાને વર્ષ ૨૦૦૪-૦૫માં ૧૩૦ અને વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૩૯ બોટ પકડી હતી.

પાકિસ્તાનમાંથી માછીમારોને મુક્ત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધી ૪૧ જેટલી રજૂઆત કરવામાં આવી છે. વર્ષ ૧૯૯૪થી લઈને અત્યાર સુધી પાકિસ્તાને ૭૮૯૧ માછીમારો કેદ કર્યા હતા, જેમાં ૭૬૭૯ માછીમારો મુક્ત કરવામાં આવ્યા છે. હજી પણ પાકિસ્તાનની જેલમાં ૨૧૨ જેટલા માછીમારો કેદ છે. ■

# સુરતમાં લાઈસન્સ વિનાનું ફટાકડાનું ગોડાઉન ઝડપાયું

## પોલીસે ₹ ૯૫.૧૭ લાખનો જથ્થો જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં વરાછા પોલીસે લાઇસન્સ વિનાનું ફટાકડાનું ગોડાઉન ઝડપી પાડ્યું હતું. પોલીસે દુકાન તથા ગોડાઉનમાંથી લગભગ ૯૫.૧૭ લાખની કિંમતના ફટકડા કબજે કર્યા હતા અને બે ભાઈની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે મળતી માહિતી મુજબ સુરત શહેરમાં વરાછા પોલીસની ટીમે મારુતિ ચોક પાસે સંતોષી નગર શોપ નબર ૧૧ ખાતે દુકાન તથા ગોડાઉનમાં દરોડો પાડ્યો હતો, જ્યાંથી પોલીસે વગર પાસ પરમિટે તેમ જ ફાયર સેફ્ટી વગર સંગ્રહ કરાયેલો કુલ ૯૫,૧૭,૯૩૮ રૂપિયાનો ફટકડાનો જથ્થો કબજે કર્યો હતો.

આ મામલે પોલીસે ચેતનભાઈ ધરમશીભાઈ સાંગાણી તથા અશ્વિનભાઈ ધરમશીભાઈ સાંગાણીની ધરપકડ કરી હતી, જ્યારે મોનજીભાઈ ઉર્ફે મુન્નાભાઈ ધરમશીભાઈ સાંગાણીને પકડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. આરોપીઓ દ્વારા દુકાન તથા ગોડાઉન ભાડે રાખીને વગર પાસ પરમિટે સ્ફોટક ફટાકડાનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. આરોપીઓની પૂછપરછ દરમ્યાન દિવાળીના તહેવાર નિમિત્તે શિવાકાશીથી આ ફટાકડાનો જથ્થો મેળવ્યો હોવાનું ખૂલ્યું હતું, આ તમામ ફટકડાનો જથ્થો સુરક્ષિત જગ્યાએ મૂકવાની કાર્યવાહી વરાછા પોલીસે હાથ ધરી હતી. ■

# રાજયના ૭૨ લાખ રેશનિંગના દુકાનદાર આગામી મહિને લઘુતમ કમિશન મુદ્દે હડતાળ પર ઊતરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજયનાં ૭૨ લાખ રેશનિંગનાં દુકાનદારોએ ફરી એક વખત હડતાળ પર ઉતરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો, નવરાત્રિ અને દિવાળી નજીક છે ત્યારે રેશનિંગનાં વેપારીઓ વિતરણ ખોરવી દે તો લોકોના તહેવારો બગડે તેવી સંપૂર્ણ શક્યતા છે. મિનિમમ કમિશન મુદ્દે રેશનિંગનાં બે રાજય કક્ષાનાં વેપારી સંગઠનોનાં હોદ્દેદારો અને ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એસોસિયેશનનાં મહામંત્રી હિતુભા જાડેજાએ જણાવ્યું હતું કે, મિનિમમ કમિશનની વિસંગતતાઓ નિવારવા માટે સરકારે લાંબા સમયથી આપેલું વચન હજુ પળાયું નથી. આથી શોષણથી થાકેલા દુકાનદારોએ હવે ફરી લડતનો માર્ગ અપનાવ્યો છે. લગભગ ત્રણ વર્ષ પહેલા વેપારી ભાઈઓના એસોસિયેશન દ્વારા મિનિમમ ૨૦,૦૦૦ રૂપિયા કમિશન મેળવવા માટે માગણી કરવામાં આવી હતી.

આ માગણી અંગે અનેક વખત આવેદનો રજૂઆતો અને લડતો પણ કરવામાં આવી હતી ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સરકારે વેપારી ભાઈઓને મિનિમમ ૨૦,૦૦૦ કમિશન મળે એવો પરિપત્ર કર્યો હતો, પરંતુ આ પરિપત્રમાં અમુક એવી શરતો મૂકવામાં આવી જેના કારણે ગુજરાત રાજયના મોટાભાગના દુકાનદાર ભાઈઓ મિનિમમ ૨૦,૦૦૦ કમિશન મેળવી શક્તા ન હતા. પરીપત્રમાં ફક્ત ૩૦૦ કાર્ડ સુધીની દુકાન ધરાવનાર દુકાનદારોને જ આ મિનિમમ કમિશન મળશે તેવી શરત હોવાના કારણે મોટા ભાગના વેપારી ભાઈઓ મિનિમમ કમિશન મેળવી શકતા ન હતા તેથી વેપારી ભાઈઓએ ફરીથી સરકાર સામે આંદોલન અસહકારની ચળવળ ચલાવી ત્યારે ફરીથી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ એક નવો પરિપત્ર કરવામાં આવ્યો હતો, જેમાં ૩૦૦ કાર્ડની મર્યાદાને દૂર કરી, પરંતુ લગભગ ૧૨ જેવી અન્ય શરતો મૂકવામાં આવી જેમાં શરત નંબર સાત મુજબ દરેક દુકાનદાર ભાઈએ મિનિમમ વીસ હજાર રૂપિયા કમિશન મેળવવા માટે ૯૭ ટકા વિતરણ કરવું ફરજિયાત કરવામાં આવ્યું હતું જે દુકાનદાર ભાઈ ૯૭ ટકા વિતરણ કરશે તેઓને મિનિમમ ૨૦,૦૦૦ રૂપિયા કમિશન મળવાપાત્ર થશે તેવી શરત રાખવામાં આવી હતી. બંને એસોસિયેશનના પ્રમુખો દ્વારા આવનારા ઑક્ટોબર માસ માટે ગુજરાત રાજ્યના કોઈ પણ વેપારી ભાઈઓએ પરમિટ જનરેટ ન કરવી. નાણાંનું ચૂકવણું ન કરવું એવો નિર્ણય કરવામાં આવ્યો હતો. ■

## દેશ વિદેશ

# જ્યાં સુધી વડા પ્રધાનપદેથી મોદીને હટાવીશ નહીં, ત્યાં સુધી જીવતો રહીશઃ કૉંગ્રેસ પ્રમુખ ખડગે

જસરોટા/જમ્મુઃ કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જમ્મુ અને કાશ્મીરમાં એક રેલીમાં વડા પ્રધાન મોદી સરકારની ટીકા કરી હતી અને જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે લડવાનું વચન આપ્યું. તેમણે ભાજપ પર ચૂંટણીને રોકવાનો અને નોકરીઓ આપવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો, આ પ્રદેશના ઊંચા બેરોજગારી દર પ્રત્યે ધ્યાન ખેંચ્યું હતું અને મોદીના નેતૃત્વમાં નબળા શાસનનો આક્ષેપ કર્યો.

જ્યાં સુધી વડા પ્રધાન મોદીને સત્તામાંથી 'હટાવવામાં નહીં આવે' ત્યાં સુધી હું મરીશ નહીં, એમ જમ્મુ-કાશ્મીરના પ્રચાર દરમિયાન માંદા પડેલા ખડગેએ રેલીમાં જાહેરમાં કહ્યું હતું.

રવિવારે કઠુઆ જિલ્લામાં ચૂંટણી પ્રચાર રેલીને સંબોધિત કરતી વખતે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે બીમાર પડ્યા હતા.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં એક રેલીમાં વડા પ્રધાન મોદી પર નિશાન સાધતા આક્રમક નિવેદન આપ્યું હતું, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કૉંગ્રેસ પાર્ટી પ્રદેશને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે લડત ચાલુ રાખશે.

ખડગે ભાષણ દરમિયાન થોડા સમય માટે બીમાર પડ્યા હતા અને સ્ટેજ પર તેમને તબીબી સહાય આપવામાં આવી હતી, તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર પર તીખો હુમલો કર્યો હતો, તેમના પર ચૂંટણીઓ રોકવાનો અને જમ્મુ-કાશ્મીર પર 'રિમોટ કંટ્રોલ' દ્વારા શાસન કરવાનો આરોપ મૂક્યો હતો.

આ લોકો ક્યારેય ચૂંટણી કરાવવા માગતા ન હતા. તેઓએ સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ પછી જ ચૂંટણીની તૈયારી શરૂ કરી હતી, એમ ખડગેએ કહ્યું હતું.

હું ૮૩ વર્ષનો છું, હું આટલો વહેલો મૃત્યુ પામવાનો નથી, જ્યાં સુધી મોદીને સત્તામાંથી હટાવવામાં નહીં આવે ત્યાં સુધી હું સુધી જીવતો રહીશ. હું તમારી વાત સાંભળીશ અને તમારા માટે લડત આપીશ, એમ ખડગેએ કહ્યું હતું.

ભાજપ પર જમ્મુ-કાશ્મીરના મુખ્ય ઉદ્યોગો, ખાસ કરીને ખાણકામ અને દારૂ જેવા ક્ષેત્રોને બહારના લોકોને સોંપી દેવાનો આરોપ પણ મૂક્યો હતો. તેમણે એવો સવાલ કર્યો હતો કે કેન્દ્ર સરકાર પર ભાજપનું નિયંત્રણ હોવા છતાં રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં કેમ વિલંબ થઈ રહ્યો છે. ૪૫ વર્ષમાં સૌથી વધુ બેરોજગારીનો દર મોદીજીના કાર્યકાળમાં છે એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)■



**યુદ્ધઃ** ઈઝરાયલે કરેલા હવાઈ હુમલામાં હિઝબુલનો વડો હસન નસરલ્લાહ લેબેનોનના બૈરુતમાં જે સ્થળે માર્યો ગયો હતો, તે જગ્યા. (એપી / પીટીઆઈ)

# પંજાબમાં સરહદ પારથી દાણચોરી કરતી ગેંગનો પર્દાફાશ, ૬ કિલો હેરોઈન જપ્ત

ચંડીગઢઃ પંજાબમાં સરહદ પારથી ડ્રગ્સની દાણચોરી કરતી એક ગેંગનો રવિવારે પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને છ કિલોગ્રામ હેરોઈન અને ૬૦થી વધુ કારતૂસ જપ્ત કરવામાં આવ્યા હતા. પંજાબ પોલીસે આ જાણકારી આપી હતી. પંજાબ પોલીસના સ્પેશિયલ ઓપરેશન્સ સેલે (એસએસઓસી) આ ગેંગનો પર્દાફાશ કર્યો હતો.

પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''એસએસઓસી અમૃતસરે સરહદ પાર હેરોઈનની દાણચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે અને છ કિલોગ્રામ હેરોઈન, ૬૭ કારતૂસ, બે મેગઝીન અને છ ફોન જપ્ત કર્યા છે.''

ડીજીપીએ કહ્યું હતું કે આ સંબંધમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટની જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ■



**દુર્ગાપૂજાઃ** કોલકાતામાં વિવિધ છોડનો ઉપયોગ કરીને તૈયાર કરાયેલી 'દેવી દુર્ગા'ની મૂર્તિ અને આજુબાજુનું સુશોભન. પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને વિવિધ વનસ્પતિની મદદથી દેવી દુર્ગાની મૂર્તિ તૈયાર કરાઇ છે. (પીટીઆઇ)

# ઝાંસીની મહિલાઓના 'જળ સંચય અભિયાન'ની મોદી દ્વારા પ્રશંસા

## આદિત્યનાથે વડા પ્રધાનનો આભાર માન્યો

લખનઊ / ઝાંસીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લાની ઘુરારી નદીને પુનર્જીવિત કરવા સ્થાનિક મહિલાઓએ હાથ ધરેલા 'જળ સંચય અભિયાન'નો પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં ઉલ્લેખ કરીને પ્રશંસા કરી હતી.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે વડા પ્રધાન દ્વારા ઝાંસીની મહિલાઓના 'જળ સંચય અભિયાન'ના કરાયેલા ઉલ્લેખ બદલ તેમનો આભાર માન્યો હતો.

મોદીએ ઝાંસીની મહિલાઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે ઝાંસીની મહિલાઓએ પાણીનો બગાડ રોકવાની સાથે નદીને પુનર્જીવિત કરી છે. તેઓનું આ કામ પાણીની સમસ્યાનો સામનો કરી રહેલા અન્ય વિસ્તારોને માર્ગદર્શન પૂરું પાડે છે. ઝાંસી, ખાસ કરીને પાણી સમસ્યાનો સામનો કરી રહેલા બુંદેલખંડ વિસ્તારમાં 'સેલ્ફ હેલ્પ ગ્રૂપ્સ'ની મહિલાઓએ 'જળ સંચય અભિયાન' હાથ ધરીને પાણી બચાવવાનું શરૂ કર્યું છે. મોદીએ આ મહિલાઓનો 'જળ સહેલી' તરીકે ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ઝાંસીની મહિલાઓએ નદીના પાણીનો વ્યય ન થાય અને વરસાદના પાણીનો સરખો સંગ્રહ થાય તે માટે ગૂણીઓમાં રેતી ભરીને ચેક ડેમ બનાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓએ નદીને પુનર્જીવિત કરવાની સાથે સમાજને જળ સંગ્રહ માટેનું સારું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે આ 'જળ સહેલીઓ' મહિલા સશક્તીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. (એજન્સી)■

# કઠુઆ અથડામણમાં પોલીસ હેડ કોન્સ્ટેબલનું મોત, ડીએસપી અને એએસઆઈ ઘાયલ

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરમાં શનિવારે બે અથડામણોમાં બે આતંકવાદી ઠાર મરાયા હતા તો એક પોલીસ હેડ કોન્સ્ટેબલ શહીદ થયો હતો. આ અથડામણોમાં જમ્મુ-કાશ્મીર પોલીસના ત્રણ અધિકારીઓ-ડીએસપી, એએસપી અને એએસઆઈ સહિત સાત જવાન ઘાયલ થયા હતા. એક અથડામણ કુલગામમાં થઈ અને બીજી અથડામણ કઠુઆ જિલ્લાના બિલાવર ક્ષેત્રમાં થઈ.

પોલીસે માહિતી આપી કે મોડી રાત્રે કઠુઆ જિલ્લાના બિલવાર વિસ્તારમાં થયેલી અથડામણમાં એક હેડ કોન્સ્ટેબલનું મૃત્યું થયું હતું, જ્યારે ડીએસપી ઓપરેશન સુખબીર સિંહ અને એક સહાયક પોલીસ ઉપનિરીક્ષક ઘાયલ થયા હતા. બન્ને ઈજાગ્રસ્તોને વધુ ઉપચાર માટે હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા. ડીએસપીની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

આના પહેલાં દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના આદિગામ દેવસર ગામમાં શનિવાર સવારથી શરૂ થયેલી અથડામણમાં બે અજ્ઞાત આતંકવાદી માર્યા ગયા હતા. આ અથડામણમાં લશ્કરના ત્રણ જવાનો અને કાશ્મીર પોલીસના એએસપી રેન્કના અધિકારી સહિત પાંચ જવાન ઘાયલ થયા હતા.

એક સિનિયર પોલીસ ઓફિસરે માહિતી આપી હતી કે દેવસર ગામમાં બે અજ્ઞાત આતંકવાદીઓ માર્યા ગયા. આતંકવાદીની ઓળખ હજી સુધી થઈ નથી.

તેમણે કહ્યું હતું કે સુરક્ષા દળોની સંયુક્ત ટીમ એક શંકાસ્પદ સ્થાનમાં સર્ચ ઓપરેશન કરી રહી હતી ત્યારે આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો. આને પગલે અથડામણ થઈ હતી. ટોચના પોલીસ અધિકારીએ અથડામણમાં બે આતંકવાદી માર્યા ગયા હોવાની વાતને સમર્થન આપ્યું છે. આના પહેલાં પોલીસે એવી માહિતી આપી હતી કે જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં ઓછામાં ઓછા ચાર જવાન અને એક ટ્રાફિક પોલીસ અધિકારી ઘાયલ થયા હતા. સુરક્ષા દળોએ દેવસર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું ત્યારે આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. ■

મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે

બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા

રોજેરોજ ઈનામોની વણઝાર

રમો ઝૂમો અને જીતો

૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી...

મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં મુખ્ય સેન્ટરોમાં યોજવામાં આવી છે, જેમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે.

મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવશે

મહાસ્પર્ધામાં બમ્પર ઈનામોઃ થાઈલેન્ડ ટ્રિપ (૧૦ કપલ), ભૂતાનની ટિકિટ - સ્ટે (બે કપલ), ઓલ ઈન્ડિયા હોટેલ વાઉચર્સ, ગિફ્ટ વાઉચર્સ તેમ જ ટ્રોફી વત્તા લાખોનાં રોકડ ઈનામો તો છોગામાં.

આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.

...તો ગરબાની રમઝટ બોલાવવા માટે થઈ જાવ તૈયાર

ફાઈનલ રાઉન્ડની અને અન્ય સેન્ટરોની યાદી માટે જોતા રહો મુંબઈ સમાચાર

પ્રાયોજકઃ Chandan MOUTH FRESHENER Khane Ki Happy Ending! NanoNine INNOVATIVE KITCHENWARE Renddezvous where soulmates meet JVM SPACES a mehta group venture B SEEN GET NOTICED HAIRLOGIC THE RIGHT BASICS Gifting partners B.N JEWELLERS INDIA PRIVATE LIMITED. Trophy partner RACHNA SALON Since 1980

Since 1983 HARI HARI HAIR STUDIO Gifting partners Tripz2Thailand

સહયોગઃ જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ

DIGITAL GLOBAL GARBA

visit: www.bombaysamachar.com


# અમ્પાયરોએ રમત રદ કરી ત્યાં જ સૂરજદાદાએ વાદળો વચ્ચેથી ડોકિયું કર્યું!

## વરસાદનું એક ટીપું પણ નહોતું પડ્યું, પરંતુ આઉટફીલ્ડ પરની ભીનાશને કારણે ફરી રમત ન થઈ

કાનપુરઃ શુક્રવારે કાનપુરમાં ભારત સામેની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે ૩૫મી ઓવરને અંતે બાંગ્લાદેશનો સ્કોર ત્રણ વિકેટે ૧૦૭ રન હતો ત્યાર બાદ રમત થઈ જ નથી શકી અને હવે સ્થિતિ એવી આવી છે કે કુલ મળીને પોણાત્રણ દિવસની રમત ધોવાઈ જવાને કારણે આ મૅચ ડ્રૉ તરફ જઈ રહી છે.

રવિવારે ગ્રીન પાર્ક સ્ટેડિયમના મેદાન પર મિડ-ઑન તથા મિડ-ઑફની આસપાસના ભાગોમાં તેમ જ મીડિયા બૉક્સની સામેના બોલરના રન-અપ પર ભીનાશ હોવાને લીધે જરા પણ રમત નહોતી થઈ શકી. બપોરે બે વાગ્યે અમ્પાયર્સ અને મૅચ રેફરીએ નિર્ણય બતાવતાં રમત ફરી શરૂ કરવા માટેની આશા પર પાણી ફરી વળ્યું હતું.



કાનપુરમાં રવિવારે મેદાનના માળીઓએ થોડો બ્રેક લીધો ત્યાં વાદળો ફરી ઘેરાઈ ગયાં હતાં. જોકે વરસાદ નહોતો પડ્યો. (પીટીઆઈ)

એક તરફ અમ્પાયર્સે નિર્ણય જાહેર કર્યો હતો અને બીજી તરફ વાદળો વચ્ચેથી સૂરજદાદાએ ડોકિયું કર્યું હતું. જોકે શનિવારની રાતના વરસાદને કારણે મેદાન ભીનું હોવાથી રમત શરૂ કરવાની કોઈ જ સંભાવના નહોતી.

રવિવારે વરસાદનું એક ટીપું પણ નહોતું પડ્યું, પરંતુ મેદાન પર ઠેકઠેકાણે ભીનાશ હોવાને કારણે મૅચ ફરી શરૂ કરવા માટેની મંજૂરી નહોતી મળી.

સોમવાર અને મંગળવારના બાકીના બે દિવસમાં જો પૂરી રમત રમાશે તો અને બન્ને દેશની ઇનિંગ્સમાં ઝડપી વળાંકો આવશે તો મૅચનું પરિણામ શક્ય છે. હા, ફરી મેઘરાજા મહેરબાન થશે તો આ મૅચ ડ્રૉમાં જશે અને સિરીઝનું ૧-૦નું પરિણામ ભારતની તરફેણમાં રહેશે. બપોરે જ્યારે અમ્પાયરો ફરી મેદાનની ચકાસણી માટે નીચે ઊતર્યા ત્યારે પ્રેક્ષકોએ ગુડ ન્યૂઝની આશા રાખી હતી, કારણકે વરસાદ જરાય પડ્યો જ નહોતો. જોકે કોઈ જ નિર્ણય નહોતો આવ્યો અને છેવટે બપોરે ૨.૦૦ વાગ્યે અમ્પાયરોએ જાહેર કરી દીધું હતું કે આવા ભીના મેદાન પર રમવું જરાય સંભવ નથી. આ મૅચમાં કુલ મળીને (બે-બે કલાકવાળા) આઠ સત્ર ધોવાઈ ગયા છે.■

# મેસીએ ગોલ કર્યા પછી પુત્રોને આપેલું વચન પાળ્યું



ફોર્ટ લોઉડરડેલ (અમેરિકા): આર્જેન્ટિનાનો અને ઇન્ટર માયામી ટીમનો સુપરસ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસી સામાન્ય રીતે ગોલ કર્યા પછી આક્રમક મિજાજમાં અને આનંદના અતિરેકમાં સેલિબ્રેશન કરતો હોય છે, પરંતુ શનિવારે મેજર લીગ સૉકર (એમએલએસ) સ્પર્ધામાં શાર્લોટ સામેની મૅચમાં માયામીને પરાજયથી બચાવતો ગોલ કરીને તેણે આશ્ચર્યકારક પ્રતિક્રિયા બતાવી હતી. માયામીએ શાર્લોટ સામેની મૅચ ૧-૧થી ડ્રૉ કરાવીને પૉઇન્ટ્સ ટેબલમાં પોતાનું મોખરાનું સ્થાન જાળવી રાખ્યું હતું.

મેસીએ ગોલ કર્યા પછી સ્ટૅન્ડ તરફ જોયું હતું. એ સ્ટૅન્ડમાં તેના ત્રણ પુત્રો બેઠા હતા. મેસીએ તેમની સામે જોઈને બન્ને હાથની હથેળી નીચેની તરફ રાખી હતી અને બન્ને પગ પર થોડો ઊંચો થયો હતો અને પુત્રો સામે જોઈને હસ્યો હતો. મેસીએ માર્વેલના આયર્ન મૅનની ઍક્ટિંગ કરી હતી. માર્વેલ કૉમિક્સ દ્વારા પ્રકાશિત અમેરિકન કૉમિક બુક્સમાં આયર્ન મૅન સુપરહીરોના પાત્રમાં છે.

મેસીએ એક મુલાકાતમાં કહ્યું હતું કે 'મારા ત્રણ પુત્રોનું હજી વેકેશન ચાલે છે. તેમની સ્કૂલ હજી શરૂ નથી થઈ. અમે દરેક રાત્રે માર્વેલની સુપરહીરો સિરીઝની ફિલ્મો જોઈએ છીએ. મારા દીકરાઓએ મને કહ્યું છે કે હું જ્યારે પણ ગોલ કરું ત્યારે મારે માર્વેલ સુપરહીરોની ઍક્શનમાં સેલિબ્રેશન કરવાનું. હું તેમનું કહ્યું કરીને તેમને ખુશ કરું છું.' ■

# મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપના ધમાકેદાર આરંભનો દિવસ નજીક આવી ગયો, જાણો ટૂર્નામેન્ટનું એ-ટુ-ઝેડ...

## છ દિવસ પછીના ભારત-પાકિસ્તાનના મુકાબલા પર સૌની નજર

દુબઈઃ મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ ખૂબ નજીક આવી ગયો છે. ત્રણ જ દિવસ બાદ વિમેન્સ ક્રિકેટની આ ફૉર્મેટનો નવમો મહા જંગ યુએઇમાં શરૂ થશે. ૩-૨૦ ઑક્ટોબરની આ વિશ્વ સ્પર્ધાની પ્રથમ મૅચ શારજાહમાં અને ફાઇનલ દુબઈમાં રમાશે.

ઑસ્ટ્રેલિયા છેલ્લા ત્રણ વર્લ્ડ કપથી ટ્રોફી ઉપાડતું આવ્યું છે અને આ વખતે પણ ચૅમ્પિયન બનવા માટે અલીઝા હિલીની ટીમ પ્રબળ દાવેદાર છે. જોકે હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં અને સ્મૃતિ મંધાનાની વાઇસ-કૅપ્ટન્સીમાં ભારતીય ટીમ પણ ટાઇટલ જીતવા માટે ફેવરિટ છે.

આ વખતના વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ૧૦ ટીમ ભાગ લઈ રહી છે અને તેમની વચ્ચે ફાઇનલ સહિત કુલ ૨૩ મૅચ રમાશે. ૧૦ ટીમને બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે. ગ્રૂપ-એમાં ભારત, પાકિસ્તાન, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ તથા શ્રીલંકા છે, જ્યારે ગ્રૂપ-બીમાં ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઇન્ડિઝ, બાંગ્લાદેશ અને સ્કૉટલૅન્ડ સામેલ છે.



ભારતવાળા ગ્રૂપમાં તમામ મજબૂત ટીમો છે, પરંતુ ખાસ કરીને ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટક્કર પર સૌની નજર રહેશે. આ વર્લ્ડ કપમાં ભારતની પ્રથમ મૅચ શુક્રવાર, ૪ ઑક્ટોબરે ન્યૂ ઝીલૅન્ડ સામે રમાવાની છે. જોકે રવિવાર, ૬ ઑક્ટોબરના ભારત-પાકિસ્તાનના હાઈ-વૉલ્ટેજ મુકાબલા પર સૌ કોઈ ક્રિકેટપ્રેમી મીટ માંડીને બેસશે.

ગયા ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતનો સેમિ ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે પાંચ રનથી પરાજય થયો હતો અને છેવટે ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન બન્યું હતું.

આ વિશ્વ કપ બાંગ્લાદેશમાં રમાવાનો હતો, પરંતુ ત્યાં રાજકીય ઊથલપાથલ થતાં અને ક્રાંતિકારી દેખાવો થવાને પગલે આઇસીસીએ વર્લ્ડ કપ યુએઇમાં રાખવાનું નક્કી કર્યું હતું.

### વર્લ્ડ કપમાં ભારતની લીગ મૅચ ક્યારે?

(૧) ૪ ઑક્ટોબર, ન્યૂ ઝીલૅન્ડ સામે, સાંજે ૭.૩૦

(૨) ૬ ઑક્ટોબર, પાકિસ્તાન સામે, બપોરે ૩.૩૦

(૩) ૯ ઑક્ટોબર, શ્રીલંકા સામે, સાંજે ૭.૩૦

(૪) ૧૩ ઑક્ટોબર, ઑસ્ટ્રેલિયા સામે, સાંજે ૭.૩૦

### ભારતીય ટીમઃ

હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), યસ્તિકા ભાટિયા (વિકેટકીપર), શેફાલી વર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, દયાલન હેમલતા, દીપ્તિ શર્મા, શ્રેયંકા પાટીલ, સજીવન સજના, આશા શોભના, રેણુકા સિંહ, પૂજા વસ્ત્રાકર, રાધા યાદવ અને અરુંધતી રેડ્ડી. ■

# શ્રીલંકા ૧૫ વર્ષે ન્યૂ ઝીલૅન્ડ સામે જીત્યું સિરીઝ, ૧૮ વર્ષે સર્વશ્રેષ્ઠ વર્ષ માણ્યું

## કિવીઓને એક દાવ અને ૧૫૪ રનથી હરાવ્યા, મેન્ડિસ મૅચનો અને જયસૂર્યા સિરીઝનો અવૉર્ડ-વિજેતા

ગૉલઃ શ્રીલંકા ટેસ્ટ-ક્રિકેટમાં સુવર્ણકાળ માણી રહ્યું છે. રવિવારે એક તો એણે ન્યૂ ઝીલૅન્ડ સામે દોઢ દાયકે (૧૫ વર્ષ બાદ) ટેસ્ટ-શ્રેણી જીતી અને ૨૦૦૬ પછી પહેલી વાર (૧૮ વર્ષે) શ્રીલંકનો ટેસ્ટ-ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ વર્ષ સેલિબ્રેટ કરી રહ્યા છે. કિવીઓ પર શ્રીલંકનોએ પહેલી વાર સિરીઝમાં સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું.

શ્રેણીની બીજી અને આખરી ટેસ્ટમાં શ્રીલંકાએ પહેલો દાવ પાંચ વિકેટે ૬૦૨ રનના સ્કોર પર ડિક્લેર કર્યો ત્યાર બાદ ન્યૂ ઝીલૅન્ડ પ્રથમ દાવમાં ફક્ત ૮૮ રનમાં (શ્રીલંકા સામેના એના લોએસ્ટ સ્કોર પર) ઑલઆઉટ થઈ ગયા બાદ ફૉલો-ઑન મળતાં રવિવારે ચોથા દિવસે ૩૬૦ રન પર આઉટ થઈ ગયું હતું અને શ્રીલંકાએ એક દાવ તથા ૧૫૪ રનથી વિજય મેળવ્યો અને શ્રેણીમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરી.



શ્રીલંકાની હવે વેસ્ટ ઇન્ડિઝ સામે ટી-૨૦, વન-ડે સિરીઝ તથા સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણી રમાશે.

ન્યૂ ઝીલૅન્ડના બીજા દાવમાં ચાર બૅટરે હાફ સેન્ચુરી ફટકારી હતી, પરંતુ ઑફ-સ્પિનર નિશાન પેઇરિસ (૧૭૦ રનમાં છ વિકેટ) અને સિરીઝના સુપરહીરો અને લેફ્ટ-આર્મ સ્પિનર પ્રભાત જયસૂર્યા (૧૩૯ રનમાં ત્રણ વિકેટ)ના ૩૪-૩૪ ઓવર જેટલા એકધારા આક્રમણને કારણે એકેય બૅટર સેન્ચુરી સુધી નહોતો પહોંચી શક્યો.

ન્યૂ ઝીલૅન્ડના પ્રથમ દાવમાં જયસૂર્યાએ છ તથા પેઇરિસે ત્રણ વિકેટ લીધી હતી. બીજા દાવમાં પેઇરિસે છ અને જયસૂર્યાએ ત્રણ વિકેટ મેળવી હતી. આમ, બન્ને સ્પિનરના અટૅક સામે ટિમ સાઉધીની ટીમે ઘૂંટણિયા ટેકવ્યા હતા.

કામિન્દુ મેન્ડિસે પ્રથમ દાવમાં અણનમ ૧૮૨ રન બનાવીને કરીઅરના પ્રથમ ૧,૦૦૦ રન સૌથી ઝડપે (સૌથી ઓછી ઇનિંગ્સમાં) બનાવવામાં સર ડૉન બ્રૅડમૅનના થર્ડ-ફાસ્ટેસ્ટ વિક્રમની બરાબરી કરી હતી. મેન્ડિસને મૅન ઑફ ધ મૅચનો તેમ જ બે મૅચની આખી શ્રેણીમાં કુલ ૧૮ વિકેટ લેનાર પ્રભાત જયસૂર્યાને મૅન ઑફ ધ સિરીઝનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. જયસૂર્યાએ રવિવારે પૂરી થયેલી ટેસ્ટના પ્રથમ દાવમાં છ અને બીજા દાવમાં ત્રણ વિકેટ લીધી હતી.

શ્રીલંકા છેલ્લી સતત ત્રણ ટેસ્ટ જીત્યું હોવાથી ધનંજય ડિસિલ્વાના સુકાનમાં શ્રીલંકન ટીમે આવતા વર્ષે જૂનમાં લૉર્ડ્સમાં રમાનારી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલ માટેની આશા જીવંત રાખી છે. ■

# ૧૨ કરોડ રૂપિયાવાળો ધોની હવે ૪ કરોડનો!

## આઈપીએલના નિયમોમાં ધરખમ ફેરફારો, વિદેશી ખેલાડીઓ 'ચાલબાજી' કરશે તો બે વર્ષનો પ્રતિબંધ

મુંબઈઃ પાંચ વખત આઈપીએલનું ટાઈટલ જીતી ચૂકેલી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)નું ફ્રેન્ચાઇઝી જો હવે મહેન્દ્રસિંહ ધોનીને આગામી (૨૦૨૫ની) આઈપીએલ માટે રીટેન કરવા માગતી હશે તો તેને અનકૅપ્ડ પ્લેયર (ભારત વતી એકેય આંતરરાષ્ટ્રીય મૅચ ન રમનાર ખેલાડી) તરીકે ટીમમાં જાળવી શકશે.

જો કોઈ ભારતીય ખેલાડીની નિવૃત્તિને પાંચ વર્ષ પૂરા થઈ ગયા હોય તો ફ્રૅન્ચાઈઝી તેને અનકૅપ્ડ પ્લેયર તરીકે રીટેન કરી શકે અથવા ખરીદી શકે. આ નિયમ ૨૦૦૮ના પ્રથમ વર્ષમાં લાગુ કરવામાં આવ્યો હતો, પરંતુ ૨૦૨૧માં રદ કરાયો હતો. જોકે ૨૦૨૫ની સીઝનથી હવે આ નિયમ પાછો લાવવામાં આવતા ફ્રૅન્ચાઇઝીઓ પાંચ વર્ષ પહેલાં (૨૦૨૦માં કે એ અગાઉ) નિવૃત્ત થઈ ગયેલા ખેલાડીઓને અનકૅપ્ડ પ્લેયર તરીકે રીટેન કરી શકશે.



આઈપીએલની ૨૦૨૨ની સીઝન પહેલાં સીએસકેએ ધોનીને ૧૨ કરોડ રૂપિયામાં રીટેન કર્યો હતો. ૨૦૨૦માં રિટાયરમેન્ટ લીધા પછી ધોની માત્ર આઈપીએલમાં રમ્યો છે. સીએસકે જો હવે ધોનીને રીટેન કરવા માગશે તો તેને અનકૅપ્ડ પ્લેયર તરીકે ચાર કરોડ રૂપિયામાં રીટેન કરી શકશે.

જોકે ૨૦૨૩ની આઈપીએલમાં પાંચમું ટાઇટલ જીત્યા પછી બીજા જ અઠવાડિયે મુંબઈમાં ઘૂંટણમાં સર્જરી કરાવનાર ધોની ૨૦૨૫ની આઈપીએલમાં રમશે કે નહીં એ મોટો સવાલ છે. ૨૦૨૪ની આઈપીએલથી તેણે કૅપ્ટન્સી ઋતુરાજ ગાયકવાડને સોંપી દીધી હતી અને પોતે લગભગ બધી મૅચોમાં નીચલા ક્રમે બૅટિંગ કરવા આવ્યો હતો.

તાજેતરમાં જ ધોનીએ અને સીએસકેએ એક ઇવેન્ટમાં જણાવ્યું હતું કે તેઓ પ્લેયર રિટેન્શનને લગતા નિયમોની જાહેરાત સુધી રાહ જોઈ રહ્યા છે.

### આઈપીએલના બીજા મહત્ત્વના નિયમોમાં થયા આ ફેરફારો...

(૧) આઈપીએલનું દરેક ફ્રૅન્ચાઇઝી હવે વધુમાં વધુ છ ખેલાડીને રીટેન કરી શકશે. રીટેન કરનારા પ્લેયર્સના કૉન્ટ્રૅક્ટ મનીની એક સીઝનની રકમ આ પ્રમાણે રહેશેઃ રીટેન થનારા પ્રથમ નંબરના પ્લેયરને ૧૮ કરોડ રૂપિયા, બીજા નંબરના પ્લેયરને ૧૪ કરોડ રૂપિયા, ત્રીજા નંબરના પ્લેયરને ૧૧ કરોડ રૂપિયા, ચોથા નંબરના પ્લેયરને ૧૮ કરોડ રૂપિયા અને પાંચમા નંબરના પ્લેયરને ૧૪ કરોડ રૂપિયા. છઠ્ઠા એટલે કે અનકેપ્ડ પ્લેયરને ૪ કરોડ રૂપિયા સુધીની રકમ આપી શકાશે.

(૨) ૨૦૨૫ની સીઝન પહેલાંના મેગા ઓકશન માટે રાઇટ ટુ મૅચ (આરટીએમ) વિકલ્પ પાછો લાવવામાં આવ્યો છે. આમાં જો કોઈ ફ્રૅન્ચાઇઝીએ કોઈ ખેલાડીને હરાજી માટે રિલીઝ કર્યો હોય તો હરાજી દરમ્યાન પોતાના એ પ્લેયરને પાછો મેળવવાનો પહેલો હક એ ફ્રૅન્ચાઇઝીને મળશે.

(૩) ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ ૨૦૨૭ સુધી લાગુ રહેશે. આમાં દરેક ટીમ મૅચ દરમિયાન ઇલેવનમાંથી કોઈ એક ખેલાડીની જગ્યાએ કોઈ એક સ્પેશિયાલિસ્ટ બૅટર કે બોલરને ટીમમાં સમાવી શકે છે.

(૪) દરેક ફ્રૅન્ચાઇઝી હરાજીમાં ખેલાડીઓને ખરીદવા પાછળ કુલ ૧૨૦ કરોડ રૂપિયા વાપરી શકશે, કારણ કે આઈપીએલના સત્તાધીશોએ આ રકમ ૧૦૦ કરોડથી વધારીને ૧૨૦ કરોડ રૂપિયા સુધીની કરી છે.

(૫) હવેથી જો કોઈ વિદેશી ખેલાડીને ઑકશનમાં ખરીદવામાં આવશે અને પછી તે ખેલાડી યોગ્ય અથવા વજૂદવાળા કારણ વગર પોતાનું નામ આઈપીએલની એ સીઝનમાંથી પાછું ખેંચી લેશે તો તેના રમવા પર બે વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવશે.

(૬) હવેથી દરેક ખેલાડીને કૉન્ટ્રૅક્ટ મની ઉપરાંત પ્રત્યેક લીગ મૅચ રમવાના ૭.૫ લાખ રૂપિયા મળશે. જો કોઈ પ્લેયરે તમામ ૧૪ લીગ મૅચ રમી હશે તો તેને કૉન્ટ્રૅક્ટ મની ઉપરાંત બીજા કુલ ૧.૦૫ કરોડ રૂપિયા આપવામાં આવશે. ■

# કર્સ્ટન-ગિલેસ્પીની સલાહ પછી પાકિસ્તાની ક્રિકેટરોને બોર્ડની ચેતવણી

કરાચીઃ ૨૦૨૩ના વર્લ્ડ કપમાં બાબર આઝમના નેતૃત્વમાં પાકિસ્તાનની અમદાવાદમાં ભારત સામે જે નામોશી થઈ અને પછી તાજેતરમાં બાંગ્લાદેશ સામે પાકિસ્તાન પહેલી વાર ટેસ્ટમાં હાર્યું એ સાથે પાકિસ્તાની ક્રિકેટરો પર તવાઈ આવી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ ગૅરી કર્સ્ટન અને જેસન ગિલેસ્પીની સલાહ પરથી છથી સાત નૅશનલ ક્રિકેટરોને ચેતવણી આપી છે કે જો તમે ફિટનેસમાં સુધારો નહીં કરો તો તમારી પાસેથી સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટ પાછા લઈ લેવામાં આવશે. પીસીબીએ ગૅરી કર્સ્ટનની નિયુક્તિ વન-ડે અને ટી-૨૦ ટીમના હેડ-કોચ તરીકે અને જેસન ગિલેસ્પીની નિયુક્તિ ટેસ્ટ ટીમના હેડ-કોચ તરીકે કરી છે.

તાજેતરમાં બાંગ્લાદેશ સામે રમાયેલી ટેસ્ટ-સિરીઝ વખતે અમુક ખેલાડીઓએ ટીમના ફિટનેસ ટ્રેઇનર અને ફિઝિયોથેરપિસ્ટની સૂચના મુજબ ફિટનેસ નહોતી જાળવી.

પીસીબીના એક અધિકારીએ ખેલાડીઓને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે 'ફિટનેસની બાબતમાં કોઈ જ બાંધછોડ નહીં ચાલે. ટીમના ફિટનેસ એક્સપર્ટ્સ જે સૂચના આપે એ મુજબ તમારે ફિટનેસ મેળવવી જ પડશે અને જાળવવી જ પડશે. થોડા દિવસ પહેલાં ગૅરી કર્સ્ટન અને જેસન ગિલેસ્પીએ પીસીબીના ચૅરમૅનને સલાહ આપી હતી કે ફિટનેસના સ્તરની બાબતમાં કોઈ પણ ખેલાડીને છૂટછાટ ન આપવી જોઈએ.'

આ ફિટનેસ ખેલાડીની શારીરિક-માનસિક ક્ષમતા, સહનશક્તિ, સ્નાયુઓની સુસજ્જતા તથા અન્ય મહત્ત્વના પરિબળોને લગતી છે.

### મોહમ્મદ યુસુફે સિલેક્શન કમિટી છોડી

ભૂતપૂર્વ ખેલાડી મોહમ્મદ યુસુફે નૅશનલ સિલેક્શન કમિટીમાંથી રાજીનામું આપતાં હલચલ મચી ગઈ છે. તેણે અંગત કારણસર પસંદગીકારનો હોદ્દો છોડ્યો છે. યુસુફે એક્સ (ટ્વિટર) પર લખ્યું છે કે 'આ ટીમ ખૂબ જ સારી છે અને એની સાથે મેં ઘણો સારો સમય વીતાવ્યો. હું આ ટીમને શુભકામના આપું છું.' યુસુફની નજીકના સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તે પોતાની ટીકાઓથી નારાજ હતો. ક્રિકેટ બોર્ડમાંના કેટલાક અધિકારીઓ તેમ જ જુનિયર ખેલાડીઓ તરફથી થયેલી ટીકાને લીધે પણ યુસુફ નિરાશ હતો. મીડિયામાં તેની સતત ટીકા થતાં તેણે ફક્ત કોચિંગ આપવા પર જ ધ્યાન આપવાનું નક્કી કર્યું હોવાનું મનાય છે. ■







**બેન્ગલૂરુમાં ક્રિકેટરો માટેના નવા અદ્યતન સેન્ટરનો આરંભઃ** બેન્ગલૂરુમાં ૨૪ વર્ષ જૂની નૅશનલ ક્રિકેટ ઍકેડેમીને હવે નવું સ્વરૂપ મળ્યું છે. ક્રિકેટ ખેલાડીઓ માટેની અદ્યતન સુવિધાઓ સાથેના 'બીસીસીઆઈ સેન્ટર ઑફ એક્સેલન્સ'નું શનિવારે ક્રિકેટ બોર્ડના સેક્રેટરી જય શાહના શુભહસ્તે ઉદ્‌ઘાટન કરાયું હતું. વીવીએસ લક્ષ્મણ (ડાબે) આ સેન્ટરનો ચીફ છે અને તેણે પત્રકારોને કહ્યું હતું કે 'આ સેન્ટરમાં ભાવિ પેઢીના જ નહીં, પણ વર્તમાન ક્રિકેટરો પણ પોતાની ટૅલન્ટને વધુ ધારદાર બનાવી શકશે અને સર્વોત્તમ સ્તરની ફિટનેસ મેળવી શકશે.' ઍરપોર્ટ નજીકના આ સેન્ટરનાં મેદાનો પર મુંબઈની લાલ માટી, કર્ણાટકની સ્થાનિક માટી અને ઓડિશાની ખાસ માટી વપરાશે. સેન્ટરનાં મેદાનો પર કુલ ૪૫ પ્રૅક્ટિસ-પિચ છે. (પીટીઆઈ)

# ગોલ્ડ રિઝર્વમાં ૭૩ કરોડ ડોલરનો ઉમેરો

## ફોરેક્સ રિઝર્વ ૬૯૨.૩ અબજ ડોલરની નવી ઊંચી સપાટીએ

મુંબઈ : શેર બજારોમાં સતત વિક્રમી તેજીના દોરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ડોલરિયો રોકાણ પ્રવાહ ભારતમાં વહેતો થતો રહેતાં ભારતનું વિદેશી હૂંડિયામણ પુરાંત, ફોરેક્સ રિઝર્વ પણ વધીને ૬૯૨.૩ અબજ ડોલરની નવી રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યું છે. એક સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં ૨.૮ અબજ ડોલરનો જંગી વધારો નોંધાયો છે. જ્યારે સોનાની પુરાંત પણ આ સપ્તાહમાં ૭૨.૬ કરોડ ડોલર વધીને ૬૩.૬ અબજ ડોલર પહોંચી છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ ૨૦, સપ્ટેમ્બર ૨૦૨૪ના પૂરા થયેલા સપ્તાહ માટેના જાહેર કરેલા આંકડા મુજબ ભારતનું ફોરેક્સ રિઝર્વ-વિદેશી હૂંડિયામણની પુરાંત ૨.૮ અબજ ડોલર વધીને ૬૯૨.૩ અબજ ડોલરની નવી વિક્રમી ઊંચાઈએ પહોંચ્યું છે. આ સતત બીજા સપ્તાહમાં દેશના ફોરેક્સ રિઝર્વમાં વધારો થયો છે. અગાઉ ૧૩, સપ્ટેમ્બરના અંતના સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ ૨૨.૩ કરોડ ડોલર વધીને ૬૮૯.૪૬ અબજ ડોલર પહોચ્યું હતું. એસડીઆરઝ ૧૨.૧ કરોડ ડોલર વધીને ૧૮.૫૪ અબજ ડોલર રહી છે. આઈએમએફમાં રિઝર્વ ૬.૬૦ કરોડ ડોલર ઘટીને ૪.૪ અબજ ડોલર રહી છે. રિઝર્વ બેંક દ્વારા રૂપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડાને અટકાવવા માટે સમયાંતરે ડોલરના વેચાણ સહિતના પગલાં ભરાઇ રહ્યા છે.

# ક્રૂડ ઓઈલની આયાતી બાસ્કેટ સરેરાશ ૮૩-૮૪ પ્રતિ બેરલ સામે ઘટીને હાલ ૭૪ પ્રતિ બેરલ

નવી દિલ્હી: ક્રૂડ ઓઇલના ભાવમાં તાજેતરના સપ્તાહમાં થયેલા ઘટાડાથી રિટેલ ઓટો ઇંધણ પરના માર્જિનમાં સુધારો થયો છે, જે સરકારી માલિકીની કંપનીઓને ભાવ ઘટાડવા માટે મદદરૂપ પૂરવાર થઈ શકે છે, એમ રેટિંગ એજન્સી ઇકરાએ ઉમેરીને જણાવ્યું હતું કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨-૩ રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો થઈ શકે છે.

ભારતની સપ્ટેમ્બરમાં ક્રૂડ ઓઈલની બાસ્કેટની આયાત સરેરાશ ૭૪ ડોલર પ્રતિ બેરલ હતી, જે માર્ચમાં લગભગ ૮૩-૮૪ ડોલર પ્રતિ બેરલ હતી જ્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લે લિટર દીઠ ૨નો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઇકરાએ જણાવ્યું હતું. ઇન્ડિયન ઓઇલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) માટે ઓટો ઇંધણના છૂટક વેચાણ પરના માર્કેટિંગ માર્જિનમાં ક્રૂડના ભાવમાં ઘટાડા સાથે તાજેતરના સપ્તાહોમાં સુધારો થયો છે.

જો ક્રૂડના ભાવ વર્તમાન સ્તરે સ્થિર રહે તો છૂટક ઈંધણના ભાવમાં રાહત મળી શકે.

રીપોર્ટમાં અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે કે ઓએમસીની ચોખ્ખી વસૂલાત પેટ્રોલ માટે પ્રતિ લિટર ૧૫ અને ડીઝલ માટે ૧૨ પ્રતિ લિટરની આંતરરાષ્ટ્રીય ઉત્પાદન કિંમતોની સરખામણીએ વધુ હતી.

સપ્ટેમ્બર ૨૦૨૪માં (સપ્ટેમ્બર ૧૭ સુધી) આ ઇંધણની છૂટક વેચાણ કિંમત માર્ચ ૨૦૨૪થી યથાવત છે (૧૫ માર્ચ, ૨૦૨૪ના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો) અને તેમના માટે ઘટાડવાનો અવકાશ હોવાનું જણાય છે.

જો ક્રૂડના ભાવ સ્થિર રહે તો લીટર દીઠ બેથી ત્રણ રૂપિયાનો ઘટાડો થશે. પાછલાં કેટલાક મહિનામાં ક્રૂડના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે, મુખ્યત્વે નબળા વૈશ્વિક આર્થિક વિકાસ અને ઉચ્ચ યુએસ ઉત્પાદનને કારણે અને ઓપેકના સહયોગી દેશોએ ઘટતા ભાવનો સામનો કરવા માટે તેના ઉત્પાદન કાપને બે મહિના સુધી પાછો ખેંચી લીધો છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા ઘટાડાથી, જે રિફાઈનરીઓમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણમાં રૂપાંતરિત થાય છે, એ પેટ્રોલ અને ડીઝલના દરમાં ઘટાડો થવાની આશાઓ ફરી જાગી છે.

જ્યારે પેટ્રોલ અને ડીઝલની કિંમતો નિયંત્રણમુક્ત છે (એટલે કે તેલ કંપનીઓને છૂટક દરો નક્કી કરવાની સ્વતંત્રતા છે), સરકારી માલિકીની ઇંધણ રિટેલર્સ, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ), ૨૦૨૧ના અંતથી કિંમતને અનુરૂપ કિંમતોમાં સુધારો ન કરીને ભાગ્યે જ આ સ્વતંત્રતાનો ઉપયોગ કર્યો છે.

આ સરકારી ઓએમસીએ નવેમ્બર ૨૦૨૧ની શરૂઆતમાં દૈનિક ભાવ સુધારણા બંધ કરી દીધી હતી જ્યારે દેશભરમાં દરો સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયા હતા, જેનાથી સરકારને તેલના નીચા ભાવનો લાભ લેવા માટે રોગચાળા દરમિયાન પ્રભાવિત થયેલા એક્સાઇઝ ડ્યુટી વધારાનો એક ભાગ પાછો ખેંચવાની ફરજ પડી હતી.

# નિફ્ટી માટે ટૂંકાગાળાનો લક્ષ્યાંક ૨૬,૫૦૦: મામૂલી અવરોધો વટાવતો આખલો સહેજ પોરો ખાઈને આગળ વધવા પ્રયાસ કરશે

મુંબઇ: શેરબજારમાં એકધારી તેજીનો માહોલ જોવા મળ્યો હતો અને બેન્ચમાર્કે સતત ત્રીજા સપ્તાહમાં આગેકૂચ જાળવી રાખી છે. આ સપ્તાહે ઊંચા વેલ્યુએશન અને મધ્યપૂર્વની ભૂરાજકીય તંગદીલી વચ્ચે સહેજ રૂકાવટ વચ્ચે પણ કોન્સોલિડેશનનો તબક્કો વટાવીને બજાર આગેકૂચ જાળવી રાખે એવી સંભાવના છે. સાપ્તાહિક ધોરણે માત્ર એફએમસીજી ઈન્ડેક્સ નીચી સપાટીએ ગબડ્યો હતો, જ્યારે મેટલ શેરો સૌથી અધિક વધ્યા હતા. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૭૮.૪૧ લાખ કરોડ રહ્યું હતું, જે ૨૦ સપ્ટેમ્બરના શુક્રવારના અંતે રૂ. ૪૭૧.૭૧ લાખ કરોડ હતું. આમ બીએસઇ પર લિસ્ટેડ કુલ શેરોના માર્કેટ કેપિટલમાં રૂ. ૬.૭ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

ઓટો, ઓઇલ એન્ડ ગેસ, મેટલ અને ફાર્મા શેરોમાં તેજીને ટેકો મળતા એફઆઇઆઇના વેચાણના કેટલાક દબાણ છતાં દલાલ સ્ટ્રીટ પર તેજીવાળાની પકકડ મજબૂત રહેતાં શેરબજારે સમીક્ષા હેઠળના સપ્તાહમાં આગેકૂચ જારી રાખી હતી. તેજીના કારણોમાં વિદેશી ફંડોના મજબૂત આંતરપ્રવાહ, ક્રૂડ ઓઇલન ભાવના ઘટાડા, અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા નોંધપાત્ર રેટ કટ અને ચીનના ઇકોનોમિક સ્ટિમ્યુલસનો પણ સમાવેશ છે.

બજારના નિષ્ણાતોના મતે, પ્રોડક્શન અને સર્વિસસ પીએમઆઇ ડેટા, ઓટો વેચાણના માસિક આંકડા, યુએસ જોબ ડેટા અને આગામી સપ્તાહમાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલના ભાષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને સંભવિત એકત્રીકરણ વચ્ચે એકંદર સેન્ટિમેન્ટ સકારાત્મક રહી શકે છે.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં નિફ્ટી ૫૦ ૨૬,૦૦૦ની ઉપર ટકી રહ્યો હતો અને ૩૮૮ પોઈન્ટ અથવા ૧.૫ ટકા વધીને ૨૬,૧૭૯ની નવી બંધ સપાટીએ પહોંચ્યો હતો અને બીએસઈ સેન્સેક્સ ૧,૦૨૮ પોઈન્ટ અથવા ૧.૨ ટકા વધીને ૨૬,૧૭૯ની નવી વિક્રમી બંધ સપાટીએ પહોંચ્યો હતો.

નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ માત્ર ૦.૩ ટકા વધવા સાથે અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ અડધા ટકાના ઘટાડા સાથે, વ્યાપક બજારોએ બેન્ચમાર્ક સામે નબળું પ્રદર્શન જારી રાખ્યું હતું.

ટેક્નિકલ નિષ્ણાતો અનુસાર નવી ઊંચી સપાટીએ પહોંચ્યા પછી નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ થાક ખાવા માટે વિરામના સંકેતો દર્શાવે છે. દૈનિક ચાર્ટ પર સ્મોલ બેરિશ કેન્ડલની રચના થોડા સત્રો માટે રેન્જ-બાઉન્ડ ટ્રેડિંગમાં સંભવિત શિફ્ટ સૂચવે છે, જે અગાઉના બજારચક્રમાં જોવા મળેલી પેટર્ન છે. જો કે, આ કોન્સોલિડેશન કામચલાઉ રહેવાની ધારણા છે, નજીકના ભવિષ્યમાં વધુ એક અપવર્ડ બ્રેકઆઉટની શક્યતા છે. નિફ્ટી વધતી ચેનલ બ્રેકઆઉટ ઉપર સાપ્તાહિક બંધ સાથે મજબૂતી દર્શાવે છે. ટૂંકા ગાળામાં નિફ્ટી ૨૬,૫૦૦ સુધી આગળ વધી શકે છે.

ક્ષેત્રીય મોરચે, રોકાણકારોનું ધ્યાન આઇટી અને બેંકિંગ સ્પેસ તરફ વળી શકે છે કારણ કે કંપનીઓ આ અઠવાડિયે તેમના પ્રી-ક્વાર્ટરલી અપડેટ્સ બહાર પાડશે. દરમિયાન બીજી ઓક્ટોબરે ગાંધી જયંતિ નિમિત્તે શેરબજાર બંધ રહેશે.

વૈશ્વિક સ્તરે રોકાણકારો ખાસ કરીને સપ્ટેમ્બરની બેઠકમાં નોંધપાત્ર ૫૦ બેસિસ રેટ કટ પછી, યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલના ૩૦ સપ્ટેમ્બરના રોજના ભાષણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ઉપરાંત અમેરિકાના માસિક જોબ ઓપનિંગ્સ અને ક્વિટ્સ, બેરોજગારી દર, નોન-ફાર્મ પેરોલ્સ, વાહનોનું વેચાણ અને યુએસમાંથી ફેક્ટરી ઓર્ડર ડેટા પર પણ રોકાણકારોની નજર રહેશે. સ્થાનિક મોરચે, ઓગસ્ટ માટે રાજકોષીય ખાધ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર આઉટપુટ ડેટા અને ૨૦૨૪ ના જૂન ક્વાર્ટર માટે કરંટ આકાઉન્ટ અને એક્સટર્નલ ડેટના આંકડા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જે તમામ ૩૦ સપ્ટેમ્બરના રોજ નિર્ધારિત છે. વધુમાં, મેન્યુફેકચરિંગ અને સર્વિસીસ પીએમઆઇના સપ્ટેમ્બર ડેટા અનુક્રમે ૧ ઓક્ટોબર અને ૪ ઓક્ટોબરે જાહેર

## ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

કરવામાં આવશે.

એફઆઈઆઈએ છેલ્લા સપ્તાહ દરમિયાન કેશ સેગમેન્ટમાં રૂ. ૩,૯૩૩ કરોડના શેરનું ચોખ્ખું વેચાણ કર્યું હતું, પરંતુ સપ્ટેમ્બરમાં રૂ. ૨૨,૪૦૪ કરોડના ખરીદદારો રહ્યા હતા, જ્યારે સપ્તાહમાં ડીઆઈઆઈ પાસેથી રૂ. ૧૫,૯૬૨ કરોડની જંગી ખરીદી થઈ હતી. મહિના માટે કુલ પ્રવાહ રૂ. ૨૪,૨૧૨ કરોડ થયો છે.

પ્રાથમિક બજારના મોરચે, માનબા ફાઇનાન્સ અને કેઆરએન હીટ એક્સ્ચેન્જરનું લિસ્ટિંગ થશે. ટેક્સટાઇલ ક્ષેત્રની પેરામાઉન્ટ ડાઇ ટેક આજે મૂડી બજારમાં પ્રવેશ કરશે, પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૧થી રૂ. ૧૧૭ છે. ભરણું ત્રીજી ઓકટોબરે બંધ થશે. કંપની વેસ્ટ સિન્થેટિક ફાઇબરમાંથી યાર્નનું ઉત્પાદન કરે છે. લિસ્ટિંગ આઠમીએ થવાની સંભાવના છે. એ જ રીતે, ક્રાફ્ટ પેપર અને ડુપ્લેક્સ બોર્ડનું ઉત્પાદન કરતી સુબમ પેપર્સ પણ આજે મૂડીબજારમાં ભરણું લાવી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૪૪થી રૂ.૧૫૨ પ્રતિ શેર છે. શેરની ફાળવણી શુક્રવારે અને લિસ્ટિંગ આઠમીએ થશે. જ્યારે ડિફ્યુઝન એન્જિનિયર્સ, સાજ હોટેલ્સના ભરણાં બંધ થશે.

ટોચના માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ભારતીય બેન્ચમાર્કે સપ્તાહ માટે ૧.૭ ટકાનો વધારો નોંધાવ્યો હતો, જે સતત ત્રીજી સાપ્તાહિક આગેકૂચને રેખાંકિત કરે છે. આ વલણ પાછલા સપ્તાહના યુએસ રેટ કટ દ્વારા નોંધપાત્ર રીતે પ્રભાવિત થયું હતું. બજારે ફેડરલ રિઝર્વના રેટ કટ અને સ્થિર આર્થિક ડેટા પોઈન્ટ્સને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો, જેણે તેજીને વેગ આપ્યો હતો.

આ ઉપરાંત, ચીનના ઇકોનોમિક સ્ટિમ્યુલસની જાહેરાતે રોકાણકારોના વિશ્વાસમાં વધારો કર્યો છે, જેના પરિણામે વૈશ્વિક બજારોમાં ખાસ કરીને મેટલ્સ અને કોમોડિટી સંબંધિત શેરોએ સારો દેખાવ કર્યો છે, જ્યારે આઇટી અને એક્સપોર્ટ કંપનીના શેરોમાં વધારો થયો છે. ઓઇલ સહિતની કોમોડિટીના નરમ ભાવો સ્થાનિક અર્થતંત્ર માટે અનુકૂળ છે અને સરકારી ખર્ચના વધારાને કારણે કોર્પોરેટ કમાણીમાં સુધારાની અપેક્ષા છે.

એક નોંધપાત્ર બાબત એ છે કે આ રેલીનું નેતૃત્વ મુખ્યત્વે લાર્જ કેપ શેરો દ્વારા કરવામાં આવ્યું હતું, જે મિડ અને સ્મોલ કેપ્સની તુલનામાં પ્રમાણમાં વાજબી મૂલ્ય ધરાવે છે. તેજી માટેનું જોખમ વુ પડતા ઊંચા વેલ્યુએશનમાં છે. ચીન જેવા આકર્ષક વેલ્યુએશનને જોતાં, વિદેશી ફંડો પૂર્વ એશિયન દેશોની બજાર તરફ ફંટાઇ શકે છે. આગળ જતાં રોકાણકારો કમાણી આઉટલૂકમાં સુધારાની અપેક્ષા સાથે બીજા ક્વાર્ટરના કોર્પોરેટ પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

દરમિયાન, નાણા મંત્રાલયે વૈશ્વિક શેરબજારોમાં સંભવિત કરેક્શન અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિભાગે ચેતવણી આપી છે કે શેરબજારમાં આવેલા એકતરફી બુલ રન અને સૌથી મહત્વનું કે ઓવરવેલ્યુએશનને કારણે આગામી સમયમાં બજારોમાં કડાકો આવી શકે છે અને આ કરેકશનની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી શકે છે. નાણા મંત્રાલયે ઓગસ્ટની માસિક આર્થિક સમીક્ષામાં જણાવ્યું છે કે કેટલાક દેશોમાં તાજેતરની મોનિટરી પોલિસી સંબંધિત જાહેરાતોને કારણે શેરબજારમાં તેજી છે અને હવે કરેકશનની શક્યતા વધી ગઈ છે.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેકસ ૧.૪૯ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૩૮ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૧.૨ ટકા, બીએસઈ મિડકેપ ૦.૬૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૨ ટકા વધ્યા હતા. આઈપીઓ ૦.૨૨ ટકા ઘટ્યો અને એસએમઈ આઈપીઓ ૩.૨૪ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર એફએમસીજી ઈન્ડેક્સ ૦.૨૨ ટકા ઘટ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મેટલ ૭.૧૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૫.૮૬ ટકા, ઓટો ૪.૩૪ ટકા, પાવર ૨.૪૪ ટકા, ઈન્ફ્રા ૧.૬૧ ટકા, રિયલ્ટી ૧.૫૫ ટકા, હેલ્થકેર ૦.૬૮ ટકા, ટેક ૦.૬૧ ટકા કેપિટલ ગુડ્સ ૦.૪૫ ટકા, બેન્કેક્સ ૦.૩૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૫ ટકા અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૦.૧૩ ટકા વધ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલા પાંચ શેરોમાં ટાટા સ્ટીલ ૮.૬૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૭.૨૨, મારુતિ ૬.૫૨ ટકા, બજાજ ફિનસર્વ ૪.૬૬ અને સન ફાર્મા ૪.૨૮ ટકા વધ્યા હતા. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૫૮ ટકા, લાર્સન ૨.૪૨ ટકા, કોટક બેન્ક ૧.૭૬ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૧૫ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૭૭ ટકા ગબડ્યા હતા.

એ ગ્રુપની ૭૨૮ કંપનીઓમાં ૩૭૮ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૩૪૯ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો. બી ગ્રુપની ૧,૦૭૯ કંપનીઓમાંથી ૫૨૦ વધી હતી, ૫૫૫ ઘટી અને ચાર સ્થિર રહી હતી. સેન્સેક્સમાંની ૨૪ સ્ક્રિપ્સ વધી હતી અને છ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૭૬ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૪ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૧૩૮ સ્ક્રિપ્સ વધી અને ૬૨ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૮૫ વધી, ૪૭ ઘટી હતી.

સ્મોલ કેપમાંની ૯૫૦ સ્ક્રિપ્સમાંથી ૩૯૫ વધી હતી, ૫૫૪ ઘટી હતી અને એક સ્થિર રહી હતી. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૧૧,૫૩૪.૬૩ કરોડની અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૧૦,૧૩૧.૨૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

# ગ્રોસ રિફાઈનિંગ માર્જીન બેરલદીઠ ચાર ડોલર સુધી ઘટ્યું

નવી દિલ્હી: સિંગાપોર ગ્રોસ રિફાઇનિંગ માર્જિન્સ (જીઆરએમ) ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક (એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫)માં લગભગ ચાર ડોલર પ્રતિ બેરલ સુધી નોંધપાત્ર નરમાઈ જોવા મળી હોવાનું ઇકરાએ જણાવ્યું હતું.

ઉત્પાદનમાં વધુ પડતો વધારો અને સામે ઘટતી માગ સાથે ક્રેક સ્પ્રેડમાં ઘટાડો થયો હોવાને કારણે ઉક્ત પીછેહઠ નોંધાઇ હતી. ઈલેક્ટ્રિક વ્હીકલ (ઇવી)ના વધતા વેચાણ, ઇન્ડસ્ટ્રીની નિરસ માગ અને રિયલ એસ્ટેટમાં મંદીને કારણે ચીનની નબળી માંગને કારણે નકારાત્મક અસર જોવા મળી છે. વધુમાં, નબળા ઔદ્યોગિક પ્રવૃત્તિ અને ઇવી તરફ વાહનોના કાફલામાં માળખાકીય પરિવર્તનને કારણે યુરોપમાં માગ પણ ઓછી થઈ છે. પેટ્રોલ અને ડીઝલ પર પ્રતિ લિટર એકનો માર્કેટિંગ લાભ સ્થાનિક રિફાઇનિંગ અને માર્કેટિંગ ઉદ્યોગ માટે ૦.૯ ડોલર પ્રતિ બેરલના જીઆરએમ નુકસાનની ભરપાઈ કરશે.

# ગ્લોબલ ઈક્વિટી પ્રાઈમરી માર્કેટમાં તેજીનું વાતાવરણ

મુંબઇ: ઇઝરાયલના લેબનોન સાથેના નવા ઘર્ષણ છતાં એકંદર વૈશ્વિક અર્થતંત્ર સામે મંદીનું જોખમ ઓસરવાના સંકેત સાથે ગ્લોબલ સેકન્ડરી માર્કેટમાં તેજીની આગેકૂચ ચાલુ રહી છે. ગ્લોબલ સેકન્ડરી શેરમાર્કેટમાં તેજીના બુલરનનો ફાયદો કંપનીઓ પ્રાઈમરી માર્કેટમાં પણ ઉઠાવી રહી છે. એક બાદ એક મોટા આઈપીઓ બજારમાં પૈસા એકત્ર કરવા આવી રહ્યાં છે અને નાનાથી લઈને મોટા તમામ રોકાણકારો તેને બહોળો પ્રતિસાદ પણ આપી રહ્યાં છે.

# પામતેલના ભાવમાં વાર્ષિક ૧૦ ટકાના વધારા સામે સોયા ઓઈલમાં નવ ટકાનો ઘટાડો

નવી દિલ્હી : પામતેલનું ઉત્પાદન ઘટવાથી પામ ઓઇલે વિશ્વના સૌથી સસ્તા ખાદ્ય તેલ તરીકેનું સ્થાન ગુમાવી દીધું છે. અન્ય ખાદ્ય તેલના પુરતા પુરવઠાને કારણે પામના ખેડૂતો માટે પ્રતિકુળ સ્થિતિ ઉદ્ભવી છે.

સૌથી મોટા ઉત્પાદકોમાં ઘટતા ઉત્પાદન અને અન્ય વિકલ્પના પુરતા પુરવઠાને કારણે પામ ઓઇલે વિશ્વના સૌથી સસ્તા ખાદ્ય તેલ તરીકેનું સ્થાન ગુમાવ્યું છે.

વૈશ્વિક પુરવઠામાં ૮૫ ટકા હિસ્સો ધરાવતા ઇન્ડોનેશિયન અને મલેશિયન પામ વાવેતરો પડકારોનો સામનો કરી રહ્યા છે. નાના ધારકો વૃદ્ધ વૃક્ષોને કાપીને ફરીથી રોપવામાં અચકાતા હોય છે કારણ કે સોયાબીન માટે લગભગ છ મહિનાની સરખામણીમાં નવા વૃક્ષોને ફળ આવવામાં ચારથી પાંચ વર્ષનો સમય લાગી શકે છે.

આ વર્ષે પામના ભાવમાં ૧૦ ટકાનો વધારો થયો છે, જ્યારે યુએસ જેવા દેશોમાં સારા પાકની સંભાવનાને કારણે સોયાબીન તેલમાં લગભગ ૯ ટકાનો ઘટાડો થયો છે. દેશના ટોચના ખાદ્ય તેલ આયાતકારો. ઇન્ડોનેશિયાની બાયોડીઝલની માંગ પણ પામના ભાવને ટેકો આપશે.

પામ ઓઇલનો ઉપયોગ કોમોડિટી પિઝા અને આઈસ્ક્રીમથી લઈને શેમ્પૂ અને લિપસ્ટિક સુધીની દરેક વસ્તુમાં જોવા મળે છે. એનિમલ ફીડ ઉત્પાદકો પણ તેનો એક ઘટક તરીકે ઉપયોગ કરે છે, જ્યારે કેટલાક દેશો પામને બાયોફ્યુઅલમાં પ્રોસેસ કરે છે.

મોસમી પુરવઠા અને માગના પરિબળો શરૂ થયા પછી પામ તેલનું બજાર સંતુલિત થઈ શકે છે. ભારતમાં પામનો વપરાશ સામાન્ય રીતે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં ઘટી જાય છે, જે સૌથી મોટો આયાતકાર છે.

# રિઝર્વ બેંક વ્યાજદર યથાવત રાખશે કે ૦.૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરશે?

## અમેરિકા તથા ભારતમાં આર્થિક વિકાસ દર તથા ફુગાવાના ગણિત વચ્ચે તફાવત છે

મુંબઈ : અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં અડધા ટકાના ઘટાડા બાદ હવે દેશના બેંકરો, ઉદ્યોગો, રોકાણકારો તથા લોનધારકોની નજર હવે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની આવતા મહિનાની બેઠક પર નજર રહેલી છે.

યુકે, કેનેડા તથા યુરોઝોનમાં વ્યાજ દરમાં ઘટાડાના પ્રારંભ થઈ ચૂકયો છે ત્યારે રિઝર્વ બેન્ક પણ તેમના પગલે ચાલશે તેવી ઉદ્યોગો ખાસ કરીને ઓટો ઉદ્યોગ તથા લોનધારકો અપેક્ષા રાખી રહ્યા છે. રિઝર્વ બેન્કે ફેબ્રુઆરી ૨૦૨૩થી ૬.૫૦ ટકા વ્યાજ દર જાળવી રાખ્યો છે.

જોકે, અમેરિકા તથા ભારતમાં આર્થિક વિકાસ દર તથા ફુગાવાના ગણિતો વચ્ચે તફાવત છે તેને ધ્યાનમાં રાખતા રિઝર્વ બેન્ક ફેડરલ રિઝર્વને અનુસરશે તેમ જણાતું નથી, એમ એક સ્ટોક બ્રોકરે જણાવ્યું હતું. નોંધવું રહ્યુ કે, એસબીઆઈના ચેરમેન સી. એસ. શેટ્ટીએ પીટીઆઈને અગાઉ આપેલી એક મુલાકાતમાં ૨૦૨૪માં વ્યાજ દરમાં ઘટાડો જોવા નહીં મળવાની ધારણાં મૂકી હતી. ખાદ્યાખોરાકીના ફુગાવાને ધ્યાનમાં રાખીને તેમણે આ પ્રકારની ધારણાં વ્યકત કરી હતી.

જુલાઈ તથા ઓગસ્ટનો ફુગાવો આરબીઆઈના ચાર ટકાના ટાર્ગેટ કરતા નીચો રહ્યો છે. જુલાઈમાં ૩.૫૪ ટકા તથા ઓગસ્ટનો રિટેલ ફુગાવો ૩.૬૫ ટકા રહ્યો છે. ફુગાવાના ટાર્ગેટ કરતા નીચા સ્તર તથા વર્તમાન વર્ષનું ચોમાસુ સારુ રહેતા રિઝર્વ બેન્ક ઓકટોબરની બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો કરવાનું શરૂ કરશે એમ એક બેન્કરે જણાવ્યું હતું. જો કે ખાદ્યાખોરાકીના ફુગાવાના ઊંચા સ્તરને ધ્યાનમાં રાખતા આરબીઆઈ પા ટકા ઘટાડાથી પ્રારંભ કરશે, એવો તેમણે મત વ્યકત કર્યો હતો. ઓકટોબરની બેઠકમાં વ્યાજ દર ઘટાડવાનું શરૂ કરી ૨૦૨૫ના મધ્ય સુધીમાં આરબીઆઈ એકંદર એક ટકો ઘટાડો કરી રેપો રેટ ૫.૫૦ ટકા સુધી લઈ આવશે તેવી બ્રોકરેજ પેઢી નોમુરા દ્વારા ધારણાં મૂકવામાં આવી છે.

રિઝર્વ બેન્કની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)ની બેઠક સાતથી નવ ઓકટોબરના મળી રહી છે. દેશમાં વાહનોના વેચાણમાં મંદી તથા જંગી ઈન્વેન્ટરીને ધ્યાનમાં રાખી વ્યાજ દરમાં ઘટાડો થાય તે જરૂરી છે એમ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના સુત્રોએ જણાવ્યું હતું. નહીં વેચાયેલા ઊતારૂ વાહનોની સંખ્યા ઓગસ્ટના અંતે ૭.૮૦ લાખ પર પહોંચી ગઈ છે જેનું કુલ મૂલ્ય રૂપિયા ૭૭૮૦૦ કરોડ જેટલું થવા જાય છે.


## પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન

ઈ-ટેન્ડરિંગ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ નંબર W/623/5/1/NIT તારીખ: ૨૭-૦૯-૨૦૨૪

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ) રતલામ ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે આમંત્રિત કરે છે વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર વાટે ઓપન ટેન્ડર ઈ-ટેન્ડર નંબર: RTM-2024-25-93, કાર્યનું નામ: જીડીએ-એનએડી સેક્શન થ્રુ રેલ રીન્યુઅલ (P)-32.851 ટીકેએમ વીથ એન્સિલરી વર્કસ. અંદાજે સંખ્યા: ટેન્ડર શેડ્યુલ પ્રમાણે. અંદાજે કિંમત: રૂ. ૩,૭૩,૧૮,૩૦૬.૪૫/-, અર્નેસ્ટ મની: રૂ. ૩,૩૬,૬૦૦.૦૦/-, પૂરો કરવાનો સમય: ૧૨ મહિના. સમાન પ્રકારનું કાર્ય: કોઈ પણ ટ્રેક વર્ક, વેબસાઈટ પર અપલોડિંગ કરવાની તારીખ: 25.09.2024, ટેન્ડર ખોલવાની તારીખ: 18.10.2024, ઈ-ટેન્ડર નંબર: RTM-2024-25-94, કાર્યનું નામ: ગોધરા-નાગરા સેક્શન-ઈમ્પ્રુવમેન્ટ એન્ડ વાઈડનિંગ ઑફ સેસ વીથ અર્થ વર્ક, અંદાજે સંખ્યા: ટેન્ડર શેડ્યુલ પ્રમાણે. અંદાજે મૂલ્ય: રૂ. ૧૫,૬૪,૪૫,૬૧૨.૭૫/-, અર્નેસ્ટ મની: રૂ. ૯,૩૨,૩૦૦.૦૦/-, પૂરો કરવાનો સમય: ૧૮ મહિના. સમાન પ્રકારનું કાર્ય: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક, વેબસાઈટ પર અપલોડિંગ કરવાની તારીખ: 26.09.2024, ટેન્ડર ખોલવાની તારીખ: 21.10.2024, વિગતવાર ટેન્ડર નોટિસ યોગ્યતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

V/245 ડિવિઝનલ રેલવે મેનેજર (W/A), રતલામ ડિવિઝન, વેસ્ટર્ન રેલવે

અમને લાઈક કરો: facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ચી.એ/B.M./૧૧૮૩૬/II તા. ૨૭/૦૯/૨૦૨૪

### ટુંકી ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | ચી.એ. (બિલ્ડીંગ જાળવણી) |
| પેટા-વિભાગ | ડે. ચી.એ. (બિલ્ડીંગ જાળવણી) પરાં |
| ટેન્ડર નંબર | ૨૦૨૪_MCGM_૧૦૯૪૩૧૪ |
| વિષય | P/નોર્થ વોર્ડમાં માર્વે રોડ, મલાડ (પશ્ચિમ) ખાતે હિંદુ, મુસ્લીમ અને ખ્રિસ્તી સ્મશાનભૂમીનું સ્ટ્રક્ચરલ અને જનરલ રિપેર્સ. (ટેન્ડર ID:- ૨૦૨૪_MCGM_૧૦૯૪૩૧૪) |
| ઈ-ટેન્ડરની કિંમત (૧૮% GST સિવાયની અંદાજિત કિંમત) | રૂ. ૮,૩૮,૮૫,૦૨૦.૦૦/- |
| બારડી | રૂ. ૮,૩૮,૯૦૦/- (URL https://mahatenders.gov.in પર GOMના પેમેન્ટ ગેટવે દ્વારા બારડી) |
| ટેન્ડર-વેચાણ | ૩૦.૦૯.૨૦૨૪ સ. ૧૧.૦૦ ક. થી ૦૯.૧૦.૨૦૨૪ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | સબ એન્જિનિયર - (B.M) W.S. |
| નામ | કોમલ એસ. બડક |
| ટેલિફોન નં. | ૯૯૨૦૮૭૦૩૫૦ |
| ઈમેલ- id | Se01ws.bm@mcgm.gov.in |

સહી/- ડે.ચી.એ.(B.M)પરાં

PRO/1439/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## પબ્લિક નોટિસ

આથી ખબર આપવામાં આવે છે અમો અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ પ્રીમાઈસીસના અમારા અસીલો દ્વારા ખરીદી માટે ડેલ્ટા હાઉસ, ૨ જો માળ, પ્લોટ નં. ૧૨, હોર્નબી વેલાર્ડ એસ્ટેટ, ડૉ. એની બેસન્ટ રોડ, કોપર ચીમનીની બાજુમાં, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮ ખાતે તેમની ઓફિસ ધરાવનાર, તેમના સંબંધિત ટ્રસ્ટીઓ દ્વારા, સદર ત્રણ ટ્રસ્ટો મે. એચ.એમ. હોલ્ડિંગ્સ એન્ડ અંજલિ જે મોદી ટ્રસ્ટ, આરતી જે મોદી ટ્રસ્ટ અને અદિતી જે મોદી ટ્રસ્ટના પ્રોમોટર્સનું ટાઈટલ તપાસી રહ્યા છીએ.

કોઈપણ શખ્સ/સો જે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ સદર પ્રીમાઈસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, ટ્રાન્સફર, એસાઈનમેન્ટ, અદલાબદલી, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીવ & લાયસન્સ, લીયન, મોર્ગેજ, ચાર્જ, બોજા, ટ્રસ્ટ, ઈઝમેન્ટ, ભેટ, વારસો, બીકવેસ્ટ, બીકવેથલ, પઝેશન, હાયપોથીકેશન, લીસ-પેન્ડન્સ કે બીજી કોઈ રીતે કોઈપણ હક્ક, ટાઈટલ કે હિત કે કોઈપણ દાવો કે માંગણી ધરાવતા હોય કે દાવો કરતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને C/o. મે. મુલ્લા & મુલ્લા એન્ડ ક્રેગી બ્લન્ટ & કેરો, એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ, મુલ્લા હાઉસ, ૫૧, મહાત્મા ગાંધી રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે કરે અને વધારામાં ઈમેઈલ દ્વારા ypdandiwala@mullas.net તથા rksatpalkar@mullas.netને પણ કરે, જે આ છપાયાની તા.થી ૧૪ દિવસમાં તેના દસ્તાવેજી પુરાવા/એવીડન્સની સાથે જાણ કરવી જોઈશે, જેના નિષ્ફળ જવા પર, આવા કોઈપણ કથિત દાવા, વાંધા, હિત, હક્ક કે માંગણી આવા શખ્સ કે શખ્સોના હશે તો તમામ હેતુ અને ઉદ્દેશ્ય માટે ત્યજી દીધેલ તરીકે ગણાશે.

અહીં ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ (સદર પ્રિમાઈસિસનું વર્ણન)

"D" વોર્ડ, N.S. પાટકર માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૭ ખાતે સ્થિત પ્લોટ નં. ૪૬૩ અને ૫૪૭ (પ્લોટ નં. ૪૫૮, ૪૫૯, ૪૬૦, ૪૬૨, ૪૬૩ અને ૫૪૭ ધરાવતા ભરતમાં ૩૪૭૬.૬૩ ચો.મી. વિશાળ જમીનનો ભાગ હોઈ) પર બંધાયેલ બિલ્ડિંગમાં ૩ (ત્રણ) રોબોટીક કાર પાર્કિંગ જગ્યાઓના ઉપયોગ કરવા માટેના વિશિષ્ટ હક્ક સાથે નં. P51900053390 ધરાવતા રેરા સાથે રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટ મુજબ નોંધાયેલ "એટલાન્ટિસ વન" (બિલ્ડિંગ ૨) તરીકે ઓળખાતી બિલ્ડિંગના ૧૮મા માળ પર સ્થિત ભરતમાં ૧,૭૮૯ ચો. ફૂટ (રેરા કાર્પેટ એરિયા)નો રહેણાંક ફ્લેટ નં. ૧૮૦૧.

આજ તા. ૩૦મી સપ્ટેમ્બર,૨૦૨૪.

મુલ્લા & મુલ્લા એન્ડ ક્રેગી બ્લન્ટ & કેરો

સહી/-

શ્રી. યઝદી પી. દાંડીવાલા

પાર્ટનર

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે

ટેન્ડર કોરિજેન્ડમ નોટિસ

સીડબલ્યુએમ દાહોદ પશ્ચિમ રેલવે ઓફિસ દ્વારા ઇ-ટેન્ડર ક્રમાંક એમર૪૭ GLRSSL૩૦૨૪૩૦ વિશે સૂચના આપવામાં આવે છે. આ ટેન્ડરના સબમિશન અને ઓપનિંગની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ટેન્ડર સબમિશન અને ઓપનિંગની તારીખ પાછળ ઠેલીને ૧૧-૧૦-૨૦૨૪થી ૨૧-૧૦-૨૦૨૪ રાખવામાં આવી છે. ટેન્ડર દાખલ કરનારાને સૂચના આપવામાં આવે છે કે તે ફેરફાર કરવામાં આવેલા ટેન્ડરના દસ્તાવેજોની નોંધ લે.

V/243 ચીફ વર્કશોપ મેનેજર, દાહોદ, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

ઈ-ટેન્ડર નોટિસ

(ઈ-ટેન્ડર નોટિસ નં.: M 137_MECH_PRTN_TEND_24_16, ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડીવાય ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ એન્ડ વેગન રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, નીચે આપેલ વિગતો મુજબ ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. 1). કામનું નામ: કામના સ્કોપ મુજબ પશ્ચિમ રેલવે, પ્રતાપનગર વર્કશોપ ખાતે BVZI બોગીઓ સહિત ICF બોગીઓની વિવિધ પ્રવૃત્તિઓના કામ. 2). કામની અંદાજિત કિંમત: ₹ 21000561.12/-(રૂપિયા બે કરોડ દસ લાખ પાંચ સો એકસઠ અને પૈસા બાર માત્ર) 3). બિડ સિક્યોરિટી જમા કરાવવી: ₹ 255000/- (રૂપિયા બે લાખ પંચાવન હજાર માત્ર) 4). ટેન્ડર ડોક્યુમેન્ટ ફી: NIL. 5). કોન્ટ્રાક્ટનો સમયગાળો: 24 મહિના. 6). ઓફરની માન્યતા: 90 દિવસ. 7). ટેન્ડર જમા કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: બિડિંગ 28.10.2024 ના રોજ 15:00 કલાકે બંધ કરવામાં આવશે. અને તે જ તારીખે 15:15 કલાકે ખોલવામાં આવશે. 8). વેબસાઈટ વિગતો અને નોટિસ માટેનું સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વેબસાઈટ www.ireps.gov.in ચીફ વર્કશોપ મેનેજરની ઑફિસ, પ્રતાપનગર, પશ્ચિમ રેલવે - 380004

અમને લાઈક કરો: facebook.com/WesternRly 188

## પશ્ચિમ રેલવે-રાજકોટ

વિવિધ કાર્યો

વિદ્યુત વિભાગ (નિર્માણ)

અનુ. નં. 1: ઈ-ટેન્ડર નોટિસ નં. EL/C/RJT/TW-CRANE/2024-25, કામનું નામ: 2 વર્ષ માટે રાજકોટના બાંધકામ હેઠળના 8-વ્હીલર ટાવર વેગન અને વેગન માઉન્ટેડ રેલ ક્રેનની પ્રિવેન્ટિવ જાળવણી અને સમારકામ/ઓવરહોલ. કામની અંદાજિત કિંમત: ₹ 1,34,01096.88/- કાર્ય પૂર્ણ કરવાની અવધિ: 02 વર્ષ. અનુ. નં. 2: ઈ-ટેન્ડર નોટિસ નં. EL/C/RJT/T07/GS/2024-25, કામનું નામ: રાજકોટ-કાનાલુસ વચ્ચે સ્ટાફ ક્વાર્ટર્સ અને સર્વિસ બિલ્ડીંગ્સનું વિદ્યુતીકરણ અને વાયરિંગ. કામની અંદાજિત કિંમત: ₹ 1,71,19,796.68/- કાર્ય પૂર્ણ કરવાની અવધિ: 12 મહિના. ઉપરોક્ત બંને ટેન્ડર માટે: જમા કરાવવાની રાશિ: IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ. બિડ સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય: IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ. ટેન્ડર ફી: IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ. વેબસાઈટ વિવરણ અને સૂચના બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in નોટિસ બોર્ડ અને ઓફિસ. Dy મુખ્ય વિદ્યુત ઇજનેર (બાંધકામ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ - રાજકોટ (ગુજરાત-360001) 101

અમને લાઈક કરો: facebook.com/WesternRly





# કહી ગરમી! કહી ઠંડી!

# મુંબઈમાં વરસાદ ગાયબ, તાપમાનમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગયા આખા અઠવાડિયામાં વરસાદે રી-એન્ટ્રી કરતા વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. શુક્રવારથી જોકે વરસાદે પોરો ખાતા મુંબઈમાં ફરી ગરમી અને ઉકળાટ જણાઈ રહ્યો છે. તો રાજ્યના હિલ સ્ટેશન ગણાતા મહાબળેશ્વરમાં વાતાવરણ એકદમ ઠંડુ થઈ ગયું છે અને શિયાળાની ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

મુંબઈમાં ૨૩થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન મુશળધાર વરસાદ રહ્યો હતો, તેને કારણે મહત્તમ તાપમાનનો પારો ૨૫થી ૨૬ ડિગ્રી અને લઘુતમ તાપમાનનો પારો પણ ૨૨ ડિગ્રીની આસપાસ આવી ગયો હતો. શુક્રવાર સાંજથી વરસાદનું જોર ઘટી ગયું છે અને વાતાવરણ ચોખ્ખું થઈ ગયું છે. વરસાદની ગેરહાજરીમાં તાપમાનનો પારો ફરી ઊંચો જઈ રહ્યો છે. શનિવારે મુંબઈમાં (જુઓ પાનું ૪)

## હવે દક્ષિણ મુંબઈમાં બદલાપુરવાળી

# ક્લાસીસમાં વિદ્યાર્થિની સાથે દુષ્કર્મથી ખળભળાટઃ ત્રણ શિક્ષકની ધરપકડ

### કાઉન્સેલિંગ દરમિયાન કિશોરીએ આપવીતી જણાવીઃ એક આરોપી વિદ્યાર્થિનીને વયસ્કો માટેની ફિલ્મ દેખાડવા થિયેટરમાં પણ લઈ ગયો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બદલાપુરની ખાનગી શાળામાં બે બાળકી સાથે સફાઈ કર્મચારીએ કુકર્મ ઘટનાના પડઘા હજુ શમ્યા નથી ત્યાં દક્ષિણ મુંબઈમાં શિક્ષકના દરજ્જાને કલંક લગાડવાની ઘટના પ્રકાશમાં આવી હતી. નવમા ધોરણની વિદ્યાર્થિની સાથે ક્લાસીસમાં જ અશ્લીલ ચેનચાળા સાથે કથિત દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું તો એક આરોપી વિદ્યાર્થિનીને વયસ્કો માટેની ફિલ્મ દેખાડવા થિયેટરમાં પણ લઈ ગયો હતો. કાઉન્સેલિંગ દરમિયાન કિશોરીએ આપવીતી જણાવતાં પોલીસે ક્લાસીસ ચલાવતા ત્રણેય શિક્ષકની ધરપકડ કરી હતી.

એલ. ટી. માર્ગ પોલીસે આ પ્રકરણે (જુઓ પાનું ૪)

### બદલાપુર કેસઃ ઉલ્હાસનગરમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે અક્ષય શિંદેની દફનવિધિ

મુંબઈઃ બદલાપુરની ખાનગી શાળામાં બે બાળકી સાથે દુષ્કર્મના કેસના આરોપી અક્ષય શિંદેના પોલીસ એન્કાઉન્ટરમાં મૃત્યુ બાદ તેના શબને ભારે બોલીસ બંદોબસ્ત વચ્ચે ઉલ્હાસનગરમાં દફનાવવામાં આવ્યું હતું. બદલાપુરના કુકર્મના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી અક્ષય શિંદેનું છ દિવસ અગાઉ થાણેના મુંબ્રામાં એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. પોલીસ (જુઓ પાનું ૪)


## જો આપનું વતન ભાવનગર હોય અને પર્યાવરણ પ્રત્યે-વૃક્ષો માટે પ્રેમ હોય તો આટલું જરૂર કરી શકો છો

છેલ્લા ૧૪ વર્ષોથી ભાવનગરના શેઠ બ્રધર્સના દેવેનભાઇ શેઠ તેમની એન.જી.ઓ. ગ્રીનસીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભાવનગર શહેરને હરીયાળુ બનાવવા સતત પ્રયત્નશીલ છે તેમના દ્વારા આજ સુધીમાં ૨ લાખ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને વૃક્ષો મોટા કરવામાં આવ્યા છે, જો આપ ભાવનગરના વતની હોય તો આપ પણ આ સેવારૂપી યજ્ઞમાં મદદરૂપ થઇ શહેરમાં વધુમાં વધુ વૃક્ષો નાખવામાં મદદરૂપ થઇ શકો છો, આ માટે આપ શેઠ બ્રધર્સના દેવેનભાઇ શેઠનો ૯૮૭૯૫ ૧૧૩૫૦ નંબર પર સંપર્ક કરી શકો છો, આપ આપના નામનું, આપની કંપનીના નામનું કે આપના સ્વર્ગસ્થ સ્વજનના નામે વૃક્ષારોપણ કરાવી શકો છો, વૃક્ષ સાથેના ટ્રી-ગાર્ડ ની નેઇમ પ્લેટ ઉપર દાતા જે ઇચ્છે તે નામ લખવામાં આવે છે, સંસ્થા ૮0G અને CSR સર્ટીફીકેટ ધરાવે છે.

Green City BHAVNAGAR


# ગોરેગાંવથી મલાડ સ્ટેશન વચ્ચે આજે બ્લોક

મુંબઈઃ આજે ૩૦ સપ્ટેમ્બર મધરાતથી ૦૧ ઓક્ટોબર મંગળવારે સવાર સુધી પશ્ચિમ રેલવેમાં ગોરેગાંવથી મલાડ દરમિયાન જમ્બો બ્લોક રાખવામાં આવ્યો હોવાની માહિતી પશ્ચિમ રેલવેના અધિકારી દ્વારા આપવામાં આવી હતી. ગોરેગાંવથી મલાડ સ્ટેશન દરમિયાન છઠ્ઠી લાઇન બેસાડવાનું કામ હાથ ધરવાનું હોઇ આ બ્લોક રાખવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. બ્લોકને (જુઓ પાનું ૪)

### આ મુજબ દોડશે ટ્રેનો

પશ્ચિમ રેલવેએ આપેલી સૂચના મુજબ સોમવારે મોડી રાતની ચર્ચગેટ-વિરાર લોકલ ૨૩:૨૭ વાગ્યે ઉપડીને મોડી રાતે ૧:૧૫ વાગ્યે વિરાર પહોંચશે. જ્યારે ચર્ચગેટ-અંધેરી લોકલ રાતે ૧:૦૦ ઉપડીને ૧:૩૫ વાગ્યે અંધેરી પહોંચશે. જ્યારે વિરાર-ચર્ચગેટ (જુઓ પાનું ૪)

# મહારાષ્ટ્ર ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દૃષ્ટિએ દેશમાં અગ્રેસરઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પુણેનો ચોમેરથી વિકાસ થઈ રહ્યો છે અને આ વિકાસને માટે રાજ્યસરકાર માળખાકીય સેવા વિકસાવવા માટે કટિબદ્ધ છે એમ જણાવતાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, રાજ્યના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકારની મદદથી વિવિધ પ્રોજેક્ટો અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. આજે રાજ્યમાં વિવિધ ઉદ્યોગો આવી રહ્યા છે અને ઉદ્યોગને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર સહકાર આપી રહી છે. આખા દેશમાં આવેલા કુલ વિદેશી સીધા રોકાણમાંથી બાવન ટકા વિદેશી મૂડીરોકાણ સાથે (જુઓ પાનું ૪)

## પાછોતરા વરસાદે જળાશયોને છલકાવી દીધાં

# આખા વર્ષની મુંબઈની પાણીની ચિંતા ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાની નબળી શરૂઆત અને ત્યારબાદ જુલાઈ મહિનામાં પડેલા મુશળધાર વરસાદે સાતેય જળાશયોની સપાટીમાં વધારો કર્યો હતો અને બાકીની કસર હતી તે પાછોતરા વરસાદે પૂરી કરી દીધી છે. રવિવાર સવારના છ વાગ્યા સુધીમાં સાતેય જળાશોયમાં ૯૯.૦૯ ટકા જેટલો પાણીનો જથ્થો જમા થઈ ગયો છે. તમામ જળાશયો છલકાઈ ગયાં હોવાથી મુંબઈની આખા વર્ષની પાણીની ચિંતા ટળી ગઈ છે.

ચોમાસું વહેલું શરૂ થયું હોવા છતાં જૂન મહિનો લગભગ કોરો ગયો હતો, તેથી જળાશયોનાં તળિયાં દેખાવાં માંડ્યાં હતાં. પાણીનું સ્તર પાંચ ટકા સુધી પહોંચી ગયું હતું. તેથી નાછૂટકે પાંચ જુલાઈ, ૨૦૨૪થી મુંબઈમાં ૧૦ ટકા પાણીકાપ મૂકવો પડ્યો હતો. આ દરમિયાન જુલાઈ મહિનામાં મુશળધાર વરસાદ પડયો હતો અને પૂરા જૂન મહિનાની વરસાદ નામમાત્ર પડ્યો હતો તેની કસર પૂરી કરી નાખી હતી. જુલાઈમાં ચાર મહત્ત્વના (જુઓ પાનું ૪)

# કોઈપણ કિંમતે સત્તા મેળવીશું જઃ શરદ પવાર

### મુખ્ય પ્રધાન પદનો ચહેરો રોહિત પવાર? શરદ પવારના નિવેદન બાદ ચર્ચા

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી નજીક આવતાની સાથે જ બેઠકોની વહેંચણીની ચર્ચાઓએ વેગ પકડ્યો છે અને મહાવિકાસ આઘાડીમાં પણ બેઠકોની વહેંચણી અંગે અંતિમ નિર્ણય થોડા જ દિવસોમાં આવી જશે તેવું લાગે છે. એનસીપી (રાષ્ટ્રવાદી કૉંગ્રેસ-શરદચંદ્ર પવાર)ના વડા શરદ પવારે પણ આગામી દસ દિવસોમાં બેઠકોની વહેંચણીનો નિર્ણય લેવામાં આવશે, તેમ જણાવ્યું હતું.

આ ઉપરાંત વિધાનસભાની ચૂંટણીમાં મહાવિકાસ આઘાડીએ કોઇપણ કિંમતે વિજય મળવવો જ પડશે, તેમ પવારે જણાવ્યું હતું. જોકે, શરદ પવારે આપેલા સૌથી સૂચક નિવેદનમાં રોહિત પવારને મહાવિકાસ આઘાડી પોતાના મુખ્ય પ્રધાનપદનો ચહેરો બનાવી શકે એવું જણાયું હતું. શરદ પવારે રોહિત પવાર વિશે વાત કરતા કહ્યું હતું કે રોહિતે પાંચ વર્ષ સુધી મહારાષ્ટ્રની સેવા કરી છે અને આગળ પણ મહારાષ્ટ્રની સેવા કરતા રહેશે. આમ કહ્યા બાદ પવારે પોતે વિધાનસભ્યથી માંડીને કૃષિ પ્રધાન, ગૃહ રાજ્ય પ્રધાન બન્યા ત્યારથી માંડીને મુખ્ય પ્રધાન બન્યા તેની સફર કહી સંભળાવી હતી. આમ આડકતરી રીતે રોહિત પવારે પણ મુખ્ય પ્રધાન બનવા સુધીની સફર ખેડવાની છે, એમ પવારે કહ્યું (જુઓ પાનું ૪)

# ‘ઇડી અને ભાજપ સાથે મળી ખંડણી વસૂલે છે’

### સંજય રાઉતના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પર ગંભીર આરોપ

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી) તેમ જ ભાજપ પર ગંભીર આરોપો મૂકતા કહ્યું હતું કે ઇડીના અમુક અધિકારીઓ ભાજપના લોકોની સાથે મળીને લોકો પાસેથી મોટી રકમ ખંડણીરૂપે વસૂલી રહ્યા છે. પોતે સત્તામાં આવે ત્યારે આ બધી જ ગેરકાયદે પ્રવૃત્તિઓ લોકોની સામે લાવશે, તેમ પણ રાઉતે કહ્યું હતું.

આ બધી ગેરકાયદે પ્રવૃત્તિઓ વિશે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ જાણતા હોવાનો આરોપ પણ સંજય રાઉતે મૂક્યો હતો. પત્રકારો સાથે વાતચીત દરમિયાન રાઉતે કહ્યું હતું કે જીતુ નવલાની નામનો એક ઇડીનો એજન્ટ લોકો પાસેથી ખંડણી વસૂલવામાં સંડોવાયેલો (જુઓ પાનું ૪)


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



# દાદરની મહિલા સાથે ૫.૮૭ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ

### પુણેમાં આરોપી પકડાયો

થાણેઃ આર્થિક ગેરરીતિમાં આધાર કાર્ડનો ઉપયોગ થયો હોવાથી ગુનામાં સંડોવણીનો ભય બતાવી દાદરની મહિલા સાથે ૫.૮૭ કરોડ રૂપિયાનું કથિત સાયબર ફ્રોડ કરવામાં આવ્યું હતું. આ પ્રકરણે સાયબર પોલીસે પુણેથી આરોપીની ધરપકડ કરી હતી.

સેન્ટ્રલ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ વિજય ગૌતમ ઘોડકે તરીકે થઈ હતી. પુણેના ઉંડ્રી પરિસરમાં રહેતા ઘોડકેના બૅન્ક ખાતામાં સાયબર ફ્રોડમાંથી ૧.૨૫ કરોડ રૂપિયા જમા થયા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર દાદર પૂર્વમાં રહેતી ૪૭ વર્ષની હેલ્થ એડવાઈઝરને ૩૦ માર્ચે રાહુલ દેવ નામના શખસે કૉલ કર્યો હતો. મહિલાના નામે ઈરાનમાં એક પાર્સલ મોકલવામાં આવ્યું હતું, જેમાંથી પાંચ બોગસ પાસપોર્ટ, એમડી ડ્રગ્સ, લૅપટોપ સહિતની વસ્તુઓ મળી હોવાનું આરોપીએ કહ્યું હતું. પાર્સલ મોકલવા અને આર્થિક ગેરરીતિ માટે મહિલાના આધાર કાર્ડનો ઉપયોગ થયો હોવાનું પણ કહેવામાં આવ્યું હતું.બાદમાં મહિલા પોલીસ અને બોગસ ડેપ્યુટી પોલીસ કમિશનરે વાત કરી મહિલાને કેસમાં સંડોવવાનો ભય બતાવી વિવિધ બૅન્ક ખાતાંમાં નાણાં જમા કરાવવાની ફરજ પાડી હતી. ■






"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.